કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
સંસ્થાપક · રવિશંકર રાવળ · વર્ષ ઓગણત્રીસમું · અંક પાંચમો ·
મે ઈ. સ. ૧૯૫૨ · તંત્રી બચુભાઈ રાવત · સળંગ અંક ૩૪૧મો



'નાનો નેપાલી' (બાળકના ચીંથરિયા વાઘાથી માંડીને તેના મુગ્ધાશ્ચર્યભાવ સુધીની બધી સ્વાભાવિકતાને ફોટોકલાકાર શ્રી આર આર. ભારદ્વાજે આ ચિત્રમાં [illegible] વ્યક્ત કરી છે.)



સાગરતીરે સૂર્યાસ્ત · ચિત્રકાર : દેવીપ્રસાદ રાયચોધરી (કલાકારના સૌજન્યથી)



ચિત્રો

નાનો નેપાલી	ફોટો • આર. આર. ભારદ્વાજ	પૂઠા ૩પર
સાગરતીરે સૂર્યાસ્ત	દેવીપ્રસાદ રાયચૌધરી	ત્રિરંગી મુખચિત્ર.
ભાત	ચિત્રકાર • યજ્ઞેશ્વર શુક્લ	પાછલા પૂઠામાં

કાવ્યો

તારાં નેણ	ભાનુપ્રસાદ ત્રિવેદી	૧૪૩
મન રે મારું—	ગીતા કાપડિયા	૧૪૩
વેળા	'મોહિનીચન્દ્ર'	૧૪૩
પ્રણય પોશણું	શારદ ગાંધર્વ	૧૪૩

ચરિત્ર

આર. કે. લક્ષ્મણ કટાક્ષકલાકાર	જયંતીલાલ કા. પટેલ	૧૪૪
બાંધગઠરિયાં [આપકથા–૨૯]	ચન્દ્રવદન ચીમનલાલ મહેતા	૧૪૬
જોડાસાંકોર ધારે [૬–કાન-નગર]	રમણિક મેઘાણી	૧૫૯

નાટિકા

હુઆ તો વિવાહ	શિવકુમાર જોષી	૧૪૭

લેખો

કેળવણીની સફળતા	રવિશંકર રાવળ	૧૪૩
હાડકાં [કાયાની કરામત–૨૦]	ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	૧૫૧
બનાસકાંઠાની કલાસમૃદ્ધિ	રામપ્રસાદ શુક્લ	૧૬૧

વિભાગો

લક્ષ્મણની કટાક્ષકલા [ચિત્રબોધ]		૧૪૨
उत्तमधनमेतत्त्रितयं [સુભાષિત–૧૨]	ર. ભી.	૧૬૩
ટિકિટો ઉપર ગયા બે દાયકાનું જર્મની	ગિરધારીલાલ શ્રૉફ	૧૬૪
પચ્ચીસ વર્ષ પહેલાં		૧૬૬
માધુકરી [ચીન ગએલું ભારતીય પ્રતિનિધિમંડળ]		૧૭૧
બામણી મેના [માસમાસનાં પંખી–૭૬]		૧૭૧
આ માસ ઇતિહાસમાં [વ્યક્તિવિશેષ : પંડિત મોતીલાલ નેહરૂ]		૧૭૪
છેલ્લું પાનું		૧૭૫

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી. મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના



મોરારજીઃ માન ન માન, મૈં તેરા મહેમાન
(પાછલે બારણેથી પ્રધાનપદ લેવા ઉપર કટાક્ષ)



શ્રદ્ધાઃ
જવાહરલાલ માને છે કે
કાશ્મીરનું કોકડું ગૂંચવાયું
હોવા છતાં તેનો ઉકેલ
સ્પષ્ટ છે



ભાવિ ઉજ્જવળ છે!
વિરોધી વિચારો વાળી કૉંગ્રેસને એક રાખવા મથતા જવાહરલાલ



રુબાયાતે મુનશી
(ખોરાકની તંગી છતાં બીજી સુફિયાણી વાતો કરતા મુનશી)



દુનિયાને દીવાસળી ચાંપનારાઓ
(મૂડીવાદ ને સામ્યવાદઃ વિશ્વયુદ્ધનો ભય)

ભારતના કટાક્ષ કલાકારોમાં દિલ્હીના જાણીતા કલાકાર શંકર પછી, વિચારની નવીનતા, કટાક્ષની તિખાશ ને આલેખનની સચોટતાથી જો કોઈ કલાકાર સૌથી વધુ લોકપ્રિય થયો હોય તો તે 'ટાઇમ્સ ઑવ ઇંડિયા'નો વ્યંગ-કલાકાર આર. કે. લક્ષ્મણ. આ અંકમાંના એમના પરિચયલેખ (જેમાં ખાસ 'કુમાર' માટે લીધેલી એમની મુલાકાતનો અહેવાલ પણ આવી જાય છે તે) ને અનુસંધાને 'ટાઇમ્સ ઑવ ઇંડિયા'માંથી ચૂંટેલાં આ ઉપરનાં વ્યંગચિત્રોનો સમૂહ પ્રતીતિજનક થઈ પડશે. કોઈ પણ પક્ષે પ્રીતિ કે ભીતિ રાખ્યા વિના સત્યદર્શન કરાવવાની એમની વિશિષ્ટ રીતનાં એ ઉદાહરણો છે. (કલાકાર તથા પ્રકાશકના સૌજન્યથી)

તારાં નેણ

· વસંતતિલકા ·

આ આભનું અતલ ઢાંકી રડે છ મેઘ
ને તોય તે વીજલ હાસ્ય કરે અકાળે;
ખાલી જરા હૃદય થાય—ન થાય ત્યાં તો
શી ઊર્મિની સઘન રૂપ-કમાન વાળે!
આવી કશી અકલ એ ગતિ હું નિહાળું
તારાં રહસ્યમય નેણ મહીં સુચારુ!

ભાનુપ્રસાદ ત્રિવેદી

સુંદર નવી કલ્પના કરી છે: આભના અતલની સાથે પ્રિયજનનાં નેણ સરખાવીને. એ અતલને ઢાંકીને મેઘ રડે છે, ને છતાં એમાં વીજળી અકાળે હસી ઊઠે છે; ને એમ એનું હૃદય થોડુંઘણું ખાલી થાય—ન થાય ત્યાં તો પોતાની ઊર્મિનું મેઘધનુષ એ ખેંચે છે! તારાં રહસ્યભર્યાં નેણનું પણ આવું જ કાંઈક છે.

મન રે મારું—

મન રે મારું બાવળ કેરી શૂલ,
સ્પર્શે એને ખૂંચતું એમાં
અડનારાની ભૂલ.—મન૦
રૂપહીણું, નહિ વાસ રે એમાં,
ગુણની યે ના આશ છે જેમાં,
જગ એને તરછોડતું તો યે
મુજને એ અણમૂલ.—મન૦

ગીતા કાપડિયા

વેળા

· મિશ્ર ·

પ્રભાત તારા પગલે સુપાવન,
મધ્યાહ્ન તારા ઉરનું રસાયન,
સંધ્યા ઝરે રંગ અનંગ તારો,
રાત્રિ બને ચેતનનો ફુવારો.

પ્રત્યેકમાં તારી નિગૂઢ હેલા,
મારે નકામી નથી કોઈ વેળા.

'મોહિનીચન્દ્ર'

બાવળની શૂળ જેવી અળખામણી ને ઉગ્ર વસ્તુને 'મન' સાથે સરખાવનારની શી કલ્પના છે! અને શું અરમાન છે?! કોઇ એને અડે, તો ખૂંચે ય ખરું! એમાં ભૂલ તો અડનારની! શા માટે છંછેડવા આવે એને? દુનિયાને મન ભલે એ બાવળની શૂળ જેવું—રૂપ, ગુણ કે વાસ વિનાનું રહ્યું; મને તો અણમૂલ છે. ઉપેક્ષિતના ગૌરવની શી સુંદર અભિવ્યક્તિ!... ને એની પડખેના મુક્તકમાં જુઓ: નિશદિનની એકેએક વેળામાં પ્રભુની ગૂઢ લીલા જોનાર હૃદય અહોભાવથી એને જે જૂજવા રૂપે નિહાળે છે એનું રૂપક સૌંદર્ય.

પ્રણય પોયણું

· શિખરિણી ·

અહો આ કાસારે કુમુદ વિકસે કુન્દધવલ,
જલે ઝૂલે લીલાં દલયુગલને સંપુટ; અહીં
ધરા જાણે ધારે ગગન તણી એવી પ્રતિછવિ;
નભે ભૂરા શોભે પૂનમ શશી જે શ્વેત વિમલ.
વ્યથા-આનંદોના દ્વય પરણની અંજલિ મહીં,
કશાં ઊંડાં ઘેરાં હૃદયજલમાં, મુગ્ધ મુકુલ
ધર્યું ઝંખાઝૂલ્યું પ્રણય રૂપ તે પોયણું, કવિ.

શારદ ગાંધર્વ

પ્રણયને પોયણાની ઉપમા આપતું આ કાવ્ય પણ નવી કલ્પના લઇને આવે છે: સરોવર-જલમાં લીલાં પાંદડાં વચ્ચેથી ધોળું પોયણું ઊઘડે છે, તે જાણે ભૂરા આકાશમાં શોભી રહેલા શ્વેત-વિમલ પૂનમ-ચંદ્રની પ્રતિછબિ ન હોય! અને એ જ રીતે આ મારા ઘેરા હૃદયજલમાં, વ્યથા અને આનંદ રૂપી બે પાંદડાંની અંજલિ વચ્ચેથી ઝંખનાએ ઝૂલી રહેલું મુગ્ધ મુકુલ ને પ્રણય રૂપ પોયણું છે.

કેળવણીની સફળતા

(શ્રી રવિશંકર રાવળ)

શું આપણી કેળવણીથી ભણેલા વિદ્યાર્થી અભણ કરતાં વધારે કાર્યપરાયણ, માહિતી-પૂર્ણ અથવા વ્યવસ્થિત કાર્યશક્તિવાળા બની શકયા છે? માધ્યમિક કેળવણી પૂરી થતાં જે લાખો વિદ્યાર્થીઓ સંસારમાં પ્રવેશ કરે છે તેમને શાળાની કેળવણી કેટલે અંશે અને કયા પ્રકારે સદ્યસાધન નીવડી છે એનો કોઈ કેળવણીકારે નિશ્ચિત જવાબ આપ્યો છે?

જ્યારે તે શાળા છોડી જીવનનું સુકાન પોતાના હાથમાં લે છે ત્યારે જ તેને સમજાય છે કે ગોખેલા વિષયો કરતાં સમજણમાં ઉતારેલા કે ક્રિયાથી અનુભવસિદ્ધ કરેલા વિષયો જ તેને ખરેખરા ઉપયોગી બને છે.

માપો, આકારો, રંગો, પ્રમાણો વગેરે જે અક્ષરજ્ઞાનથી પ્રાપ્ત થતાં નથી પણ ક્રિયા ને સ્વપ્રયત્નથી જ અનુભવમાં ઉતારી શકાય છે તે તરફ કેળવણીમાં આજ સુધી ઉપેક્ષા થઇ છે. અને તેથી જ લાખો મૅટ્રિક થએલા કે કૉલેજ-કોર્સમાં પસાર થએલા વિદ્યાર્થીઓ સંસારમાં અનુભવાર્થીઓ કરતાં પાછળ જ રહી જાય છે. આ દિશામાં યુરોપ-અમેરિકાના કેળવણીકારોએ જે પ્રયત્નો ને સુધારા કર્યા છે, તેતરફ આપણા કેળવણીકારોનું હજુ પૂરતું ધ્યાન ગયું નથી, યા તો ઉપરવાઇ છે.

એમની એ તાલીમ એટલી વ્યવસ્થિત, પદ્ધતિપૂર્ણ અને પ્રયોગસિદ્ધ હોય છે કે તેઓ સમાજમાં દાખલ થાય છે તે ઘડીથી જ તેઓ સમાજનાં ઉત્પાદક તત્ત્વ બની જાય છે. આ જાતનો તેમનો વિકાસ કરવા સાથે, તેમની દરેક જીવનપ્રવૃત્તિમાં ઉપયોગી થાય, સંસ્કારદાતા બને એવી કળા વિજ્ઞાન અને ઉદ્યોગની પાયાની કેળવણી અપાઈ હોય છે. એની સાધારણ સમજ આ રીતે આપી શકાય:

(૧) પદાર્થનાં ઘાટ, રૂપ તથા રંગ ઓળખવાં એ કલાવૃત્તિના પોષણથી થાય; (૨) પદાર્થના ગુણદોષ તપાસવા એ વિજ્ઞાનવૃત્તિના પોષણથી; અને (૩) પદાર્થનો ઉપયોગ કરી જાણવો તે ઉદ્યોગવૃત્તિના વિકાસથી થાય.

આમ સંયુક્તપણે પદાર્થ, ક્રિયા ને સર્જનનો મેળ કરવાથી તેઓ સમાજને જે સુંદર ને વ્યવસ્થિત આયોજન આપી શકે તેમાં જ તેમની કેળવણીની સાર્થકતા છે.

[દસમા ચરોતર-વિદ્યાર્થી-ચિત્રકલા-પ્રદર્શન સમયના પ્રમુખ તરીકેના પ્રવચનમાંથી]

ભારત અને સમસ્ત પૂર્વ દેશોમાં વધારેમાં વધારે લોકોને હસાવતા

કટાક્ષકલાકાર આર. કે. લક્ષ્મણ



આર. કે. લક્ષ્મણે કરેલો પોતાનો સ્કેચ

'ટાઇમ્સ ઑવ ઇંડિયા'ની ભવ્ય ઈમારતને ત્રીજે માળે, કલાવિભાગમાંની પોતાની કૅબિનમાં પેન્સિલ છોલતાં છોલતાં, બીજા દિવસના અંક માટેના વ્યંગચિત્રનો વિચાર કરતા અઠ્ઠાવીસ વરસના એક જવાનિયાને જોઈને પહેલાં તો તમને માન્યામાં જ ન આવે કે પોતાની તીખી કલમથી દર અઠવાડિયે ભલભલા રાજપુરુષો ને મહાપુરુષોનાં છોડિયાં પાડી નાખનાર વિરલ પ્રતિભાવાન કલાકાર આર. કે. લક્ષ્મણ તે આ જ! ને બીજું સાનંદ આશ્ચર્ય તમને એ જાણીને થાય કે મદ્રાસના જાણીતા અંગ્રેજી વાર્તાકાર અને લેખક આર. કે. નારાયણના એ નાનાભાઈ થાય!

મદ્રાસ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના વિષયો સાથે ગ્રૅજ્યુએટ થએલા હોવા છતાં, એમણે ભાવિ કારકિર્દીના સરળ દેખાતા પંથે ન જતાં પોતાના છેક નાનપણથી જ રસના વિષય બનેલા 'કાર્ટૂનિસ્ટ'ના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. એ કહે છે કે અભ્યાસકાળ દરમ્યાન પણ પોતાની લગની અને ધૂન તો 'વ્યંગચિત્રો'ની જ હતી. કાર્ટૂનો દોરવા સિવાય બીજી કોઈ વાતમાં રસ નહોતો પડતો. અને એ દિશામાં જરૂરી એવાં બધાં જ પાસાંનો એકનિષ્ઠ અને ચિવટપૂર્વકનો અભ્યાસ એ કરી ચૂકયા છે.

મદ્રાસના જાણીતા સિને-ફીલ્મ-ઉત્પાદક 'જેમિની સ્ટૂડિયો'માં તેમણે શરૂઆતમાં હાલતાંચાલતાં કાર્ટૂન-ચિત્રોની ફિલ્મો માટે 'ઍનીમેટેડ કાર્ટૂનો' દોરવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેમાં સફળ નિષ્ફળતા પામ્યા! પછી મદ્રાસનાં સ્થાનિક અઠવાડિકો તથા દૈનિકોમાં કાર્ટૂનો કરવા માંડયાં. તેમાંની આશાસ્પદ કલમ મુંબાઇના જાણીતા પત્રકાર શ્રી એસ. સદાનંદે પારખી અને પોતાના દૈનિક 'ફ્રી પ્રેસ જર્નલ' માટે તે એમને મુંબાઈ ખેંચી લાવ્યા. એ પત્રમાં તેમણે કરેલી રીતસરની શરૂઆત ઉત્તરોત્તર એટલી વિકસતી ગઇ કે 'ટાઈમ્સ ઑવ ઈંડિયા' જેવા પીઢ ને પ્રતિષ્ઠિત પત્રનું ધ્યાન પણ તેના તરફ ખેંચાયું; અને Denleyના નામથી વ્યંગચિત્રો કરતા પોતાના કાર્ટૂનિસ્ટ Leyden અન્યત્ર રોકાયા ત્યારે તેણે લક્ષ્મણને પોતાને ત્યાં ખેંચી લીધા. આવડું વિશાળ ક્ષેત્ર મળતાં સ્વભાવિકરીતે જ પ્રતિભાને પોરસ ચડે. અને ત્યાર પછી પોતાની પીંછી વડે લાખો લોકોને ગલગલિયાં કરાવતા લક્ષ્મણે દેશના પ્રશ્નોને જે સચોટતાથી પ્રજાના હૈયામાં ઉતારી દીધા છે તે તો હવે રોજેરોજનો બનાવ છે.

મનમાં કંઈ કંઈ કલ્પના કરતાં 'ટાઇમ્સ ઑવ ઇંડિયા'ના ત્રણ માળ ચડીને તમે તેના ચિત્રવિભાગમાં એમની સમક્ષ આવીને ઊભા રહો એટલે એક વ્યંગચિત્રકારને મળતાં અગાઉ તમારા દિલે કરેલા બધા ખ્યાલો ખોટા પડે. પહેલી નજરે તો તમને લક્ષ્મણ અત્યંત સ્વસ્થ ને શાંત માણસ લાગે. પણ એ સ્વસ્થતાની પાછળ કોઇ પણ વસ્તુનું હાર્દ પકડી લેવાની રહેલી વેધક દૃષ્ટિનો પરિચય તો એમની સાથે થોડી વાત કરતાં જ થઇ જાય છે. બપોરનું ખાણું લેતી વખતે એ કંઈ જાતજાતના રંગે રંગાએલા માણસો જોડે ગપ્પાં મારી શકે છે. ને રેસ્ટોરાંમાં જ ખાણું લે છે એટલે સ્વાભાવિકરીતે એ વાત સ્પષ્ટ સમજાશે કે 'ઘર માંડવા'ના પ્રયાસમાં હજુ એ સફળ થયા નથી!

ચેતના રેસ્ટોરાંમાં 'કુમાર'નો અંક મેં તેમના હાથમાં મૂકતાં જ કલામાં રસ લેનાર ગુજરાતી તરીકે મને ઓળખી કાઢયાં ને એમણે તરતજ કહ્યું કે કાર્ટૂનકલામાં ગુજરાતનો ફાળો વિશિષ્ટ છે.

એમની સમક્ષ પહેલો પ્રશ્ન રજૂ કરતાં મેં પૂછયું કે રાજકીય વ્યંગચિત્રની વિશિષ્ટતાઓ શામાં રહી છે? તેમણે કહ્યું કે 'એ કલાના વિકાસ માટે આપણે ત્યાં હજી ખૂબ વિશાળ ક્ષેત્ર પડયું છે. એ ક્ષેત્રના શરૂઆતના ખેડાણનો યશ શંકરને ફાળે જાય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં એનો સાચો પ્રતિભાશાળી કલાકાર 'ડેવિડ લો' છે. કટાક્ષકલાકાર વિષે લોનું પેલું સૂત્ર છે: 'Nuisance dedicated to sanity' (ડહાપણની સેવામાં સમર્પિત ઉપદ્રવ)! એ નાનાસરખા વાકયમાં વ્યંગચિત્રકારના વ્યક્તિત્વની ખૂબ સુંદર અને ચોટદાર સમજ તેણે આપી દીધી છે. અને વિખ્યાત વ્યંગ-





ડાબી બાજુ: શ્યામાપ્રસાદ મુખર્જી; જમણી બાજુ: રાધાકૃષ્ણન્
વ્યંગ ચિત્રોમાં માત્ર થોડી ચોટદાર રેખાઓમાં પાત્રોનું સુરેખ વ્યક્તિત્વ ઉઠાવવાની લક્ષ્મણની કલમની તાકાતના બે નમૂના



દેશનું ગૌરવ જાળવો!

શ્રી લક્ષ્મણ જેને પોતાનું પ્રિય પાત્ર કહે છે તે 'સામાન્ય માનવી' (કૉમન મૅન) પાસેથી, દેશનું ગૌરવ જાળવવા માટે શી અપેક્ષા રાખવામાં આવે છે તે વિષેનું 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'માં આવેલું આ સચોટ કટાક્ષચિત્ર છે. કાળી ટોપી, થોડાં તણખલાં મૂછો અને નબળા દેહવાળા ભારતીય જને જો દેશનું ગૌરવ (તેના પ્રતીક તરીકે પાર્લામેન્ટનું મકાન) ઉન્નત રાખવું હોય તો (કટાક્ષકલાકાર કહે છે કે) 'ખોરાકપ્રધાન મુનશી જે આપે તે ખાઓ; શ્વાસોચ્છ્વાસ લેતાં તમને નાણાંપ્રધાન દેશમુખ સમજાવશે; પરદેશો સાથેના સંબંધો જવાહરલાલ કહે તે રીતે જાળવો, અને વ્યાપારપ્રધાન મહેતાબ તમારે માટે કાપડ મેળવી આપે ત્યાં સુધી સૂર્યસ્નાન કરો! (કલાકાર તથા પ્રકાશકના સૌજન્યથી.)

કલાકાર 'વિકી'નું સૂત્ર 'Cartoonist makes politicians' (વ્યંગકલાકાર જ રાજપુરુષોને સર્જે છે) એ તો આ યુગમાં વ્યંગચિત્રકારે મેળવેલો વિજય દર્શાવે છે.

વળી જગત જેવું છે તેવું અને જેવું હોવું જોઇએ તેવું, એ બે વચ્ચેના તફાવતને જોઈ તથા દર્શાવી શકે એ વ્યંગચિત્રકારનું આવશ્યક તત્ત્વ છે. વ્યંગચિત્રકાર હસતાં હસતાં પોતાની લાક્ષણિક શૈલીમાં પ્રબળ રીતે એ રજૂ કરે છે. આમ રાજકીય વ્યંગચિત્રકારનું કામ નેતાઓના ગુણદોષ દર્શાવવા, ઉપરાંત સામાન્ય નાગરિકને તેની ફરજ પ્રત્યે સભાન કરીને, મનુષ્ય સ્વભાવની ખૂબીઓ સાથે વર્તમાન સમયનું સાચું મૂલ્યાંકન કરાવવાનું છે. આ કાર્ય વ્યંગચિત્રકાર સીધી કરતાં આડી રીતે કરીને, એટલે કે બેવકૂફાઇને ઉઘાડી પાડીને, શઠતાને સ્પષ્ટ કરીને અને મૂર્ખતા પ્રત્યે ખડખડાટ હસીને પાર પાડે છે. પોતાનું વેધક તીર તે ધારેલી જગ્યાએ મારે છે, અને મારીને માત્ર અનિષ્ટનો નાશ જ નથી કરતો, પરંતુ કોઈ અજબ રીતે અનિષ્ટના વિનાશની સાથોસાથ ઇષ્ટનું સર્જન પણ કરે છે. એ અસત્ય રજૂ નથી કરતો, પરંતુ માત્ર સત્યની જ અવળી બાજુ બતાવે છે, જેથી સત્યને લોકો પિછાને. આમ, તેનાં ચિત્રો અખાની અવળવાણી જેવાં હોય છે.



મેં બીજો પ્રશ્ન પૂછ્યો: 'વ્યંગચિત્રકાર થવાની શરૂઆત કરનારને તમે શાં સૂચન આપો છો?'

'એવાઓએ તો ક્યારની ય શરૂઆત કરી જ દીધી હશે. આ કલા કાંઈ કોઈના કહેવાથી તમે કરો અને સફળતા પામો તેવી નથી. તેને માટે કટાક્ષને ટીખળથી જોવાની દૃષ્ટિ શરૂ-

(ઉપર) કૃપાલાની : 'કંઇક તો આવશે! ભીરૂં ધીરજનાં ફળ' : ચૂંટણીમાં પોતાના પક્ષને થોડીક સફળતા તો મળશે જ એવી આશા સેવતા કૃપાલાનીને પાણીના ડોલમાંથી માછલાં પકડવાનો પ્રયાસ કરતા ચીતર્યા ને કટાક્ષ કર્યો છે. આવાં જ બીજા વ્યંગચિત્રો માટે જુઓ પહેલું પાનું



'સન ડે ન્યુસ ઑાવ ઇંડિયા'માં આવતી 'બાપુ અને ભૈયા'નાં પરાક્રમોની શ્રી લક્ષ્મણની કૉમિક સ્ટ્રિપ (હાસ્ય પટ્ટીઓ) પૈકી-ની ત્રણના નમૂના. (કલાકાર અને પ્રકાશકના સૌજન્યથી)

આતથી જ હોય. જોકે એટલું જ બસ નથી. બીજા બધા વિષયોની માફક આમાં પણ ચિત્રકળાનો શાસ્ત્રીય અભ્યાસ જરૂરી છે બાકી, માત્ર ચિત્ર કલાના બધા નિયમો જ જાણી લેવાથી, વ્યંગચિત્રકારની પ્રતિભા વિના, કોઈ હાસ્ય નિષ્પન્ન કરી શકે કે કેમ તે કહેવું કઠણ છે. એટલે મુખ્ય વાત તો એ પ્રતિભા હોવાની છે. એ હોય તો પછી ચિત્રકલાની અમુક સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી તે તેની પોતાની શૈલી શોધી કાઢે છે. પરંતુ તે અગાઉ પીઠિકા તરીકે ચિત્રકલાના શાસ્ત્રનો અભ્યાસ તો ખાસ જરૂરી છે જ. જેમ એક ડૉક્ટર, એન્જિનિયર કે સ્થપતિમાં તેના ધંધાની ઝીણામાં ઝીણી શાસ્ત્રીય આવડત જરૂરી છે તેમજ. માણસ જેટલી ગંભીરતાથી પોતાનો એ વ્યવસાય સ્વીકારે છે તેટલી જ ગંભીરતાથી આ વ્યવસાયનો પણ સ્વીકાર થવો જોઇએ.

મેં પૂછ્યું: 'વ્યંગચિત્રકારની એક વ્યવસાયી તરીકે આપણા દેશમાં કેવી પ્રતિષ્ઠા છે?'

જવાબમાં ધીમું હસી આંખ મિચકારતાં તેમણે કહ્યું: 'મારા ઉપરથી જ તમને શું લાગે છે?' અને પછી ઉમેર્યું કે 'બીજા કોઈ પણ ધંધાના મુકાબલામાં આ ધંધો ઊભો રહી શકે છે. પણ હા; તમે જો એમ માનતા હો કે મારાં ચિત્રોમાં જેમની હું ખબર લઉં છું તે બધા જ લોકો મારી આરતી ઉતારતા હશે તો તે તમારી માન્યતા ભૂલભરેલી છે. પરંતુ કેટલાક 'દાના દુશ્મનો' પણ હોય છે. હમણાં જ પાકિસ્તાનની મુલાકાતે આવેલા ફીલ્ડ માર્શલ ઑાકિનલેકનું ચિત્ર મેં દોર્યું હતું તેમાં તેમની ખોરી દાનત મેં સ્પષ્ટ કરી હોવા છતાં તેમણે એ ચિત્રની મૂળ પ્રત મારી પાસેથી માગી લીધી છે. (કરાંચીના સંદેશાના જણાવ્યા મુજબ ઑાકિનલેક 'શેતરંજીના ધંધાના વિકાસ માટે' પાકિસ્તાનમાં આવ્યા હતા. હકીકતમાં એ ધંધાના ઓઠા હેઠળ તે લશ્કરી સામગ્રીના અભ્યાસ માટે આવ્યા હતા!) મારા ઉપર ખફા-નજર રાખનારાનો કેટલીકવાર અકસ્માત ભેટો થઈ જાય છે તે વખતે હું શું કરું છું તે જાણો છો? હું નિર્દોષ ભાવે ઝિહસલ વગાડવામાં પરોવાઈ જાઉં છું! તમે જ કહો, કે એ સિવાય મારે બીજું શું કરવું?'

'વ્યંગચિત્રકાર તરીકે તમને કોઇ અવનવો અનુભવ થયો છે?'

'રાજકારણનું ક્ષેત્ર એવું છે કે અવનવા અનુભવ થાય તો નવાઈ નહિ. જોકે મને કોઇ ખાસ અનુભવ તો થયો નથી; પણ શ્રી મોરારજી, મુન્શી કે પાટીલ જેવાનાં વિરોધી કટાક્ષચિત્રો દોરતાં કેટલીક વાર તેમના 'પ્રેમી'ઓના ધમકીવાળા પત્રો આવે છે ખરા! પણ એ તો સ્વાભાવિક છે. બાકી કોઈ ખાસ અવનવા અનુભવની તો હું હજી રાહ જોઉં છું. જોકે તેમાં કેટલું જોખમ હશે એ હું જાણતો નથી.'

'વ્યંગચિત્રકલાના ક્ષેત્રમાં તમે તેની વિવિધ શાખાઓના જે જે વિશિષ્ટ કલાકારો તરફ આકર્ષાયા હો તે કોણ કોણ છે?'


'રાજકીય વ્યંગચિત્રની કલામાં તો, અલબત્ત, ડેવિડ લોનો હું પ્રશંસક છું. વ્યંગચિત્રકલાની હથોટી અને વિચારોના સામર્થ્યમાં હજી સુધી તેનો કોઇએ મુકાબલો કર્યો નથી. ઠઠ્ઠાચિત્ર (ગૅગ કાર્ટૂન)માં હું 'પંચ'ના ચિત્રકાર ડેવિડ લૅંગ્ડનનો પ્રશંસક છું. ચિત્રની નીચે કોઇ પણ જાતના લખાણની લીટી સરખી યે લખ્યા વગર, યા વિષય પરત્વે લેશમાત્ર ટંખ લાવ્યા વિના તે ખડખડાટ હસાવે છે. જ્યારે હાસ્યપટ્ટી

(જુઓ અનુસંધાન પૃષ્ઠ ૧૫૦ ઉપર)

હાડકાં

દેહના માળખાને ઘાટ આપનાર તથા ટેકવનાર
વજ્રથી યે કઠણ છતાં મૃદુ, એવી કુદરતની એ અજબ બનાવટ વિષે
મબલખ ચિત્રો સાથે સરળ સમજણ આપતો
કાયાની કરામતનો ૨૦મો હપતો

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



માનવીનું હાડપિંજર
જેમાં નાનાંમોટાં મળીને આશરે ૨૦૭ હાડકાં છે.

શરીરરચનાની ઝીણી વિગતો નહિ જાણનાર સાધારણ માનવી પણ આટલું તો જાણે છે કે 'હાડમાંસ ને રુધિર ભરેલું મઢ્યું ચામડે અંગ.' એ ચાર પૈકી લોહી અને ચામડી વિષે આપણે વાંચી ગયા. હવે હાડકાં અને માંસ વિષે જોઈએ.

પશુ, પક્ષી, માનવી આદિ જીવોના દેહના માળખાને આકાર ને ઘાટ આપનાર તથા ટેકવનાર હાડકાં છે. પણ નીચી કક્ષાનાં કેટલાં યે પ્રાણીઓને હાડકાં જ નથી હોતાં; જ્યારે વંદા જેવા જંતુઓને માંસલ ભાગો 'ઉપર' હાડકાં આવેલાં છે. જેથી એમનાં શરીરનાં કદ ને હલનચલન મર્યાદિત રહે છે. કરોડવાળાં પ્રાણીઓમાં માછલીથી માંડી માણસ સુધીના જીવોમાં માંસલ ભાગોની 'અંદર' હાડકાં આવેલાં છે. આમ હોવાથી હાથી, વ્હેલ, ઊંટ, જિરાફ વગેરે પ્રાણી મોટાં કદ ધારણ કરી શકે છે. વળી, હાડકાં એકબીજા સાથે જુદી-જુદી રીતે જોડાએલાં હોવાથી ઘણા પ્રકારનું હલનચલન થઈ શકે છે.


શરીરમાં નાનાંમોટાં થઇ બસ્સો ઉપરાંત હાડકાં છે: આશરે ૨૦૭. શરીર કંઈ યંત્ર નથી કે એમાં યંત્રનાં ચક્રોની જેમ ચોક્કસ સંખ્યામાં હાડકાં ગોઠવાએલાં જ હોય. એ તો વિકાસ પામતી ક્રિયાઓવાળું જીવંત શરીર છે. એના કોક ભાગમાં નવાં અંગો ખીલતાં હોય છે, તો વળી કોક સ્થળે હાડકાંના ટુકડાઓ એકઠા મળી એક બનતા હોય છે, તો કોક નિરુપયોગી હાડકું વળી નાશ પામવાની સ્થિતિમાં પણ હોય છે. એ બધાંને એક જથ્થામાં કે જુદાં ગણવાં એ વિવાદગ્રસ્ત પ્રશ્ન છે. આમ હોવાથી વ્યક્તિની ઉંમર અનુસાર અને માણસે માણસે એની સંખ્યામાં ફેર પડે છે.

હાડપિંજર


શરીરનાં કદ, આકાર અને હલનચલન જાળવવા માટે હાડકાં એકબીજા સાથે જોડાઇને વ્યવસ્થાપૂર્વક જે એક માળખા રૂપે ગોઠવાએલાં છે, તેને હાડપિંજર કહેવામાં આવે છે.

હાડપિંજરમાં ખોપરી, કરોડ અને તેની સાથે જોડાએલાં હાડકાં આવેલાં છે. આમાં ખભાનાં હાડકાંનો માળો, પાંસળીઓ અને કેડ-થાપાના (કટિબંધમાંનાં) હાડકાંના માળાનો સમાવેશ થાય છે. આ બે માળાઓ સાથે હાથપગનાં હાડકાં જોડાએલાં છે, અને પાંસળીઓ સાથે છાતીનું હાડકું (ઉરોસ્થિ : Sternum) જોડાએલું છે.


ખોપરી (Skull) ૨૨ હાડકાંની બનેલી છે. માથાનાં આઠ અને ચહેરાનાં ચૌદ. આમાંથી હાલતું તો ફક્ત નીચલું જડબું જ છે.




કરોડ તે ત્રીસ મણકા (Vertebra)ની હાર છે. મણકા ઉપર મણકો ગોઠવાઇને એ હાર બની છે, જે મેરુદંડ કહેવાય છે. એ દરેક મણકાનો આકાર રત્નજડિત વીંટી જેવો છે, જેના પાતળા



મેરુદંડ (પડખેથી)




પાંસળીઓનું પિંજર
જે ફેફસાં ને હૃદયને રક્ષે છે
નીચે : કરોડનો છૂટો મણકો



ભાગમાંથી બે આડા ને એક ઊભો એવા ત્રણ ફાંટા ફૂટેલા છે. (જુઓ ઉપર.) મેરુદંડના ઊભા ફાંટાની હાર બરડાની મધ્યમાં ઉપસેલી, કે આંગળી ફેરવતાં માળાના મણકાની જેમ કઠણ પદાર્થ જેવી વર્તાય છે.

બાજુએથી જોતાં મેરુદંડ સર્પાકાર દેખાય છે. ગરદનના છ મણકાનો વળાંક અંદરથી છે. આવી જ રીતે બીજો વળાંક કમ્મરના પાંચ મણકાનો પણ અંદરથી છે. જ્યારે પીઠના બાર મણકા ત્રિકાસ્થિ ને ગુદાસ્થિનો વળાંક બહારપડતો છે. ત્રિકાસ્થિ અને ગુદાસ્થિ અનુક્રમે પાંચ ને ચાર મણકાઓના બનેલા છે. બચપણમાં આ મણકા છૂટા હોય છે; મોટપણે તે એકઠા થઈ આખું હાડકું બને છે.


બાર પાંસળીઓની જોડી, પાછળથી મેરુદંડના મણકાઓ સાથે અને આગળથી છાતીના હાડકા સાથે જોડાઈ પિંજરનો ઘાટ બને છે.




ખભાનાં હાડકાંનો માળો : अ: હાંસડી; ब: ખભાનું હાડકું, જેમાંથી ભુજાસ્થિ લટકે છે; क: ભુજાસ્થિ

એમાં આગળછાતીના હાડકા સાથે ફક્ત સાત પાંસળીઓ જ જોડાએલી છે. બાકીની પાંસળીઓ ટૂંકી હોઈએ સાતમી પાંસળી સાથે જ જોડાએલી છે. અગિયારમી ને બારમી પાંસળી આગળથી જોડાયા વગરની છૂટી રહે છે. (જુઓ પડખેના કૉલમનાં ચિત્રો.)


ખભાના હાડકાના માળામાં ખભાનું હડકું અને હાંસડી છે. કટિબંધના હાડકામાં દરેક પડખે મૂળ તો ત્રણ હાડકાં છે, પણ પાછળથી જોડાઇને તેનું એક બનેલું છે. બંને પડખાંનાં આ હાડકાં પાછલી બાજુએથી ત્રિકાસ્થિ સાથે જોડાઇને બસ્તિપ્રદેશ (Pelvis) બને છે.





હાથનાં અને પગનાં હાડકાં

હાથ અને પગનાં હાડકાંની રચના એકસરખી છે. દરેકના ઉપલા ભાગમાં એક લાંબું હાડકું અને નીચલા ભાગમાં બે હાડકાં છે. (જુઓ ઉપર.) હાથના ઉપલા હાડકાનું નામ ભુજાસ્થિ અને પગના ઉપલા હાડકાનું નામ જંઘાસ્થિ છે. હાથમાં દરેક કાંડામાં આઠ, હથેલીમાં પાંચ ને આંગળીઓમાં ચૌદ હાડકાં મળી ૨૭ હાડકાં છે. (જુઓ ડાબી બાજુ) પગની પાટલીમાં ઘૂંટીમાં સાત, કમાનમાં પાંચ ને આંગળીઓમાં ચૌદ મળી કુલ ૨૬ હાડકાં છે. (જુઓ નીચે.) આ રીતે ઢીંચણની ઢાંકણી સાથે એક પગમાં ૩૧ હાડકાં હોય છે; જ્યારે ખભાનું હાડકું ને હાંસડી મળીને દરેક હાથમાં ૩૨.







કોમલાસ્થિ

બાળકનાં હાડકાંનો મોટો ભાગ કોમલાસ્થિ (Cartiledge)નો બનેલો હોઈ તે મૃદુ હોય છે. આમ હોવાથી જન્મ વખતે બાળકનાં અંગ-ઉપાંગોની ગતિ વાંકીચૂંકી કે આડીઅવળી હોય છે. વારંવાર પડી જવા છતાં નાના બાળકનાં હાડકાં નહિ ભાંગવાનું કારણ પણ આ જ.

ઉમર વધતાં આ કોમલાસ્થિમાં લોહીની નળીઓ પ્રવેશે છે અને કોમલાસ્થિના પીતરંગી માવા સાથે લોહીનું કૅલ્શ્યમ ભળે છે; જેને પરિણામે કોમલાસ્થિનું અસ્થિભવન (Ossification—હાડકામાં પરિણમવું તે) થાય છે. બાળક પા-પા પગલી પાડવા માંડે ત્યારથી હાડકાંના છેડા ઉપર દબાણ આવતાં ત્યાં અસ્થિભવન થવા માંડે છે અને હાડકું લંબાઇ-પહોળાઈમાં વધવા માંડે છે. હાડકાંમાં થતી આ આંતરિક ક્રિયાઓના પરિણામે જ વ્યક્તિનું શરીર લંબાઈ-પહોળાઈમાં વધે છે અને દોઢ ફૂટની લંબાઈનું નવજાત શિશુ અઢાર વરસના ગાળામાં તો સાડા ત્રણથી ચાર ગણું વિકાસ પામી દેહમાં અને દેખાવમાં તદ્દન જુદું જ બની જાય છે. આ ઘટના હરકોઇને વિચાર પ્રેરતી આવી છે. આ વૃદ્ધિનાં વિગતવાર રહસ્યો હજુ જીવવિજ્ઞાન પણ બરાબર ઉકેલી શક્યું નથી.



ડાબી બાજુ : બાળકનું હાડપિંજર (મોટા કદમાં બતાવેલું) —જેમાં હાડકાં છુટાંછુટાં ને કોમળ હોય છે. ઉમર વધતાં તે કદમાં વધીને પાકાં થાય છે અને એકબીજા સાથે જોડાઇને માનવીનું સંપૂર્ણ હાડપિંજર બને છે જે જમણી બાજુ દર્શાવ્યું છે. હાડકાનું અસ્થિભવન નીચે બતાવ્યું છે.



જંઘાસ્થિનું અસ્થિભવન : ઉમર વધવાની સાથે હાડકું પણ ધીમેધીમે કેમ વધતું જાય છે તે દર્શાવતી આકૃતિ

તો પણ હાડપિંજરનું સંપૂર્ણ અસ્થિભવન તો નથી થતું. નાકનું ટેરવું અને કાનનો બહારનો ભાગ કોમલાસ્થિનો જ રહે છે. જો તે બરડ હાડકાંનો હોત તો? એ ભાગ શરીરમાં આગળપડતા હોઈ જરાક ઈજા થતાં વારંવાર ભાંગી જાત. પાંસળીઓનો ભાગ, કંઠનળી, શ્વાસનળી અને સાંધાઓ પાસેના હાડકાંઓના છેડા પણ કોમલાસ્થિના જ બનેલા હોય છે.


અસ્થિભવનની ક્રિયા થતાં સુધી શરીર વધતું જ રહે છે એ આપણે જોયું. વધવાના આ સમય પુખ્ત વયમાં પ્રવેશવા સુધીનો છે. આ સમય સાથે આયુર્મર્યાદાની ગણતરી કરવામાં આવી છે. પ્રાણીઓ વૃદ્ધિ પામવાની પોતાની વયની હદ કરતાં છ ગણું જીવે છે. ફ્લુરેન્સ (Flourens ૧૮૫૬) નામના વિદ્વાને માણસો માટે આ પ્રમાણ ૧:૫નું લેખ્યું છે. એટલેકે આપણે જો વીસ-એકવીસ વર્ષની વયે પુખ્ત વયમાં પ્રવેશીએ છીએ, તો એ હિસાબે આપણું કુદરતી જીવન ખાસ્સું સો વર્ષનું ગણાય. વેદવિજ્ઞાન પણ કહે છે शतायुर्वै पुरुषः ।।

હાડપિંજરનું કાર્ય

હાડપિંજર દેહના અવયવોને આધાર ને રક્ષણ બંને આપે છે. વળી કેટલાંક હાડકાં એકબીજા સાથે અમુક યોજનાપૂર્વક જોડાયેલાં હોવાને લીધે અંગોનું હલનચલન પણ તેને જ લીધે થાય છે.

મગજ, હૃદય અને ફેફસાં એ આપણા જીવનનાં ખાસ જીવનાવશ્યક (Vital) અંગો છે. બહારનાં બળોથી એમને જો સહેજ પણ ઈજા થાય તો જિંદગીમાં ખટકો પડે. આથી કુદરતે એમને હાડકાંનાં મજબૂત કવચોની અંદર સુરક્ષિત ગોઠવ્યાં છે. મગજ આખું યે ચારેકોર બંધ ખોપરીની પેટીમાં ગોઠવાયું છે. એનો લંબાએલો છેડો કરોડરજ્જુ મેરુદંડના પોલાણમાં સહીસલામત છે. હૃદય અને ફેફસાં પાંસળીઓના પિંજરના રક્ષણમાં મુકાયાં છે. આંખ, કાન, ઘ્રાણ અને સ્વાદના અવયવો ખોપરીના હાડકાની બખોલોમાં ઊંડા ગોઠવાએલા છે. વધુ રક્ષણ કાજે આંખ પર વળી ઝઝૂમતી ભમ્મર પણ આવેલી છે.

મેરુદંડ એટલે હાડપિંજરનો મોભ; શરીરને ટટ્ટાર અને સીધું રાખનાર એકમાત્ર સાધન; હાથપગ રૂપી ફરચાલનોનું આધારબિંદુ; છાતી ને પેટ-પેડુના અવયવોને



મેરુદંડ : સંમુખદર્શન

સીધા ને ઊંચા ઝીલી રાખનાર થંભ; હાડપિંજરની મુખ્ય ધરી; એની સાથે શરીરનાં બધાં જ હાડકાં એક યા બીજી રીતે જોડાએલાં છે.

એનાં કામ બધાં બરાબર રીતે થઈ શકે એ માટે એ મેરુદંડ પોતે મજબૂત છતાં વળે એવો અને હલકો હોવો જોઇએ. આ માટે એ સળંગ હાડકાંનો નથી બનેલો, પણ તે ત્રીસ ટુકડાઓનો બનેલો છે. આ ટુકડા એક ઉપર એક ખાલી ગોઠવાએલા નથી. પણ એક એક મણકો યુક્તિપુરઃસર ઘડાએલો અને જોડાએલો છે. એની અંદર વાદળી જેવાં પોચાં તત્ત્વો હોઈ વજનમાં તે હલકો છે. દર બે મણકાની વચમાં પાછું કોમલાસ્થિનું એકએક પતીકું ગોઠવાએલું છે, જે સખત છતાં સ્થિતિસ્થાપક હોઈ કરોડમાં આવતા આઘાતોને ઝીલે તથા શમાવે છે. પરિણામે મેરુદંડ લોખંડના ગજ જેવો સખત છતાં વાંસની જેમ વળે એવો, વજનમાં હલકો અને સ્થિતિસ્થાપક છે.

ગરદનના મણકા સાત છે. આંચળવાળાં પ્રાણીમાત્રમાં આ સંખ્યા એકસરખી છે. પછી ભલેને તે જિરાફ કે ઊંટની લાંબીલચ્ચ ડોક હોય કે ઉંદર હાથી યા માણસની ટૂંકી ગરદન હોય.

ગરદનના પહેલા બે મણકા ખાસ નોંધપાત્ર છે. પહેલા મણકાનું નામ ઍટલાસ છે. એનો આકાર ગોળ વીંટી જેવો છે. એની સાથે ખોપરી જોડાએલી છે: જાણેકે ઇંઢોણી ઉપર ઘડો ના ગોઠવ્યો હોય એવું દેખાય છે. પ્રાચીન યુરોપીય કથા-સાહિત્યમાં ઍટલાસ નામના રાક્ષસે ખભા ઉપર આખી પૃથ્વી ઉપાડયાની એક વાત છે. એ ઉપરથી આ મણકાનું નામ આપવામાં આવ્યું છે.

બીજા મણકાનું નામ છે ઍક્સિસ (ધરી): એનો ઊભો ફાંટો ઍટલાસના વીંધમાં દાખલ થાય છે અને ઘંટીની ખીલ–માંકડી જેવો આ સાંધો બને છે. પરિણામે આપણે માથું આગળ-પાછળ અને આજુબાજુ ફેરવી શકીએ છીએ.

કમરના મણકા મોટા વજનદાર ને ખૂબ મજબૂત હોય છે. ધડનું બધું વજન એના પર પડે છે ને બધા મણકાનો ભાર એ ઉપાડે છે. ઘરના પાયા જેમ પહોળા ને મજબૂત હોય એવી આ રચના છે. અહીંથી શરીરનું વજન કટિબંધ, પગો ને પાદતલ સુધી વહેંચાય છે.

ત્રિકાસ્થિનું સળંગ હાડકું જરા પણ ના હાલે એ રીતે એ બસ્તિ-પ્રદેશમાં જોડાએલું છે. એ લટકતું રહેતું ત્રિકાસ્થિ ચાર કે પાંચ મણકા જોડાઇને એક બનેલું છે. શરીરમાં આની કોઇ ઉપયોગિતા તો નથી, પણ તે આપણી આદિ પશુઅવસ્થા વખતના પૂંછડાનો અવશેષ છે.

આપણે જોઇ ગયા કે કરોડ અંગ્રેજી S અક્ષરના આકારની છે. નવજાત શિશુમાં તો તે સીધી સટાક હોય છે. પણ બાળક ઘૂંટણી-એ પડવાથી. તે પછી સીધા ચાલવાથી, અને પછી ડોક અદ્ધર રાખવાના પરિણામે તે આવો સર્પાકાર ધારણ કરે છે.


જો કરોડ સીધી હોત તો? બેપગા માનવીને સાડા ત્રણ મણ-ની કાયાના વજન સાથે સખત ભોંય ઉપર ચાલવાથી, ચાલવામાં લાગતા ધક્કા કેડમાંથી સીધા મગજમાં જઇ અડત! પરિણામે, રોજ સાંજ પડતાં માનવી માથાના સખત દુખાવાની બૂમો પાડી હેરાન થાત, અને કદીક ઠોકર ખાતાં કે કૂદતાં ખોપરીના કડાક કરીને ટુકડા ઊડી જાત. વળી અનુભવથી પણ નક્કી થયું છે કે બેવડી વળેલી કમાન જ વખત આવ્યે વજનનું દબાણ ખમી શકે છે; પણ સીધો થાંભલો તો તડાક કરતો ભાંગી જાય છે.

આપણો બસ્તિપ્રદેશ વાડકા જેવો પહોળો છે. આખી પ્રાણી-સૃષ્ટિમાં ફક્ત માનવીને જ આવો આકાર મળ્યો છે. તે એના બે પગે ટટ્ટાર ચાલવાના કારણે છે. આ જ રીતે આપણાં ધડ અને ખોપરી પણ પહોળાં બન્યાં છે. બીજાં પ્રાણીઓમાં હાડકાંનો આ માળો સાંકડો હોય છે.

સ્ત્રીઓમાં ગર્ભાધાનની સ્થિતિ આવતી હોવાથી એમનો બસ્તિ-પ્રદેશ (અને છાતીનો કાંઠલો પણ) પુરુષોના કરતાં વધારે પહોળો હોય છે. જ્યારે પુરુષોમાં ખોપરી મોટી હોય છે. સૌસૌના કાર્યપ્રદેશ પ્રમાણે કુદરતીરીતે અવયવો ઘડાય છે. જે સ્ત્રીઓનો બસ્તિપ્રદેશ સાંકડો હોય છે એમને પ્રસૂતિ સમયે બાળક અવતરવાનું મુશ્કેલ બને છે, જે માટે ચીપિયાના સાધનનો ઉપયોગ કે સીઝેરિયન ઑપરેશન (પેડુ ચીરીને બાળક બહાર કાઢવું તે) કરવું પડે છે.

ઉત્ક્રાન્તિની વિકાસઅવસ્થામાં માનવી ધરતી સન્મુખ ચાલવા-નું છોડી બે પગે ચાલતો થયો ત્યારથી એના પગ શરીરનો બધો ભાર ઝીલતા થયા અને હાથ છૂટા થયા. પરિણામે ખભાનાં હાડકાં-નો માળો હલકો તથા હલનચલનની વિશેષ છૂટવાળો બન્યો; જ્યારે કટિબંધનો કાંઠલો ભારે, વજનદાર અને મજબૂત બનવા સાથે કરોડ જોડે સખત રીતે જડાયો.

ખભામાંથી હાથ તો છૂટથી લટકતા રહે છે. પણ પગ તો શરીરને ટેકવવા ઉપરાંત હલનચલનનું સાધન પણ છે. આથી જાંઘનું હાડકું (જાંઘાસ્થિ femur) વજન ઝીલતા થાંભલાની જેમ બસ્તિ-મેખલામાં ઊંડું ગોઠવાયું છે. એનો આગળપડતો ગોળ ભાગ (neck of femur) ઊંચી ઇમારતનું વજન ઝીલતી કમાનોની જેમ, શરીરનો ભાર ઝીલવા માટે કમાન જેવો છે. આપણા આખા ધડનું વજન એના ઉપર પડતું હોવાથી ઈજા પામવા-માં પણ તે મોખરે છે. વૃદ્ધોમાં પગ લપસવાથી કે પડવાથી આ ભાગનું ફ્રૅક્ચર થવું સહજ છે.



ઉપર: બસ્તિપ્રદેશ, અને તેમાં બે પડખાના ગોખલામાં ગોઠવાએલાં બે જંઘાસ્થિ, જે ઊંચી ઈમારતનો ભાર ઝીલતી કમાન પેઠે ધડનો ભાર ઝીલે છે. ઉપર अ સંજ્ઞાથી ત્રિકાસ્થિ બતાવ્યું છે.

એ જાંઘાસ્થિ આખા શરીરમાં મોટામાં મોટું હાડકું છે. એની સરખામણીમાં આખા શરીરનું નાનામાંનાનું હાડકું આપણા વચલા કાનમાં આવેલું છે.

મેરુદંડ જેમ હાડપિંજરની ધરી છે તેમ પગની પાટલી એ એની બેઠક છે. એના ઉપર આખા શરીર-નો માંચડો સીધો ઊભો રહે છે. એના આધારે જ કૂદકો, છલાંગ કે ઊઠબેસ થાય છે. આ ક્રિયાઓમાં શરીરની સમતુલા કેવી રીતે જળવાઇ રહે છે એનો કદી વિચાર કર્યો છે ખરો? એક પગનાં આંગળાંની ટોચ (toe) ઉપર આખા શરીરની કમાન વાળી નૃત્ય કરતી જગવિખ્યાત નર્તકી આના પાવલોવાનું ચિત્ર જોવા જેવું છે. ગમે તેવા અંગભંગવાળી શરીરની સ્થિતિમાં પણ દેહ-ની જળવાતી સમતુલા જોવાથી આપણા અનેક સાંધાઓ વાળા આ શરીરની અજાયબ ને અનુપમ કારીગીરીનો ખ્યાલ આવે છે.

પગની પાટલીમાં એડીથી આંગળીઓ વચ્ચેનાં પાંચ હાડકાં કમાન રૂપે ગોઠવાએલાં છે તેને arch of foot કહે છે. તેમાંની કમાનની વિશિષ્ટ રચનાને લીધે—એટલેકે એ હાડકાંની ગોઠવણી, તેમાંના કોમલાસ્થિઓ અસ્થિબંધન અને માંસપેશીઓને લીધે એ કમાન સ્થિતિસ્થાપક અને સ્પ્રિંગ જેવી બને છે. ઇજનેરી વિજ્ઞાનની દૃષ્ટિએ વજન ઉપાડનાર કમાન સ્પ્રિંગ જેવી જ હોવી જોઇએ.

હુઆ તો વિવાહ

આવતી કાલનાં નાગરિકોનું આજનું નાટક

લેખક : શિવકુમાર જોષી

[સ્થળ : અમદાવાદની કોઈ કૉલેજની હોસ્ટેલનો રૂમ : યુવાન કૉલેજિયનોની બધી જ નફિકરાઇનું જાણે પ્રદર્શન. અસ્તવ્યસ્ત પુસ્તકો, વગર ધોવાએલાં કપડાંનો વેરવિખેર વસ્તાર, મેલો ટેબલ-લૅમ્પ, ગંદો સ્ટવ, તૂટ્યાંફૂટ્યાં કપ-રકાબી, કાળાં ધાબાં અને ગોબાવાળી તપેલી અને એવું બધું. બે પલંગ, ત્રણેક ખુરશીઓ, બે ટેબલ, એકાદ 'ટીપૉય.'

કૉલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી સુધાકર ભટ્ટ હાથમાં તરતનો આવેલો એક કાગળ વાંચવામાં લીન છે. એની પીઠ પ્રેક્ષકવર્ગ તરફ છે. બેમાંથી એક પલંગ ઉપર પાયજામા-સૂટમાં એનો 'રૂમ કંપૅનિયન' વિનાયક ત્રિવેદી અંગ્રેજી છાપું વાંચતો પડયો છે. છાપા પાછળ એનું મોં ઢંકાયેલું છે અને પડદો ઊઘડે છે.]

વિનાયક: જો તો સુધાકર—

સુધાકર : (બેધ્યાનપણે માત્ર હુંકારો ભણે છે) હં...

વિના૦: અરે, એઈ ભટ્ટા! આ મૅટ્રીમોનિયલ કૉલમમાં પેલી જાહેરખબર આજે પણ આવી છે: વૉન્ટેડ-એક્સેપ્શનલી બ્યૂટિફુલ, સ્માર્ટ, ટૉલ ઍન્ડ સ્લિમ, ફેઅરલી એડ્યુકેટેડ. વેલ ઍકૉમ્પ્લિશ્ડ, લેડી ફૉર અ જેન્ટલમન...

સુધા૦: પ્લીઝ વિનાયક, મૂકને એ લપ ! દર શનિવારે તું શોધી-શોધીને એ જાહેરખબરો તે શું વાંચતો હોઇશ!

વિના૦: (છાપું નીચું સુવાડીને, સીલિંગ તરફ જોઇને) મને થાય છે કે આવી સર્વગુણસંપન્ન શાહઝાદી માટે છાપાંની કટારોમાં જાહેર ખબર જેણે આપી હશે તે મહાશયનાં પોતાનાં રૂપરંગ કેવાં હશે?

સુધા૦: એ બધું જાણીને તને શો ફાયદો?

વિના૦: મને એક ટીખળ સૂઝે છે. તું સાથ આપે તો આ જાહેર ખબર આપનાર જેન્ટલમનને આપણે બનાવીએ.

સુધા૦: મને એવી નવરાશ નથી. (ફરી કાગળમાં ગરકાવ થાય છે.)

વિના૦: પણ તું ક્યારનો એ કાગળમાં માથું ઘાલીને શું વાંચ્યા કરે છે? કોઈ... કોઇનો ખાસ કાગળ—આઈ મીન પ્રેમપત્ર છે કે શું?

સુધા૦: પ્લીઝ વિનાયક...

વિના૦: (એની આજીજી ન સાંભળતાં) પણ તારા જેવા ઠરેલ ગંભીર યુવાનને આવું લફરૂં ક્યાંથી? તને—તને આ શું સૂઝ્યું?

સુધા૦: (ખિજાઇને) અરે બાપલા, આ કાંઈ પ્રેમપત્ર નથી; આ તો એક અણધારી આફતનો પેગામ છે.

વિના૦: (સફાળો ઊભો થઇને) હેં! હેં! શું છે એવું? જો ખાસ ખાનગી ન હોય તો...

સુધા૦: તારાથી શું ખાનગી છે? લે વાંચ.

વિના૦: ના, તું જ વાંચ. મને તો સાંભળવાની, ને તું વાંચતો હોય ત્યારે તારા મોં પર પલટાતા ભાવો જોવાની મઝા આવશે.

સુધા૦: એ...મ?! તો લે, હું વાંચું.. અરે અરે, પણ આજે કઇ તારીખ થઇ વિનાયક?

વિના૦: કેમ, વળી શું થયું પાછું? આજે તો—(છાપાને મથાળે તારીખ જોઇને) આજે તો ૧૭મી ડિસેમ્બર—

સુધા૦: ને શનિવાર, ખરું? માર્યા ઠાર! અલ્યા ઝટ કર! બે તો વાગી ગયા ને હમણાં જ એમની સવારી આવી પહોંચશે. ફાધર પણ કેવા છે?! પહેલાં સંદેશો મોકલતાં શું થતું હશે?

વિના૦: અરે પણ કોની સવારી? કોણ આવે છે? શી વાત છે?

સુધા૦: દોસ્ત, એક મોટી મુસીબત... વાતવાતમાં એક વાર ફાધરને કહેલું કે અમારી હોસ્ટેલમાં સ્નેહલ પરીખ કરીને એક આદર્શવાદી ધૂની યુવાન રહે છે. અને એક વાર વૅકેશનમાં એને હું—

વિના૦: પણ એ સ્નેહલ વળી આદર્શવાદી અને ધૂની ક્યારનો?

સુધા૦: આ તો ત્રણ વર્ષ પહેલાંની વાત છે. તું તો તે વખતે કૉલેજમાં આવ્યો પણ નહોતો. અમે ફર્સ્ટ ઇઅરમાં આવ્યા ત્યારે સ્નેહલ હાથે જ કાંતેલી શુદ્ધ જાડી ખાદીનું છૂટી પાટલીનું ટૂંકું ધોતિયું અને એવી જ ખાદીનું ફક્ત પહેરણ જ પહેરતો: તળે અંડરવેર કે બાંડિયું પણ નહિ! એમ આશ્ચર્યચકિત થઇને મોં શું વકાસે છે? અને એ કપડાં એ હાથે જ ધોતો અને ઇસ્ત્રીબિસ્ત્રી કરવાની નહિ.

વિના૦: આઈ ડોન્ટ બિલીવ ઈટ. તું આ શું કહે છે? અત્યારે તો--

સુધા૦: તું પૂરી વાત પણ નહિ સાંભળે?... પગમાં હરિજન આશ્રમની અહિંસક ચંપલો, અને પ્રતિજ્ઞા એવી હતી—અપરિગ્રહનું એ વ્રત પાળતો તેથી—કે એક વર્ષમાં ફક્ત એક જ જોડી ચંપલ અને કપડાંની માત્ર બે જ જોડ...


વિના૦: પણ ચંપલો ખોવાઇ જાય, અગર કપડાં ફાટેતૂટે તો?

સુધા૦: તો ઉઘાડે પગે ફરવાનું ને કપડાંને થીગડાં દઇને—

વિના૦: આ બધી તું આપણા પેલા સ્નેહલ પરીખની જ વાત કરે છે કે કોઇ બીજા તપસ્વી સત્યાગ્રહીની?

સુધા૦: અરે બાપલા, અત્યારના સ્નેહલ અને બે અઢી વર્ષ પહેલાંના સ્નેહલમાં તો આભ-જમીનનું અંતર છે.

વિના૦: પણ શુદ્ધ બરછટ ખાદી અને અપરિગ્રહના એ વ્રતમાંથી છેલ્લી ફૅશનના અવનવા યુરોપી કટના પહેરવેશમાં પરિવર્તન?



આપે મને શરમમાં નાખી દીધો, વડિલ!

સુધા૦: તે એનું કારણ તું નથી જાણતો?

વિના૦: સારુ઼ે! એનાં બીજાં બધાં પરાક્રમોની—દાખલા તરીકે દક્ષા શેલત માટેના એના પક્ષપાતની ને એવી બધી બહુરંગી પ્રવૃત્તિઓ તો એની જાણું છું. પણ આવા પૂર્વાશ્રમની તો ભઈ—

સુધા૦: તો સાંભળ. (વિનાયકના પલંગ સામે એક ખુરશી તાણી લાવીને તે ઉપર બેસીને) વાત એમ બની કે એફ. વાઈ.ની બીજી ટર્મના પાછલા દિવસોમાં એક વાર સંસ્કૃતના ટ્યુટોરિયલ ક્લાસમાં 'વાસઃ પ્રધાનં ખલુ યોગ્યતાયા.' વાળો શ્લોક પ્રોફેસરે શીખવ્યો.

વિના૦: એ શું પાછું? એનો શો અર્થ? આપણું તો ફ્રેન્ચ—

સુધા૦: એટલે કે કોઈ પણ વ્યક્તિની યોગ્યતા-અયોગ્યતા એના પોશાક ઉપરથી મપાય—એવું કાંઇક.

વિના૦: હં. પછી?

સુધા૦: તે દિવસે જ સ્નેહલને કોઇએ સમજાવ્યું કે દેખાવમાં તો એ નમણો છે, પણ એના વિચિત્ર પહેરવેશને લઇને છોકરા-છોકરીઓમાં એ બુડથલ જેવો ખપે છે. જોકે એ વાત એણે તુરત તો ન સ્વીકારી, પણ એ શ્લોકનો પાછળનો ભાગ એના મનમાં ચણ-ચણવા લાગ્યો કે પીતામ્બરધારી વિષ્ણુને સમુદ્રે સર્વાંગ સુંદર લક્ષ્મી આપ્યાં અને દિગમ્બર શિવને હળાહળ ઝેર! એટલે—

વિના૦: એટલે એને હળાહળ ઝેર નો'તું પીવું એમ ને?

સુધા૦: એટલું જ નહિ એને તો લક્ષ્મી મેળવવાના કોડ જાગ્યા...

વિના૦: શું કહે છે તું?

સુધા૦: તે દિવસના પ્રોફેસરની વાત જાણે એને હૈયે વાગી ગઈ હોય તેમ એ ઇન્ટરમાં આવ્યો ત્યારે સુઘડ રહેવા પ્રયત્ન કરતો હોય એમ જણાયું. કપડાંમાં ગળી નંખાવા લાગી અને નિયમિત દસ્તીબંધ કપડાં પહેરાવા લાગ્યાં. ઉપરાંત, વાળ કાળજીપૂર્વક ઓળાવા લાગ્યા અને હજામત વધતી અટકી.

વિના૦: પણ પહેરવામાં તો ખાદી જ ને?

સુધા૦: હા; એ વેશપલટો પછી ઇન્ટરની બીજી ટર્મમાં આવ્યો.

વિના૦: પાછો કોઈ નવો શ્લોક સાંભળવા મળ્યો'તો કે શું?

સુધા૦: માત્ર શ્લોક નહિ, અમારા સદ્‌ભાગ્યે અમારે ટેક્સ્ટ-માં આવ્યું મહાકવિ કાલિદાસનું શાકુંતલ—

વિના૦: ઓ બાપરે! એકાદ શ્લોકની અસરથી આટલું પરિ-વર્તન થયું તો પછી શાકુન્તલ જેવા નાટકે તો એને સચરાચર પલટી જ નાખ્યો હોય ને?

સુધા૦: એક બાજુ શકુન્તલાના દેહલાલિત્યનું વર્ણન પ્રોફેસર દિવાકર પોતાની રસિક શૈલીમાં કર્યે જતા અને બીજી બાજુ આ-પણા આ નવલોહિયા દુષ્યન્તને ક્લાસની બંધ કાચની બારીઓની પેલી પાર કૉલેજના બગીચામાં ફ્રી પીરિયડમાં લટાર મારતી શકુ-ન્તલાઓ અને સખીઓની હારની હાર દેખાવા લાગતી.

વિના૦: પછી શું થયું?

સુધા૦: થવાનું શું હોય? એની એ વિવશતા અમારાથી ઓછી જ છાની રહે? વસાવડા કરીને અમારા ગ્રૂપમાં એક ખૂબ મોજીલો વિદ્યાર્થી હતો. તેણે એની આવી તંગ મનોદશામાં ગુરુમંત્ર આપ્યો.

વિના૦: કે હવે આ બરછટ ખાદીની જગ્યાએ—

સુધા૦: હા, આધુનિક શકુન્તલાઓને આકર્ષવી હોય તો એમને ગમે તેવાં વસ્ત્રાભૂષણોથી સજ્જ થવું જ રહ્યું.

વિના૦: મનને ખૂબ સમજાવવું પડ્યું હશે, ખરું?

સુધા૦: એ તો શી ખબર. પણ જેટલો જલદીથી એનો હૃદય-પલટો થયો હતો તેટલો જ જલદી એનો વેશપલટો પણ થયો.

વિના૦: એ ક્યારે બન્યું?

સુધા૦: એક સાંજે ટેનીસકોર્ટ પર સૌસૌના દાવની રાહ જોતી અમારી મંડળી જામી હતી; મિસ પારડીવાળાને પેલો યોધ લળીલળી-ને રૅકેટની 'ગ્રિપ' સમજાવતો હતો; ત્યાં પાછળથી વસાવડાએ મને બૂમ મારી—'સુધાકર'! અમે બધા યે પાછું વળીને જોયું તો—

વિના૦: તો?—

સુધા૦: અસલી બ્લુ બ્લેઝર કોટ અને સફેદ પૅંટ-શર્ટમાં સ્નેહલને સજાવીને વસાવડા દોરી આવતો હતો.

વિના૦: શું કહે છે? પછી તો તમે બધાએ એની બરોબરની ઠેકડી ઉડાવી હશે.

સુધા૦: ઑન ધ કૉન્ટ્રરી—ઉલટાના અમે બધા ચાટ પડી ગયા. સ્નેહલના મોં પર જરા યે ક્ષોભ નહોતો. આત્મભાનથી એ ચાલ્યો આવતો હતો;—અને ખરેખર શોભતો હતો.

વિના૦: તમે બધા જ એના ઉપર મોહી પડ્યા. એમ ને?

સુધા૦: અમે જ નહિ. મિસ પારડીવાળાએ તે દિ' યોધ પાસેથી વધુ લેસન્સ ન લીધાં; બલ્કે એણે જાતે સ્નેહલ સાથે શેકહૅન્ડ—

વિના૦: લક્ષ્મી માઈ! ને તમારાં સૌનાં ભાગ્ય એમ 'સીલ' થઈ ગયાં!

સુધા૦: અને સ્નેહલને લાગ્યું કે વિજય એનો છે.

વિના૦: એ તો બરાબર; પણ તારા આ આજના પત્ર સાથે સ્નેહલના આ ગૌરવભર્યા ઇતિહાસને શી લેવાદેવા?

સુધા૦: (સફાળો ઊભો થઇને, જરા ચિડાઇને) મેં તને કેટલી વાર કહ્યું વિનુ, કે તું મને વાતોએ ન ચડાવ. પેલા સદ્‌ગૃહસ્થો ગમે તે પળે અહીં આવી પહોંચશે ને—

વિના૦: પણ કયા સદ્‌ગૃહસ્થો?

સુધા૦: મેં તને ન કહ્યું કે ફાધરનો કાગળ છે, ને અમારી તાલુકા સમિતિના પ્રમુખ અને ત્યાંના એક મોટા જમીનદાર છોટુભાઈ મારફતિયા, અને સેક્રેટરી નભુભાઈ સ્નેહલને જોવા માટે આવે છે?

વિના૦: સ્નેહલને જોવા માટે? એવું તો તેં કહ્યું જ ક્યારે?

સુધા૦: પણ તું ઊભો થાને. રૂમ જરા ગોઠવવા લાગને. ન કહ્યું હોય તો હવે કહું છું કે એ લોકો અબઘડી એને જોવા આવી પહોંચશે.

વિના૦: પણ શું કામ?

સુધા૦: શું કામ? અરે દોસ્ત, ખરું બફાયું છે. એફ. વાઇ.ની દિવાળી વૅકેશનમાં સ્નેહલને પેટલાદ તરફનાં ગામડાં જોવાં હતાં તે મારે મામ સાથે આવ્યો હતો. એની આદર્શ રહેણીકરણીથી ફાધર આકર્ષાએલા, ને હજી માને છે કે એ ભાઇસાહેબ સાદાઇભર્યું સ્વાશ્રયી, આદર્શ જીવન જ ગાળે છે!

વિના૦: તે શું આ તાલુકા સમિતિના પ્રમુખ છોટાભાઈને કોઈ સારો ગ્રામસેવક જોઈએ છે? ને એની પસંદગી માટે આવે છે?

સુધા૦: તું યે સાવ કેવો છે ત્રિવેદી? વેદિયો નર્યો? પચાસ ગાઉથી તે કોઈ ગ્રામસેવકની પસંદગી કરવા આવતું હશે? આ તું 'મૅટ્રિમોનિયલ'ની જાહેર ખબર વાંચતો હતો ને, એવું જ કાંઇક.

વિના૦: પણ એમાં તું નહિ, હું નહિ, અને સ્નેહલ ક્યાંથી?

સુધા૦: છોટુભાઇ તો વૈષ્ણવજન છે. એમની અઢારેક વર્ષની દીકરીની વ્યવસ્થા કરવાની છે. છોકરી સાચેસાચ નમણી છે... અરે (કાંઇક યાદ આવતું હોય તે રીતે) જ્યારે સ્નેહલ ત્યાં આવ્યો હતો ત્યારે એણે એ ચંપાને જોએલી પણ ખરી;—જો અત્યારે એને ખ્યાલ રહ્યો હોય તો!

વિના૦: ત્યારે તો જૂનો પ્રેમપ્રસંગ હશે, ને તેથી જ છોટાભાઇ—

સુધા૦: ના ના, એવું તો ખાસ નથી. પણ એ છોટુભાઈ

અમારા પાડોશી. જોકે ત્યારે એ તો પોતાની જમીન-જાગીર પર ગયા હતા, પણ એ અરસામાં એક દિવસ એમની બારીએ ઊભીઊભી ચંપા એના ભીના વાળ સૂકવતી હતી—



સુધા૦ : ને આપણા સ્નેહલભાઇએ એને જોઇ.

સુધા૦ : હા; પણ તે વખતે એની દૃષ્ટિ જુદી જ હતી.

વિનો૦ : એટલે ?

સુધા૦ : ચંપાને જોઈને એણે જે કહેલું તે મને આજે પણ યાદ છે: "આ-હા! જાણે આ પાણીદાર આંખોમાં સારા યે વિશ્વના દૈન્યને આશ્રય આપી શકે તેવી કરુણા ભરી છે... અને એના વિખરાયેલા વાળનો જથ્થો સમગ્ર સાત્ત્વિક સૌંદર્યને નત્રો જ ઓપ આપે છે..."

વિનો૦ : એ બધું તો જાણે ઠીક; પણ હવે ?

સુધા૦ : એ છોટુભાઈએ આજન્મ ખેડૂતો પાસે ખેતી કરાવી જમીનદારી ભોગવી છે અને બાકીનો સમય દેશસેવા કરી છે; અને કહે છે કે દીકરીએ પણ પ્રતિજ્ઞા લીધી છે કે અખંડ ખાદીધારી સાથે જ લગ્ન કરીશ. છોટુભાઇનો આગ્રહ છે કે મુરતિયો દેશસેવા ભલે કરે, ખાદી પણ ભલે પહેરે, પણ સારા ઘરનો, ભણેલો-ગણેલો, યુવાન હોવો જોઇએ. મને પુછાવ્યા સિવાય જ ફાધરે અઢી વર્ષ પહેલાંની સ્નેહલ માટેની પોતાની 'ઇમ્પ્રેશન' છોટુભાઇને જણાવી લાગે છે અને આજે સ્નેહલને ચકાસી જોવા, ને પસંદ પડે તો જમાઇ બનાવવા જાત-તપાસ માટે એ લોકો આવે છે.

વિનો૦ : પણ સ્નેહલ અહીં નથી, એવું કાંઈક ભળતું—

[હાથમાં ટેનિસ રૅકેટવાળો, બ્લુ બ્લેઝર ને સફેદ ઇસ્ત્રીબંધ પૅંટ-શર્ટમાં સજ્જ, ઠીકઠીક દેખાવડો, હસમુખો સ્નેહલ દાખલ થાય છે. બીજા હાથમાં સળગતી સિગારેટ છે.]

સ્નેહલ : (વિનાયકનું વાક્ય ઉપાડી લેતાં) કેમ? હું તો આ રહ્યો. ચાનો વખત થાય ને હું હાજર ન થાઉં તે બને? મિ. ત્રિવેદી તમે તો આ હોસ્ટેલમાં વરસ-દોઢ વરસથી છો. પણ મેં ને સુધાકરે તો અઢી વરસ સાથીદારી ગાળી છે. (સુધાકરને) અરે સુધાકર, આજે દક્ષા કોર્ટ પર આવવાની છે. ત્રણ વાગ્યા સુધીમાં ચા પીને આપણે પણ પહોંચી જઈએ. (જવાબ ન મળતાં)-કેમ આગ મોં તરડાઈ ગયું છે? આમ ત્રિવેદી સામે શું જોયા કરે છે?

સુધા૦ : વાત એમ છે, સ્નેહલ કે—કે—

વિનો૦ : આજે સુધાકરને એક અગત્યનું કામ આવી પડ્યું છે.

સ્નેહલ : એ કાંઈ ચાલશે નહિ. પિક્ચરમાં જવું છે, કેમ? તો તો તમારે એકલા જ જવું પડશે. સામે ટૂર્નામેન્ટ આવે છે તે પ્રૅક્ટીસ કર્યા સિવાય છૂટકો નથી. કાલે તો તું જ મને ભાષણ આપતો'તો કે પેલી દેવીઓ સાથે હાહાહીહી કર્યા સિવાય બે કલાક વધારે પ્રૅક્ટીસ કર; ને આજ તું જ પાર્ટનર થઇને ગાપચી મારવાની વાત કરે છે?

સુધા૦ : ખરેખર મારે અગત્યનું કામ છે. આઈ એક્સ્પેક્ટ સમ ઈમ્પૉર્ટન્ટ ગેસ્ટ્સ...

સ્નેહલ : ઓ-હો! એમ છે કે? તો તો સરસ. અલ્યા, પણ એવું આજ સુધી ક્યારેય બન્યું છે કે તારા મહેમાનોને મેં પારકા ગણ્યા હોય? આઈ વિલ સૅક્રિફાઇસ માઇ ટેનિસ ટુ ડે. (કોટ ઉતારતાં) બોલ બોલ, હું તને કયી રીતે મદદરૂપ થાઉં?

સુધા૦ : ના ના, કોટ ઉતારવાની જરૂર નથી; તું તારે ટેનીસ કોર્ટ ઉપર જા; હું પછીથી આવી પહોંચું છું. પ્લીઝ...

સ્નેહલ : એટલે? તું મને શું સમજે છે? કોણ આવે છે તે હું હવે બરાબર જાણી ગયો છું સુલેખા ને શોભના આવે છે ખરું ને? પણ હું તમને બેઉને વચન આપું છું કે એમાં હું ભાગ નહિ પડાવું. આઈ જસ્ટ ઍડમાયર ફૅર કમ્પની; ધૅટ્સ ઑલ. એમાં તમારું શું જાય છે, તે તમે મને આમ કાઢી મૂકવાની વાત કરો છો? હું તો આ બેઠો.

વિનો૦ : (ધીમે અવાજે સુધાકરને) અરે પણ સુધાકર, એ લોકોને આવવાનો વખત થયો છે ને હવે તું કરીશ શું?

સુધા૦ : (હતાશ સ્વરે) મને તો કાંઈ સૂઝતું નથી.

સ્નેહલ : જો હું સુત્રો કહું. હું અહીં બધું ઠીકઠાક કરું છું. સુધાકર, તું કૅન્ટીન ઉપર જઇને ચા-નાસ્તાની તૈયારી કર. આજે ખાલી બટાટાની કાતરીથી નહિ ચાલે. દાસને કહેજે કે 'સર્વિસ' મોકલે; છૂટા કપમાં દેશી રીતે ચા ધરીશ તો તારી કિંમત થઈ જશે. અને કહેજે કે તાજા ટોસ્ટ તૈયાર કરીને મોકલે. ઍન્ડ યૂ-યંગ ચૅપ મિ. ત્રિવેદી, તમે જરા મારા રૂમ ઉપર જાઓ, ને મારા પલંગ નીચે મારી બૅગની પાછળ એક પોટલી પડી છે, તેમાં એક ફાટેલું ખાદીનું ધોતિયું છે—

વિનો૦ : ખાદીનું ધોતિયું?!

સ્નેહલ : આમ બાઘા જેવા કેમ થઈ ગયા છો? ફૅર કમ્પની માટે કેવી સુઘડતા જોઈએ; અને આ રૂમમાં તો નરી ધૂળ ધૂળ છે! સાફ કરવા માટે એક પણ કટકો નથી. એ ધોતિયું લઇ આવો એટલે આપણે બધું લૂછી નાંખીએ; અંડરસ્ટૅન્ડ?

વિનો૦ : આઇ સી! હં, સુધાકર, મુંઝાશો નહિ, થાઓ તૈયાર ત્યારે!

સુધા૦ : (કાંઈ ન સમજતાં) એટલે?

વિનો૦ : આજે શનિવાર માણી લઇએ ત્યારે. પણ સ્નેહલભાઈ, ત્યાં ફક્ત એક જ ફાટેલું ખાદીનું ધોતિયું છે?

સ્નેહલ : અરે એકાદ બીજું પણ હશે, ને બેએક જૂનાં ખાદીનાં પહેરણ પણ છે—મારી જૂની થાપણ જેવાં: પણ એ બધાંની નીચે એકદમ ફાટેલું ધોતિયું છે: અરધા ઉપરાંતનું તો ચાના ગરણા તરીકે વપરાઈ ગયું છે—તમને તુરત ઓળખાશે.

વિનો૦ : તો તો ઠીક; હું જલદી આવું છું. તમે પણ ચા-નાસ્તાનું પતાવો સુધાકર.

સુધા૦ : (મુંઝાતો, ગભરાતો, ચીડાતો) પણ સ્નેહલ, તું કશું સાંભળવાનો જ નહિ? ભલે, હું વ્યવસ્થા કરીને આવું; અને કોઈ આવે તો બેસાડજે.


સ્નેહલ : તારી અધીરાઈ હું સમજું છું સુધાકર, ડોન્ટ વરી! મહેમાનોને હું જરા યે અતડું નહિ લાગવા દઉં. (મોટેથી હસે છે. વિનાયક અને સુધાકર બહાર નીકળી જાય છે. સ્નેહલ ખુરશી-ટેબલ બરાબર ગોઠવે છે. છુટાં કપડાંનો લબાચો કરીને એક કપડામાં બાંધીને ખૂણામાં ગોઠવે છે. થોડીઘણી વ્યવસ્થા કર્યા પછી સિનેમાની કોઈ એકાદ લીટી ગણગણતો પલંગની ચાદરો ઠીક કરે છે અને છેવટે નવી સિગારેટ સળગાવી, અહીંથી પાછળની બારી તરફ એક ખુરશી ગોઠવી, ધૂમ્રપાન કરે છે. ત્યાં બહારથી અવાજ...)


એક અવાજ : અરે ભાઇ, સુધાકરભાઈ ભટ્ટની ઓરડી આ જ કે?

બીજો અવાજ : હા, એ જ : જમણા હાથે પેલી... એ જ મિ. ભટ્ટની રૂમ. અંદર જ હશે, જુઓને.

[શુદ્ધ ખાદીધારી છોટુભાઈ મારફતિયા પ્રવેશે છે. ખભા ઉપર બરછટ ઊનની શાલ એક બાજુ લબડે છે; ખાદીના પહેરણ ઉપર પટ્ટુની ગરમ બંડી છે. માથે જાડી

(જુઓ અનુસંધાન પૃષ્ઠ ૧૬૭ ઉપર)





શ્રી લક્ષ્મણે કાર્ટૂનકલા ઉપરાંત ચિત્રકળાનાં બીજાં ક્ષેત્રોમાં પણ સફળ રીતે હાથ અજમાવ્યો છે તે દર્શાવતા બે નમૂના. ડાબી બાજુ : શ્રી મુલ્કરાજ આનંદની જાણીતી નવલકથા 'કુલી'ને ચાલુ ચિત્રવાર્તા રૂપે રજૂ કરતી 'ચિત્ર-કથા-માળા'માંનું એક ઉદાહરણ; જમણે : 'ઈલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઇંડિયા'માં બાબુ વ્યંકટની નિસર્ગ નોંધ' નામની લેખમાળા માટે કરેલાં ચિત્રો પૈકીના ઉપલા નમૂના, તેમનો હાથ પ્રાણી-ચિત્રણામાં પણ કેવો સફળ છે તે દર્શાવે છે. (કલાકારના તથા પ્રકાશકના સૌજન્યથી)


(અનુ. પૃ. ૧૪૬થી) સ્ટ્રિપ-કાર્ટૂનના વિભાગમાં લીલ ઍબનરે સર્જેલા પાત્ર 'અલ કાપ'નો હું ચાહક છું. એનું સ્થાન અંગ્રેજી સાહિત્યના ડિકન્સના જેવું જ છે.'

હવે તેમની સમક્ષ છેલ્લો સવાલ મેં મૂક્યો કે 'રાજકારણના ક્ષેત્રમાં તમારું સૌથી પ્રિય પાત્ર કયું છે? અને તમે તો બધાંમાં કંઈ ને કંઈ દોષ કે ઊણપ જુઓ જ છો; એટલે તમને તો જગત પ્રત્યે કંઈ જ રસ નહિ હોય, ખરું ને?'

'તમે જો મારાં ચિત્રો નિયમિત જોતા હો તો મારું પ્રિય પાત્ર ઘણી વાર તેમાં આવે છે: સાદી કાળી ટોપી પહેરેલો, થોડી મૂછોનાં તણખલાંવાળો ને નબળા શરીરમાં છુપાએલો ગરીબડા દેખાવનો સામાન્ય માણસ–'કૉમન મૅન' એ મારું પ્રિય પાત્ર છે. એ 'સામાન્ય માણસ' કુદરત અને કાયદાની આ બધી હાડમારીઓ સહન કરે છે અને છતાં તમારા દેશનું ગૌરવ ટકાવે છે, જેને હમેશાં આનંદમાં રાખવા અને તેના વિચારોના પ્રવાહને જીવંત રાખવામાં હું ગદ્દદ કરું છું. બાકી તમારા પ્રશ્નનો છેવટનો ભાગ (મને જગત પ્રત્યે કોઇ રસ જ નહિ હોય) તો એવો છે કે મને વૈરાગ્ય આવીને હું બાવો કેમ ન થઇ ગયો?! ખરું પૂછો તો હું વસ્તુઓની ઊણપો જોઉં છું ખરો, પણ તે પેલા દોષદેખા નિરાશાવાદીની દૃષ્ટિએ નહિ, પરંતુ સર્જનાત્મક વિવેચકની દૃષ્ટિએ. હું જે જે ચીતરું છું તે બધી જ વસ્તુમાં મને રસ હોય છે માટે જ ચીતરું છું. તેવી જ રીતે હું જેનેજેને ચીતરું છું તે વ્યક્તિઓ પ્રત્યે મને રોષ કે તિરસ્કાર છે તે માટે નહિ, પરંતુ તેમના વ્યક્તિત્વમાં મને મમત્વ છે તેથી જ. બોલો, હવે તમારી ઇચ્છા હોય તો તમારું પણ કાર્ટૂન કરું!'

મેં કહ્યું, 'માફ કરજો; પણ હું પોતે જ કાર્ટૂન છું!'

જયંતીલાલ કા. પટેલ



ડાબી બાજુ: પગની પાટલીમાં કમાન રૂપે ગોઠવાએલાં હાડકાં
જમણી બાજુ: કમાન નમી જઇને સપાટ થએલાં હાડકાં

ધરતી ઉપર ખુલ્લા પગે ફરનારની પાટલીનું સ્વાસ્થ્ય કદી જોખમાતું નથી, કેમકે ઊંચીનીચી જમીન ઉપર ડગલે ને પગલે પગને અવનવા વળાંકો લેવા પડે છે. આથી પાટલીની માંસપેશીઓને પૂરતી કસરત મળે છે. જ્યારે ઘરની કે શહેરની સડકોની સીધી સપાટ જમીન ઉપર પગના અમુક ખૂણાઓ જ વારંવાર દબાણમાં આવે છે અને પાટલીની અમુક જ જગ્યાઓ અમુક જ પ્રકારનું દબાણ સહન કરવા ટેવાય છે. આને પરિણામે લાંબા ગાળે પગની કમાનનું બળ તૂટી પડે છે. શરીરનું વજન ઊંચકી ના શકવાથી તે નીચી નમી પડે છે. લાંબા વખત સુધી ઊભા રહેવાની ને માથે ભારે વજન વહેવાની નોકરી કરનારાઓની તેમજ ઘરકામનો ભારે બોજો ઉપાડનાર પ્રૌઢા સ્ત્રીઓની તથા નબળા બાંધાવાળાઓની પગની કમાન નમી પડી ચપટ (flat foot) બને છે. તે પારખવાની નિશાની એ કે એવા ચપટ પગવાળાને પગમાં દરદ, થાક ને અશક્તિ વર્તાય છે.



કમાનવાળા પગની છાપ
અને ચપટ પગની છાપ

હાડકાંની રચના

હાડકાંમાં મુખ્યત્વે ખનિજ ક્ષારો આવેલા છે. બહારથી કઠણ દેખાતાં હાડકાંમાં પણ ૨૫ ટકા પાણી હોય છે! ઉપરાંત ૩૦ ટકા કોલાજન (પ્રોટીન પદાર્થ) અને બાકીના ૪૫ ટકા ખનિજ દ્રવ્યોમાં કૅલ્સ્યમ ફૉસ્ફેટ, કૅલ્સ્યમ કાર્બોનેટ અને મૅગ્નેશ્યમ ફૉસ્ફેટ છે.

આમ હોવાથી હાડકાં ખૂબ મજબૂત હોય છે. ડૉ. કહાન લખે છે: 'પ્રયોગો દ્વારા સાબિત થયું છે કે હાડકું ઇંટ કરતાં ત્રીસ ગણું વધારે, અડદિયા પથ્થર કરતાં ત્રણ ગણું વધારે અને બીડ લોઢાની બરોબરીનું વજન ઉપાડી શકે છે. એના ઉપર જેમ વધારે વજન ઉપાડવાનો મહાવરો પાડવામાં આવે એમ એની મજબૂતાઈ વધે છે. બધાં હાડકાંઓમાં મજબૂતમાં મજબૂત હાડકું પગના નળા (tibia)નું છે. સાધારણરીતે તે ત્રણ મણ વજન ઉપાડી શકે છે, પણ આથી ત્રીસ ગણું વધારે વજન ઉપાડવાની પણ એમાં તાકાત સમાએલી છે!'


હાડકું આવું સખત હોવા છતાં વળી એવું મૃદુ પણ છે અને સ્થિતિસ્થાપક પણ. સહેજ માત્ર અથડાતાં ઊછળીને વેગળા પડતા બિલિયર્ડ-બૉલ પણ હાડકાંની જ બનાવટ છે. મજબૂતાઇની સાથે સ્થિતિસ્થાપકતા, એવો પરસ્પરવિરોધી ગુણધર્મ તો એકલાં હાડકાંમાં જ જોવા મળે છે. વળી તે ટકાઉ પણ જબ્બર છે. લાખ્ખો વર્ષનાં જૂનાં હાડકાં હજુ પણ હાથ લાગે છે. પાણી કે ભેજથી તે બગડતાં નથી. આ દૃષ્ટિએ તો તે લોખંડ આદિ ધાતુઓ કરતાં પણ શ્રેષ્ઠ છે. હાડકાંના આવા ચિરસ્થાયી ગુણને લીધે જ દધીચિ ઋષિનાં હાડકાં વજ્ર બનાવવા માટે લેવામાં આવ્યાં હશેને?

કૅલ્સ્યમ અને કોલાજેનનું પ્રમાણ હાડકે હાડકે જુદું હોય છે, અને એક જ હાડકામાં પણ ઉમર અનુસાર તેમાં ફેર પડે છે. નાની ઉમરમાં કોલાજેન વધારે હોય છે. આથી જુવાન માણસ તો જાણે કે પોતાના શરીરમાં હાડકાં જ ન હોય એમ રમત વેળા પોતાના અવયવો હવામાં ફંગોળતો હોય છે. પણ ઘરડી ઉમરે કૅલ્સ્યમનું પ્રમાણ વધે છે. આથી તે બરડ બને છે. સહજ ઈજા થવાથી કે પડી જવાથી હાડકું તરત ભાંગે છે, અને સંધાય છે પણ મોડું તેમજ મહામુશ્કેલીએ.

હાડકું મોટે ભાગે ઇજા થવાથી કે પડવાથી ભાંગે છે. આમાં ચિંતા, ક્રોધ આદિ માનસિક વ્યથા કે ક્ષોભ પણ પડી જવાના આદિ કારણ રૂપ છે. હાડવૈદ હાડકાંના ભાંગેલા છેડાઓને બરાબર ગોઠવીને, ખાસ ઔષધોનો બનાવેલો, સુકાઈને પથ્થર જેવો થતો ચીકણો લેપ અથવા તો પ્લાસ્ટર ઑવ પૅરિસ નામની પકવેલી ચીરોડીનો પાટો બાંધે છે. ભાંગેલા હાડકાના છેડાઓનું જરાપણ હલનચલન ના થાય અને હાડકાં એકમીજા સાથે સજ્જડ જોડાઇને કુદરતી રીતે સંધાઇ જાય, એ આ સારવારનો મુદ્દો હોય છે.

હાડકું ભાંગે એટલે તરત તેની આસપાસ લોહી અને લસીનો ગઠ્ઠો જામવા માંડે છે, અને થોડા કલાક બાદ એમાં ફાઇબ્રોબ્લાસ્ટ નામના કોષો પેદા થાય છે, જે કૅલ્સ્યમથી તરબોળ બને છે. બોંતેરથી છન્નુ કલાકની અંદર તો હાડકાના છેડાઓને સાંધનો આ કોષોનો જથ્થો એકઠો થાય છે, જે કૅલસ (callus) કહેવાય છે. આમાં કૅલ્સ્યમ ભજ્યા કરે છે, જે છેવટે સખત હાડકામાં પરિણમે છે.

લાંબાં હાડકાં વચમાંથી પોલાં હોય છે. એ પોલાણમાં વાદળી જેવો પોચો ને સરેશ જેવો ચીકણો તથા રતાશપડતો પીળો પદાર્થ રહે છે. તે માવો (bone-marrow) કહેવાય છે. આ માવો એ લોહીના કણોની ટંકશાળ છે. આમાંથી રોજના કરોડો કણો પેદા થઇ લોહીમાં ભળે છે. શરીરવિષે લોહીનાકણોની ઉપયોગિતા તો આપણી જાણીની છે. એને પેદા કરનાર આવા શ્રમની 'માવા'ને કુદરતે શરીરના છેક ઊંડાણમાં હાડકાંરૂપી મજબૂત તિજોરીના પોલાણમાં કેવો સુરક્ષિત રાખ્યો છે!



હાડકાં એ શરીરના કૅલ્સ્યમની ખાણ છે. જ્ઞાનતંતુ, લોહી અને માંસપેશીઓમાં જ્યારે કૅલ્સ્યમની તાણ પડે છે ત્યારે હાડકાંમાંથી જ તે ખોટ પૂરી પડે છે. પૂરતા પોષણ અને દૂધ વગરના ખોરાક ઉપર ઊછરતાં બાળકોનાં હાડકાંમાં કૅલ્સ્યમ ઓછું હોવાથી એમનાં હાડકાં પોચાં અને વળેલાં હોય છે.

મરેલા માનવીનાં કોઈપણ અંગ ઉપયોગમાં નથી આવતાં. પશુઓની સરખામણીમાં આ નાલેશી દૂર કરે એવી એક ક્રાન્તિભરી શોધ હમણાં થઇ છે. મૃત્યુ બાદ ત્રણ કલાકની અંદર માનવીનાં હાડકાં, દાંત, મગજ અને આંખ કાઢી લઈ, તે અવયવોના કોષો જીવતા રહે એ રીતે એમને ઠાર-પેટીઓમાં સંઘરવાની તરકીબ યોજાઇ છે. હાડકાંનો દળેલો ભૂકો કે ગાંગડા (જેને બોન-મિલ કહેવામાં આવે છે) હવા ન પ્રવેશે એવી સીલબંધ શીશીઓમાં ભરી પુષ્કળ ઠંડકમાં સાચવી રાખવામાં આવે છે. સડેલાં કે ભાંગેલાં હાડકાંને બદલે નવું હાડકું મૂકવાની કે બોન મિલ પૂરવાની અને કલમ કરી ચોંટાડવાની ચમત્કારિક શસ્ત્રક્રિયા કરવામાં તે ઉપયોગમાં આવે છે. આ સારવારના પરિણામે દરદી કોઈપણ જાતની ખોડખાંપણ કે શારીરિક અશક્તિ વગરનો નરવો બને છે.

(ચાલુ)



જેમાં લેખક અચેતન રંગભૂમિના રસિકો ને ઍમૅટર અદાકારોને માટે પોતાના અનુભવના નવનીતરૂપ આઠ કલમોની એક 'સ્મૃતિ' તૈયાર કરી આપે છે.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

એક મોટી સંસ્થાએ ધર્માદા ફંડ માટે મારી રજા વિના જ મારું નાટક પસંદ કર્યું. રૉયલ્ટીની તો વાત નહિ, પણ ઉપરથી 'તમારે તો બે ટિકિટ લેવી જ પડશે' એમ બેત્રણ છોકરીઓ લાડતી મારી પાસે આવી. પછી . . . ?

એક વાર ટિકિટ વેચવામાં ઉસ્તાદ મનાતી બેત્રણ છોકરીઓ ના કહેવા છતાં દસદસની બે ટિકિટ મને ઝાસી ગઇ. 'એ તો પૈસા આપશેસ્તો; પછી આપશે; ક્યાં જવાના છે?' ઓત્તારીની! પછી . . . ?

એક વાર એક હૉલની માલિક, પોતાનો હૉલ છે એ હક્કથી, ચાલુ રીહર્સલે બેત્રણ અડબંગ સગલીઓ સાથે આવીને બેઠી અને પોતાનું ડહાપણ બતાવવા રીહર્સલમાં ડખલ કરવા લાગી. મારા એક સાથીને કહે 'જરા મોટેથી બોલો તો સારું.' પછી . . . ?

પછી તેની સામે શા શા કીમિયા અજમાવ્યા તે આ હપતામાં વાંચો.

હવે 'નરસૈંયો' 'આગગાડી' અને 'રંગલીલા' એ ત્રણ પ્રયોગો જોવાના રહ્યા. એ હવે પછીના દાયકામાં. અત્યારે તો આટલા અનુભવના એકબે પદાર્થપાઠ નોંધી લઇ ઇતિશ્રી કરીએ.

આમ કંઈક મંડળોના આશરા હેઠળ જુદીજુદી જાતના સ્વભાવના માણસો સાથે વિવિધ પ્રકારનાં નાટકો કર્યાં એમાંથી આખરે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ સાંપડ્યા એની તારવણી નીચેની સ્મૃતિમાં :

(૧) નાટક નાટકશાળામાં જ થઇ શકે, હૉલ કે ભવન કે ખંડમાં ન થઇ શકે. (૨) જ્યાં નાટક કરવાનું હોય તે જગ્યા, તે નાટકશાળા, નાટક કરનારાના સંપૂર્ણ કાબૂમાં ઓછામાં ઓછા પંદર-વીસ દિવસો પહેલાં હોવી જોઇએ. (૩) જે નાટક કરાવતું હોય તે, એટલેકે સૂત્રધાર સિવાય બીજા કોઈની ડખલગીરી નાટક કરવામાં હોવી ન જોઇએ.

હવે નાટ્યસ્મૃતિની આ ત્રણ કલમો જરા વિગતથી ચર્ચી લઈએ. આજે મોટા ભાગનાં નાટકો ઢંગધડા વિના બાંધેલા હૉલમાં કરવામાં આવે છે. ન ત્યાં અવાજનું ઠેકાણું રહે, ન ત્યાં જોનારાઓને જોવાની પૂરી સગવડ મળે. હૉલ વાપરવા આપનારા કેવળ પૈસા ઉપજાવવા જ હૉલ આપે છે. કેટલેક ઠેકાણે હૉલના સત્તાધીશો હક્કની રૂએ પહેલી પાંચ-દસ ખુરશી પર મફત બેસી પટલાઇ પણ કરે છે. ક્યાંક હૉલમાં એકાદ ખીલો પણ મારવા દેતા નથી. કમનસીબે સિનેમાને લઇને નાટકશાળાઓ ઓછી થતી જાય છે. તો બહેતર છે કે નાટકો બંધ કરવાં, ન કરવાં. લોકોને ચટ હશે તો નાટકશાળા બંધાવશે. પારકા હૉલમાં કરવાથી પૂરાંપાધરાં રીહર્સલો થતાં નથી એટલે નાટક બગડે છે, એમાં જોઈતી સફાઇ, ઝડપ, ફિનિશ, સર્વાંગ સુંદરતા જળવાતી નથી. પરિણામે મહેનત બરબાદ જાય છે, નાટકકારનું નામ બગડે છે, નાટકની કીર્તિને કલંક લાગે છે.

(૪) દયાધર્મનાં નાટકો—ચૅરિટી શો બંધ કરવા જોઇએ.

મેં એ પાપ કીધાં; બીજા હવે ન કરે તો સારું. રંગભૂમિનો આવો દુરુપયોગ થતો અટકવો જોઇએ. ધંધાદારી નાટકો તૂટવા લાગ્યાં. બિનધંધાદારી નાટકોએ લાખો રૂપિયાએકઠા કરી ફંડફાળામાંઆપ્યા, પણ એમ કરતાં નાટકો બગડ્યાં; નાટકકારો નટો ન ફૂલ્યાં. પરિણામે નાટકોની પૂરી પડતી દશા આવી.

કલમ ૩ અને ૪ સાથે વિચારતાં : આવા સંજોગોમાં જે સંસ્થા નાટક કરે યા કરાવે તેના સંચાલકોએ નાટક કે કલાનું કશું ભાન ન હોવા છતાં, કયું નાટક કરવું, તે કેવી રીતે કરવું વગેરેની શિખામણ આપવી, એને નાક કાનની સમજ વિના ગમે તેમ કાપવું, એમાં મામામાશીનાને લાયકાત વિના અગત્યના પાઠો આપવા, બધા દોઢડાહ્યાઓએ વિના સમજણે નાટકના ખાં થઇ દરેક જાતની સમજણ આપવા બેસવું, ને પરિણામે નાટકનું નામ બોળવું,—આ હવે અટકવું જોઇએ.

કંઈક સંસ્થાના મંત્રીઓ, મંત્રી હોવાની રૂએ, નાટક નક્કી કરતાં ને ભજવાતાં, પોને સોળે કળાના ખાં છે એવી વૃત્તિ ધારણ કરતા મારા અનુભવમાં આવ્યા છે. આવા દોઢ ચતુરોમાં મોટા ભાગના ચાર ચોપડી ભણીને ડિગ્રી લેનારા હોય છે. એમાં ખાસ કરીને વકીલો, ડાકટરો ને પ્રોફેસરોથી તો તોબા! પોતે જાણે બધું જ જાણે એવો ફાંકો રાખી એ ફરતા હોય છે. એક નાટક લખવાની તો વાત રહી, પણ એકે એણે વાંચ્યું પણ નહિ હોય; છતાં એનો દાવો સર્વજ્ઞનો હોય છે. એમણે અભ્યાસ કરવો; આવી દાદાગીરી નહિ.

એક પ્રસંગે એક ઊજવણામાં મને ખાસ નિમંત્રણ આપી બોલાવ્યો. 'અમે તમને નાટકને માટે બોલાવ્યા છે.' 'થૅંક્યૂ.' 'અમે ફલાણું નાટક નક્કી કર્યું છે.' મેં કહ્યું કે 'એ તમારા મન ઉપરાંતની વાત છે.' એઓ કહે, 'અમે એનો અધરો ભાગ કાપી નાખ્યો છે અને છ સીનમાં વચ્ચે બે નાચ અને ગરબા રાખીશું, એટલે લોકોને ગમશે.' મેં કહ્યું 'બધું તમે નક્કી કર્યું જ છે. વચ્ચે નાચ, ગરબા, ભાષણો હોય તે મને પસંદ નથી. સળંગ નાટક છે તેમ કરો.' તો ના કહી. મેં કહ્યું સાહેબજી. પરિણામે ચન્દ્રવદન ખરાબ—તૉરીમાં ખપ્યો તે જુદો.

એક મોટી સંસ્થાએ ધર્માદાફંડ માટે રજા વિના નાટક નક્કી કર્યું. રૉયલ્ટીની તો વાત નહિ, પણ ઉપરથી તમારે તો બે ટિકિટ લેવી જ પડશે એમ બેત્રણ છોકરીઓ બનીઠની લાડતી કહેવા આવી. છોકરીઓને બનાવી ઠનાવી ઘેરઘેર ટિકિટો વેચવા મોકલનારા પાપી છે. એવી રજા આપનારાં માબાપો નાટકકલાનું ભારે અપમાન કરે છે. આવો દુરુપયોગ અટકવો જ જોઈએ. એ નાટક લખવા માટેની આવી સજા રૂપે મેં ટિકિટો નહિ લીધી! પછી આઠ આનાની આખરની ટિકિટ લઈ જોવા ગયો, જ્યાં સંસ્થાના કરતાકારવતાના શૉફરો નોકરો બેઠેલા હતા. મને તો ભારે ગમ્મત પડી. આપણે વાયડામાં ખપ્યા.

ફરીથી એ જ સંસ્થાએ બીજું નાટક કરવાની હામ ભીડી. રજા ન માગી, તેમ ટિકિટ વેચવા પણ કોઈ ન આવ્યું. આપણે નોટીસ આપી. દોડધામ શરૂ થઇ. રૉયલ્ટીના પૈસા એ જ ફાળામાં આપવા સમજાવવા આવ્યા. જિદ્દી અને ઝેરીલો હું માનું શાનો? પૂરા દસ ટકા લીધા! હૉલવાળા, પરદાવાળા, ટિકિટો છાપવાવાળા, ને ટિકિટો વેચવાવાળા ટૅક્સી સુદ્ધાંના પૈસા લે, મેં શી ગુનેગારી કરી? લીધા. થોડા મહિના પછી એ જ સંસ્થામાં એમાંથી રકમ ભરી પેટ્રન તરીકે નામ નોંધાવ્યું, એટલે કાનૂન પ્રમાણે એક્સ ઑફિશિયો કમિટિમાં પછીની સભામાં હાજર. 'ચન્દ્રવદનભાઈ બહુ સરસ માણસ' શરૂ થઈ ગયું! ચાંપલાઇ, અવળચંડાઈ, વાયડાઈ, બધું આપોઆપ ઊડી ગયું.

એક વાર ટિકિટ વેચવામાં ફરતાદ મનાતી બેત્રણ એવી છોકરીઓ ના કહેવા છતાં દસદસની બે ટિકિટ ઝાંસી ગઈ. 'એ તો પૈસા આપશેસ્તો, પછી આપશે; ક્યાં જવાના છે?' ઓત્તારીની! કોઈ દોસ્તના બે નોકરોને શોધી એમને તેમાં નાટક જોવા મોકલેલા. ત્યાં સાથે સર—અને એવા જ બીજા માલેતુજાર શેઠિયા! મારી ટિકિટવાળાઓને બીજે બેસાડવાની વેતરણ ચાલી, પણ મેં એમને એવા એવા ભણાવેલા, અને માણસો એવા પાકા, તે ત્યાં સારો રકાસ થયો! પછી તપાસ ચાલી. નાટક થઇ ગયા પછી મારા પર પિસ્તાલ પડી. મેં કહ્યું કે ફરીથી એવી ધર્માદા ટિકિટો નાખી જશો તો ફરીથી એવું કરીશ. અલબત્ત, હું ચક્રમમાં ખપ્યો. રંગભૂમિને ઉગારવાની ખેવના રાખનારા સૌકોઇને હું એ પ્રમાણે કરવા આજીજી કરું છું.

અપવાદો કોને કબૂલ નહિ હોય? સ્ત્રીઓનો પાઠ સ્ત્રીઓ જ ભજવે એ સિદ્ધાંત જ જ્યાં કબૂલ નહિ હોય, નાટ્યકલાના અભ્યાસ અને જ્ઞાનનો દાવો કરનારા પ્રોફેસર મહાશયો જ નીતિના ઓઠા હેઠળ સ્ત્રી પુરુષોને સાથે નાટક કરવાની મના ફરમાવે, ત્યારે તો સ્ત્રીઓનો પાઠ સ્ત્રીઓ જ ભજવે એવી બાંગ મારવી પડેને? નીતિ કૈં નાટકના તખ્તા ઉપર જ ચોળાઇ-ચુંથાઈ નથી જતી. ત્યાં ધણીધણીઆણી બનતાં જ તેઓ પ્રેમમાં પડી નથી જતાં. હાં, ત્યાં તક મળી જાય; પણ તક તો ટ્રેનમાં મુસાફરી કરતાં, રસ્તે ચાલતાં, સવારે ફરવા જતાં, કોઇને ત્યાં લગ્નોમાં મ્હાલતાં દેવદર્શને જતાં નથી મળતી? અને તકો મળી તો ખોટું શું? ઘણાં યે માબાપો પોતાનાં બચ્ચાંઓને એવી પૂરતી તકો ન મળતાં કંઇક તરકટો કરી બનાવટી તકો ઊભી કરે છે, અને તેમાં ન ફાવતાં, આખરે બૅંક ઍકાઉન્ટ સાથે બૅંક ઍકાઉન્ટ પરણાવે છે! આ યે બધાં નાટક જ છે ને? હશે. અપવાદો તો શું, પણ રઘુવીર સાવકાર, બાલગાંધર્વ ને જયશંકરની ભારોભાર તારીફ મેં નથી કરી?

જયશંકર જેવો અભિનય કરી બતાવે એવા કિશોરોને તો હું ધન્યવાદ આપું. બિનધંધાદારી, અવેતન, ઍમેટર એવાં લેબલો લગાડનાર સેવાભાવી કોઇ આની બેઆની તો શું પણ બે પાઇ જેટલો યે જાણકાર પાક્યો છે? સ્ત્રીઓની સાડી લપેટ્યે સ્ત્રી નથી થવાતું. કેટલીક સ્ત્રીઓને પણ ન આવડે એથી અધિક સફાઇથી જયશંકર વસ્ત્રાભૂષણ કરી જાણે એ તો સૌ કબૂલે છે, મને યે કબૂલ છે. પણ એવું તો આવડે નહિ, શીખવું યે નહિ; અને ફાતડા જેવા બે પગે ચાલવાનાં યે જેનાં પૂરાં ઠેકાણાં નહિ તેવાઓ અવાજ અને અભિનયનાં ભોપાળાં બતાવે! એવાં બંગો તો બંધ કરવાં જ જોઇએને?

એવું જ ધર્મના ખેલોમાં. ભલે અપવાદો હોય. ધંધાદારી રંગભૂમિ સારી ચાલતી ત્યારે ખાસ્સા તેઓ નટો માટે બેનિફિટ નાઈટ આપતા; એકાદો નાટક પણ ધર્માદા આપતા. પણ છેલ્લા બે દાયકાથી તો એનો અતિરેક થઈ ગયો છે. મૂળનું જ ઠેકાણું નહિ, અને જે ધર્માદા કરવા નીકળી પડે છે એમાં સસ્તામાં નાચવાનાં અને ચાળા કરવાનાં ઓઠાં શોધી, રંગભૂમિને હીણી બનાવે છે. યુરોપ અમેરિકામાં દયાધર્મનાં નાટક થાય છે. પણ એનો આંક જુઓ. કેટલાં જૂજ, અને તે પણ મંડળી જામેલી હોય પછી જ. નહિ કે દર છાશવારે અખાડા માટે, લાયબ્રેરી માટે, બાળકોને દૂધ પીવડાવવા માટે! ગુજરાતના એક મહાસમૃદ્ધ શહેરની એક માલેતુજાર સોસાયટીની ઊગતી નિશાળનાં બાળકોને દૂધ પીવડાવવાના ફંડ માટે સેવકનો જ એક નાટક પસંદ કરવામાં આવ્યો હતો! ધૂળ પડી એ બાળકોનાં માબાપ પર! કન્યાશાળા માટે, મકાન માટે, મકાનના એક્સ્ટેન્શન માટે, રેલસંકટ માટે, દુકાળ માટે, સ્મારક-નિધિ માટે, કોથળી ફાળા માટે, રાહતકેન્દ્રો માટે, એવાંએવાં અનેક નાનાંમોટાં કારણો માટે નાટકો કરવા તૈયાર થઇ જનારા કૈંક હાલી નીકળેલા આજકાલ મળશે. આ બધી દયાધરમની મહાનુભાવતાથી ભરીભરી ભાવના ફક્ત માલેતુજાર ગણાતા ગુજરાતમાં જ વધારે છે! શી એની દયાધર્મની ભાવના! એ એટલી કુંઠિત થઈ ગઈ છે કે સીધી દયા નથી બતાવાતી કે પાધરો ધર્મ થતો નથી તે કોઈ બેચાર જુવાન છોકરા-છોકરી નાચેકૂદે ત્યારે એમની ધર્મવૃત્તિને પ્રગટ થવાની તક મળે છે!

જરા વધારેપડતું લાંબું થઈ ગયું, નહિ? બસ હવે. બંધ કરું એ પહેલાં જરાક જ વધારે વરાળ કાઢી લેવા દો.

ક્રિકેટની રમત પણ કળા છે. એની ચૅરિટી મૅચો હિંદ કે ઈંગ્લંડમાં કેટલી રમાઇ? સંગીતનાં સર્કલો ચાલે છે એમાં ફૈયાઝખાન કે ઓમકારનાથ, સુંદરાબાઈ કે તારાબાઇ, હીરાબાઈ કે બિસમિલ્લાખાનના ધર્મના જલસા કેટલા ગોઠવાયા? બસ, આ નાટકે જ એકલાએ ગુનેગારી કરી કે ત્યાં કોઈ કાયદાકાનૂન નહિ? એકલી રંગભૂમિનો જ બધો ઉપયોગ—દુરુપયોગ? નથી એની પાસે ઘર, નથી પ્રકાશ, નથી પૂરોપાધરો સરંજામ, નથી સાધન કે નથી શક્તિ, નથી રંગ ને નથી ભૂમિ, છતાં રંગભૂમિએ ઘણા ધર્મ પોષ્યા છે. નથી પોષાતી ફક્ત એ જાતે જ! આવા સમારંભો યોજનારા અણઘડ વડેરાઓ અને અજ્ઞાત કલાશત્રુઓ તો પાછા ઉપરથી શિરજોરી કરી ડહાપણ ડહોળે કે ફંડફાળામાં રકમ જવાની છે, એટલે નાટક માટે જોઈતી સામગ્રીમાં ખર્ચ નહિ જેવો કરજો; ઓછામાં ઓછી વસ્તુ; બને તો માગી લાવીને ચલાવજો; સારંગીવાળો ન મળે તો હરમોનિયમ ને તે ય પૈસા માગે તો રેકોર્ડથી ચલાવજો, પણ ખર્ચ નહિ કરતા! અરેરે બીચારી રંગભૂમિ! દયાધર્મનાં પૂતળાંઓ તારી જ દયા નથી ખાતાં! મારાં વ્હાલાં રંગભૂમિનાં રસિયાં નવજુવાન ભાઈબહેનો! રંગભૂમિનો છાશવારે થતો આવો દુરુપયોગ બંધ કરવા કમર કસો.

બીજા નંબરે ખોટું કામ કરનારી નિશાળો છે. એમણે સીધું રંગભૂમિ વિષે શિક્ષણ આપવું નથી, અને જ્યારેજ્યારે નાટકો કરે ત્યારે છબરડા કરાવે છે! ઉપર વર્ણવી તે 'સ્મૃતિ'માં એક બે બીજી કલમ વધારતાં એ સમજાશે:

(૫) જે નાટક હાથ લીધું હોય તે ભજવતાં દૃશ્યો પૂરા થતાં વચ્ચે આડા અલાયદા, રાસ, ગરબા યા પ્રમુખનાં ભાષણો વગેરેના કાર્યક્રમ કદી રાખવા નહિ. ઘણે ઠેકાણે હજી આવું થાય છે. નાટક એટલે નાટક: એમાં પ્રમુખના, બીજાએ લખી આપેલા, કંટાળાભરી રીતે વંચાતા ભાષણના નાટક કમેરી નાટકના સળંગ વહેતા રસને ખોટકાવવો નહિ. ઓમકારનાથે અરધો કલાક માલકોશ ગાયો હોય, અને હજી એના વિસ્તાર બાકી હોય ત્યાં વચ્ચે ભાષણ ઝાડો તો શું થાય? વા બીજી આઇટેમ મૂકો તો શું થાય?

(૬) નાટક કરાવનાર સૂત્રધારે માગામાશીના કર્યા વિના, જેટલા નાટકમાં ભાગ લેવાના હોય તે સિવાય એક પણ બહારનાને રીહર્સલ વખતે હાજર રહેવા દેવા નહિ—કોઈ પણ હિસાબે નહિ.

આ ઘણી અગત્યની કલમ છે, નાટકની સફળતાની જવાબદારી સમાન છે. આમાં લગભગ બધા જ ભૂલ કરે છે અને નાટકની આબરૂ શરૂઆતથી જ બગાડે છે. રીહર્સલ એ સ્નેહસંમેલન નથી, જલસો પણ નથી; વર્ગ છે, ક્લાસ છે, શિક્ષણશાળા છે. ત્યાં ભાગ લેનારાના દોસ્તો, ઓળખીતા કુતૂહલવૃત્તિથી આવે છે. પણ નાટકની સમજ નહિ, અને કલ્પનાશક્તિને અભાવે સૂત્રધારના મગજમાં જામી ગએલું આખું ચોકઠું એ સમજી શકતા જ નથી. કદીક સૂત્રધાર નાટકનો અમુક જ ભાગ કરાવે, બીજા અંકનો ત્રીજો પ્રવેશ યા અમુક ગીત જ બેસડાવે, યા એની ગેરહાજરીમાં એટલો ટુકડો છોડી નબળાને વધારે તાલીમ આપે, એવીએવી ઘડાતી સંધાતી કડી સાંભળી બહાર જઈ મોટે ભાગે એમના વર્તુલમાં કહે છે કે 'છઃ છઃ, હજી તો કંઈ ઠેકાણું નથી. કોઈને પાઠ પણ મોઢે નથી, મને તો કંઈ સમજ પડી જ નહિ, હજી અવાજ જ નથી ચાલતો', વગેરે. પરિણામે જોવા આવનારાના મગજમાં પૂર્વગ્રહો ઊભા થાય છે.

એક વાર એક પ્રસંગે રીહર્સલમાં નરસૈયાના પાઠમાં કંઠે રુદ્રાક્ષની કંઠી નહોતી. નાટકને મહિનાની વાર હતી. એક ચાલુ રીહર્સલે જરા મોડેથી આસ્તેથી ધુસી આવનારા એક દોઢડાહ્યા ભાઇએ પોતાની ચાતુરાઈ દાખવવા રીહર્સલ પૂરું થતાં અમૂલ્ય સૂચના કરી કે 'નરસૈયાની ડોકમાં કંઠી તો જોઇએ ને?' ચીડ તો એવી ચડી કે એની ગળચી મચડી નાખું! એવી જ એક બીજી ઘડીએ ત્રીજો અંક પહેલો શરૂ કરતાં એક બુઢ્ઢાએ તરત જ પૂછ્યું કે 'અરધું જ નાટક કરવાના છો?' મેં મિજાજમાં હા કહી, અને એ ગધેડાએ બહાર જઈ બધાને કહ્યું કે 'છઃ આખું નાટક નથી કરવાના!' એક વાર એક હૉલની માલિક પૈસાના છાકે ચાલુ રીહર્સલે પોતાનો હૉલ છે એટલે હક્કથી આવીને બેત્રણ અડબંગ સગીઓ સાથે આવીને બેઠી. બે મિનિટમાં જ ઠેરી ગઇ! અને એ ઠરી પણ ગઈ! તરત મારા એક સાથીને એનું ડહાપણ બતાવવા કહે છે કે જરા મોટેથી બોલો તો સારું. ખેલો ખેલી ખૂંદી અમે જે ખડું થઇ ગએલા એને, આ નાટકનું નામ નહિ સમજનાર ડોકરીએ આવી સૂચના કરી, અને મારું મગજ ફાટ્યું. પણ શાંતિથી બધાને ઇશારો આપી દીધો કે તરત જ ઢબુઢાંકણા કરી જ્યાં હતા ત્યાં બધા મોંય મૂગામૂગા બેસી ગયા! થોડી વારે બાઈ કહે કે કેમ આગળ કંઈ ચાલતું નથી? મેં કહ્યું, 'જી, અહીં ઊઠમણાનો સીન છે!' પણ પોતે પોતાનું ઊઠમણું જોએલું નહિ તે સમજી જ નહિ, અને બહુ વારે એની સગીએ એના ધ્યાનમાં આણ્યું કે એ તો જાણીજોઇને આમ રિસાઈ બેઠા છે, ત્યારે ફસકાયલું ડાચું કરી એણે ચાલતી પકડી!

ગીલગુડ કે જયશંકર જેવા આવી ચડે તો બેશક માન આપી બોલાવવા, બે બોલ કહે તો જરૂર સાંભળવા, પણ તૂટલંડોળિયાઓને તો જરૂર આઘા જ રાખવા. રીહર્સલ વખતે બહારનાને કદી પણ દાખલ થવા દેવા નહિ.

(૭) સૂત્રધારે આખર સુધી અમુક જાગે અમુક પાઠ ભજવવાનો છે, એ નિર્ણય છેવટનો છે એમ તો કદી કહેવું નહિ. 'તમે હમણાં આ પાઠ કરો', બસ, એટલું જ કહેવું.

આપણાં માણસોનાં મનમાંના ઈર્ષ્યાવેડા, માનાપમાન, ખોટાંખરાં લાગવાની સહેજે તેજીલી વૃત્તિઓ વગેરેને લઇને આ કલમ તો અનુભવે શીખવાડેલી 'ગ્રંથનામૃત ગુટિકા' છે. કદી કોઇ સારું મળી આવે, કોઇને બદલે બીજાનું બદલવું આપણને જ ઠીક લાગે, તો રસ્તો કાઢી શકાય, કામ સૂતરું થાય અને સંબંધ ન બગડે એટલા માટે.

(૮) સૂત્રધારે જાતે જેમ બને તેમ પક્ષાપક્ષીથી દૂર રહી ફક્ત પાત્રને અનુરૂપ પાઠ આપવા. લાકડે માકડાં વળગાડવાં નહિ.

આ જરા અઘરું કામ છે, પણ આમાં જેટલો મન પર વિજય એટલો નાટકનો જયજયકાર સમજવો.

નાટકનું ઘડતર તો રીહર્સલોમાં જ થાય છે. લેખકે એનું ચણતર તો કર્યું છે. એ મકાનને રંગરોગાને શોભીતું તો ભજવીને જ બનાવાય. સૂત્રધારે નાટકનો હેતુ પકડી, એ ભજવનારને સ્પષ્ટ કરી, રીહર્સલોમાં મરામત કરામત કરતા રહેવું. કદી કાપવું પણ પડે, ક્યાંક અદાકાર અધૂરો હોય તો વળી બે બોલ ઉમેરવા પણ પડે. અને બોલનારને અમુક શબ્દ ફાવતો ન હોય તો એનો પર્યાય પણ યોજવો પડે.

દુઃખની વાત એટલી જ છે કે નાટકો કરવા માટે આપણે હજી આપણું રંગભૂમિનું ફલક વિસ્તાર્યું નથી. ગુજરાતના સમાજ અને ધાર્મિક વિષયમાંથી ભાગ્યે જ પ્રતાપ કે શિવાજી સુધી યા તરજૂમામાં શાહજહાં કે અકબર સુધી બહાર ગયા હોઈશું. ના, આ નહિ ચાલે. બર્નાર્ડ શૉએ જેમ ફ્રાન્સ જઇ સેન્ટ જોન લખ્યું. કંઇક યુરોપીય લેખકોએ યુરોપ બહારની વસ્તુ લીધી, એમ આપણે આપણા સંકુચિત ફલકની બહાર જઈ અવનવા વિષયો વિચારવા પડશે. સદાકાળને માટે સજીવન એવી વસ્તુઓના વણાટ કરવા પડશે (ચાલુ)

જોડાસાંકોર ધારે (અનુસંધાન પૃષ્ઠ ૧૬૦થી)

બા વરંડા બહાર નાની એવી છાપરી નીચે રસોઇ કરે છે; બાપુજી સામેના ફાણુસના ઝાડ નીચે પાટ પર બેઠાબેઠા મિત્રો સાથે વાતોએ ચડ્યા છે; અને હું સિરાજુદ્દૌલાનો ઈતિહાસ મોઢે કરું છું. એક દિવસ નિયમ મુજબ બાપુજી પાસે મારે પરીક્ષા આપવી પડી. એના પરિણામમાં હું સમરદાને અંગૂઠો બતાવી પહેલું ઈનામ જીતી ગયેલો. ચાલાકીથી નહિ; પણ રીતસર ભણીને. ઈનામમાં મને મોટું એવું એક વિલાયતી 'ઑર્ગન' વાજું મળેલું. જે આજે પણ મારી પાસે છે. ચાટુજ્જે માસ્તર પાસે થોડુંક ગાતાં પણ શીખ્યો હતો:

હાય રે સાહેબ બેલાકર

આગિ માઈ દેબો; તુઇ બાહુર ઘર.
ઓટિ શિષ્ટ બાહુર; ગુઁતોય નાકો.
કાન દુટો આર મુચડે ઘર.
હાય રે સાહેબ બેલાકર.

[હાય રે સાહેબ બેલાકર, હું દોઉં ગાય, તું વાછડો ઝાલ. ડાહ્યાં છે એ. ધક્કો નહિ મારે, કાન આમળીને ઝાલજે એને, હાય રે સાહેબ બેલાકર]

એ હું પહેલું ગીત શીખ્યો. બ્લૅકાર નામનો એક ગોરો ઘોડે ચડી રોજ ફરવા નીકળતો, ને પાછો ફરતાં દૂધવાળાને ત્યાંથી પાશેર દૂધ પીતો જતો. શેરીનાં લોકોએ એને જોઇને આ જોડકણું જોડેલું. (ચાલુ)

જોડાસાંકોર ધારે

કલાકાર અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા
શ્રીમતી રાણી ચંદના બંગાળી પરથી અનુવાદક
રમણિક મેઘાણી

૬ કોન-નગર

હું નાનો હતો ત્યારે ઉનાળો અમે લગભગ ગંગાકિનારે અમારા વાડીવાળા મકાનમાં જ ગાળતા. કોનનગરના વાડીવાળા મકાને જવાનું નક્કી થયું બા, ફઈબા. સૌ આવવાનાં હતાં, અને સાથે જવાના હતા હું અને સમર દા (ત્રીજા ભાઈ સમરેન્દ્રનાથ). મોટાભાઈ (ગગનેન્દ્રનાથ) ઘેર રહેવાના હતા. મોટા થયા છે, રોજ નિશાળે જાય છે; ત્યાં આવે તો ભણતર બગડે ને? અમારા આનંદની કોને ખબર હતી? કાલ સવારે જ જવાનું છે એ જાણ્યા પછી આ રાત પણ જતી નથી. રાત આખી રાહ જ જોઇ કે સવાર ક્યારે પડે!


બાપુજી રોજ સવારે ચાર વાગ્યે ઊઠતા. ઊઠીને હાથમોં ધોઈ કરીને દાદર ઉપરના ઘડિયાળવાળા ઘરમાં બેસી કાલીસિંહ કૃત 'મહાભારત' વાંચે. એમની સાથે હોય ઈશ્વરબાબુ. એ એક જ વખતે અમે બાપુજી પાસે જઈ શકતા. પ્રભાત પડે ન પડે ત્યાં ચાકરો અમને ઉઠાડી, હાથ-મોં ધોઈ બાપુજી પાસે મૂકી જાય. બાપુજી વાંચે અને અમે સાંભળીએ. એ વાર્તાઓ દ્વારા જ અમારા શિક્ષણનો પ્રારંભ થયો. કોઈક કોઈક વાર્તા બહુ ગમતી, તો ક્યારેક વળી ઊંઘથી આંખો બિડાઇ જતી. વચ્ચેવચ્ચે બાપુજી સમરદા પાસે વંચાવે. સમરદા એ જબ્બર મહાભારત હાથમાં લઇ કડકડાટ વાંચી જતા, પણ બાપુજી મને કદી એ વાંચવાનું ન કહેતા. કહ્યું હોત તો કેવી ભારે થાત!

હં, હવે કોનનગર તો જવાનું જ હતું. એ દિવસે પ્રભાત કેટલું મોડું પડ્યું હતું! ચાકર રામલાલે આવીને જેવો સાદ પાડ્યો કે



'ઊઠો' કે તરત જ કૂદકો મારતોક ને ઊઠીને હાથ-મોં ધોઇ કપડાં બદલીને તૈયાર થઇ ગયો. નોકર ચાકર તો અગાઉથી જ ચાલ્યા ગયા હતા હવે અમારે જવાનું હતું. બે ઘોળા ઘોડાવાળી મોટી ઉઘાડી ગાડી પાંચ વાગ્યે દરવાજે આવી ને અમે એમાં બેઠા.

અમને આગળની બેઠક પર બેસાડી પાછલી બેઠક પર બાપુજી બેઠા. અમારી બેઉ બાજુ બીજા બે માણસ. પાછા અમે પડી જઈએ તો? એ જમાનામાં ગાડી એકબાજુથી ઉઘાડી રહેતી એટલે નાનાં બાળકોનો પડી જવાનો બહુ ભય રહેતો. બા, ફઈબા વગેરે અમારી પહેલાં ઑફિસની બંધ ગાડીમાં રવાના થઈ ગયાં હતાં. અમારી ગાડીની પાછળ બે સાઇસ ઊભાઊભા



ગારે ખભે બંદૂક રાખી બાપુજીએ જ્યોતિકાકાના ઘરનું નિશાન લીધું.

'એક બાજુ! એઇ, એક બાજુ, ગાડી આતા હૈ!' બોલતા હતા. ઘોડાના દાબડા તબડક તબડક બોલતા હતા. જોડાસાંકોની ગલી વટાવી ગાડી શિવમંદિર વટાવીને આગળ ચાલી. ધોરી માર્ગો પરના સુધરાઈના દીવા ત્યારે હજુ જલતા હતા. ચારે બાજુ ધૂંધળું અંધારું હતું. ઊંઘતા ગામની વચ્ચે થઇને ગાડી આગળ વધતી હાવરા પૂલ પાસે પહોંચી. દૂરથી જોતાં પૂલ ઉપર જાણે બે ઊંચા ને જબ્બર લોખંડી ચક્કર હોય એમ લાગતું, અને એનો અડધો ભાગ બહાર દેખાતો. હાવરાનો પૂલ ત્યારે પહેલવહેલો દીઠો, ને હું તો બી જ ગયો. એ બંને પૈડાં પર થઇને ગાડી જશે કે શું? ગાડી ઢોળાવમાં પડીને નીચે ગંગાજીમાં પડી જશે તો? ગાડી જેમજેમ આગળ વધતી હતી તેમતેમ મારી બીક પણ વધતી હતી. અને હું બે હાથે ગાડીની ગાદીને મજબુત રીતે પકડી એકદમ ચોંટી જવા મથતો. આખરે મેં જોયું કે ગાડી એ બેઉ ચક્કર વચ્ચે થઈને આગળ ચાલી ગઈ છે. બેઉ ચક્કરની વચ્ચે ગાડી જઈ શકે એટલો પહોળો મારગ હશે એ તો ત્યારે કલ્પનામાં પણ નહોતું આવતું. પૂલ વટાવી જકાતબારી પાર કરી ગાડી આગળ જતી હતી, મોટાંમોટાં વૃક્ષો નીચે થઇને, ગામમાં થઇને. એ ગામ હજુ ત્યારે પણ બરાબર જાગ્યું નહોતું. કરોળિયાનાં જાળાંની જેમ ધુમાડા વચ્ચેથી ધૂંધળું દેખાતું હતું. એની વચ્ચે થઇને અમારી ગાડી ચાલી જતી હતી. વચ્ચે ક્યારેક થોડી વાર ગંગા નદી દેખાતી ત્યારે મને થતું કે હવે આપણો મુકામ આવી ગયો, પણ ગાડી જરા વળાંક ફરે કે તુરત વૃક્ષોની પાછળ ગંગાજી અલોપ થઈ જતી.

સાલકિયા લગભગ જતાં ભીની માટીની કંઈ અજબ સુંદર સુગંધ આવી, એ એવી તો મીઠી લાગી હતી કે આજે પણ એની સ્મૃતિ નજર સામે તરવરે છે. થોડા સમય પહેલાં એ મારગે થઇને જ બાલી ગયો હતો, પણ એ ગામ જતાં માણેલી પેલી અજબ સુગંધ ફરીને માણવા ન મળી. એ સાલકિયાને હું ઓળખી જ ન શક્યો. શહેરો જાણે ગામડાં ભાંગી રહ્યાં છે. આજુબાજુ ગલી-કૂચી ને ગટરો ભરી છે.

અધ-રસ્તે ઘોડા બદલાવી, વળી સારી વાર સુધી એની લગામ ઝાલી, ચાલતાંચાલતાં આખરે કોનનગર પહોંચ્યા. એ જમાનામાં મોટરો નહોતી કે કલાકમાં શહેરમાંથી વાડીએ પહોંચાડી દે. અને એ સારું જ હતું. ધીરેધીરે ઘણું યે જોતાંજોતાં જવાતું. ગામની સ્ત્રીઓ તળાવકાંઠે હાથ ધોવા ઊતરી હતી. નાનાંનાનાં બાળકો લાલ ધૂળિયા મારગે નિશાળે જતાં હતાં. વચ્ચેવચ્ચે એકાદ રેંકડી અમારી ગાડીથી તરીને શહેર બાજુ ચાલી જતી. ઘરના ઓટલા ઉપર ઉભડક પગે બેઠાબેઠા કોઈક બુઢ્ઢાબાપા હોકો ગગડાવતા હતા. દાણાવાળાને ત્યાં દાણાવાળો છાપરી સરખી કરે છે; વૃક્ષોની પાછળથી સવારનો સૂરજ જળાંજળાં કરતો ડોકિયું કરે છે; એક બે મોટા કાગડા કા...કા...કરે

છે; રથના મેદાનમાં રથ ઊભો છે, એવાં તો કેટકેટલાં યે સુંદર દૃશ્યો! એવામાં ઓચિંતાં ધાનનાં વિશાળ ને હરિયાળાં ખેતરો દેખાયાં, અને એની પાછળ જ કોતરંગના ઇંટના ભઠ્ઠા દેખાયા. ત્યાં પહાડની જેમ ઇંટો ખડકીને આગ પેટાવવામાં આવી છે, એનો ધુમાડો ધીરેધીરે આકાશે જઈ રહ્યો છે. એની પછી જ અમારું કોનનગરનું વાડીવાળું મકાન હતું. નાનકડું એવું એ ધોળું મકાન એક ઢોળાવવાળી જગ્યાએ આવ્યું હતું. એની ઉત્તરે મોટી છત્રી જેવું ને નીચું એક ફણસનું ઝાડ હતું. વાડીવાળા મકાનની સામે જ ઊભા હતા અમારા ચાટુજ્જે મોશાય. ધોળી ને લાંબી દાઢી ને માથે જટા બાંધેલી, અને હાથમાં વાંસની એક લાકડી. ઋષિમુનિઓ જેવો ઉજળો દેહ. અમને ગાડી-માંથી તેડીને એમણે નીચે ઉતાર્યા.

ગંગાને પશ્ચિમાદે કાંઠે અમારી કોનનગરની વાડી હતી અને પેલે-પાર હતી અમારી પાનીહાટિની વાડી. જ્યોતિકાકા ત્યાં રહે. ક્યારેક આ બાજુથી બાપુજીનું નાનું નાવડું એ બાજુ જાય, તો ક્યારેક જ્યોતિ-કાકાની નાનકડી નાવ આ બાજુ આવે. બંદૂકનો ભડાકો કરી તેઓ સિગ્નલથી વાતો યે કરતા. એક વાર મને ટટ્ટાર ઊભો રાખી, મારે ખભે બંદૂક રાખી બાપુજીએ જ્યોતિકાકા રહેતા એ ઘરનું નિશાન લીધું અને જ્યોતિકાકાએ સામે પારથી ભડાકો કરી જવાબ આપ્યો. કાન લગોલગ બંદૂકનો 'ગુડુમ ગુડુમ' અવાજ થયો અને ગોળી કાન પાસે થઇને ચાલી ગઈ! આંખ મીંચી સખત થઇને હું ઊભો રહ્યો. બાપુજીની બીકે ઉંકારો સરખો યે ન કર્યો. મુદ્દે મને સાહસિક બના-વવાનો જ એમનો હેતુ હતો. પણ એમનો એ હેતુ બર ન આવ્યો!

બાપુજીને તરવાનો પણ બહુ શોખ હતો. તરીને એ ગંગા પાર કરી જતા. મને પણ તરતાં શીખવવાની એમની ઇચ્છા, એટલે નો-કરોને હુકમ કર્યો. નોકરો મારી કમ્મરે અંગૂછો બાંધી મને તળાવમાં છૂટો મૂકી દે અને પોતે મારાથી જરાક દૂર ઊભા રહે. હું ભયથી વ્યાકુળ થઇ જાઉં: તરું કે નહિ! પણ ગમે તેમ, હાથપગ પછાડતો પછાડતો આખરે કાંઠે પહોંચી જાઉં.

અમારે એક બહુ સરસ નાનકડી ટટ્ટુગાડી હતી. એ હતી તે વેળાના ગવર્નરની મેમસાહેબની. બાપુજીએ લિલામમાંથી એ ખરી-દેલી. પણ એ ઓછી અમારે માટે હતી? એ તો હતી સુનયની અને વિનયની બે દીકરીઓ માટે. પણ અમારે માટે એ ગાડી કોનનગર આવી હતી. એ નાનકડા ટટ્ટુઓવાળી નાની ગાડીમાં બેસી અમે રોજ સવારે ફરવા નીકળતા. અમારી વાડીની બહાર કુંભારવાડો હતો. ચાકડો ફરતો ફર્યા કરે અને સાથોસાથ નવા નવા ઘાટ ઊતરતા જાય. એ જોવામાં બહુ મઝા પડતી. મનમાં થતું કે હું યે એની જેમ ચાકડો ફેરવી પ્યાલાકૂજા ઉતારું! વચ્ચેવચ્ચે મોટી બે ઘોડાની ગાડી લઇને આવતા ઉત્તરપાડાના રાજા. અમારી ગાડીનો નાનો ટટ્ટુ ત્યારે આંખ મીંચી મારગની એક બાજુએ તરીને ઊભો રહેતો. ગાડીમાં બેઠાબેઠા એ વૃદ્ધ પૂછતા કે પેલી કોની ગાડી છે? કોનાં છોકરાં છે એ બધાં? આંખે એમને બરાબર સૂઝતું નહિ. એમની સાથેનો માણસ એમને અમારી ઓળખ આપતો. ને બધું સાંભળીને એ કહેતા 'સારું, સારું; અહીં આવી ગયા એ સારું થયું! એમને કહી દો કે એક વાર આવીશ હું'. અને એમની મોટી ગાડી તબડાક તબડાક કરતી પવનવેગે આગળ ચાલી જતી. અમારો નાનો ટટ્ટુ એની પાસે વામણો લાગતો. એને જોઈને મારગના લોકો હસતા કે જેવા નાના સવાર એવી જ નાની ઘોડાગાડી, અને એવો જ નાનો એનો ઘોડો. મોટો હતો એક ગાડી હાંકનાર ને બીજો અમારો જૂનો નોકર રામલાલ.

કોનનગરમાં ખૂબ મઝા કરતા. બોરડી પરથી બોર પાડીને ખાતા. વધે એ ખિસ્સામાં ભરતા. રેશમ જેવાં એ બોર. રમવા માટે પણ એક સરસ ચીજ હતી: પતંગિયાંને દોરે બાંધી એને પતંગની જેમ ઉડાડતો! સાંજે બાપુજી, બા વગેરે ઢોળાવ ઉપર એક ચબૂતરા પર બેસતાં. અમે વરંડાના દાદરને પગથિયે બેસીને ગંગા નદી જોયા કરતા. સામે જ વહી જતી હતી ગંગા. સામે પાર એક પાકો ઘાટ હતો અને એના ઉપર ત્રણ લાલ દરવાજાવાળું એક માળનું મકાન હતું. આંખ સામે આજે પણ બરાબર તરવરે છે. એવું જ ચીતરીને બતાવી શકું. એ ઘાટ બાજુ હું જોયાં જ કરતો. લોકો નહાવા આવતા, ક્યારેક-ક્યારેક વળી એકાદ બે છોકરીઓ બારણું ઉઘાડી ડોકિયું કરી પાછી દૂર સરી જઈ બારણું બંધ કરી દે. અને જોતો કલકલ કરતી વહી જતી ગંગાને. એક પછી એક હોડી સરી જાય છે. કોઈકે શઢ ખેંચ્યો છે, કોઇક ધીરેધીરે ચાલી જાય છે, તો કોઈક વળી હડેડાટ કરતી વહી જાય છે. જ્યારે ગંગા ઉપરના આકાશમાં વાદળાં ઘેરાતાં ત્યારે જોત-જોતાંમાં અર્ધી ગંગા કાલિન્દી બની જતી ને અર્ધી ગંગા ઝગઝગાટ કરતી ઊજળી બની જતી. એ પણ શું અજબ દૃશ્ય હતું! માછીમારો બધા હોડકાંમાં ઝટપટ ઘાટે આવી વાવંટોળ ઊઠવાનાં લક્ષણ જોતા. ગંગા હોડી-હોડકાં વિનાની સાફ બની જતી. જાણે એક બહુ મોટી એવી શ્યામ બિછાત બિછાવી ન હોય એવું લાગતું. ગંગાનું એ દૃશ્ય અજબ લાગતું. અને એવું જ બીજું દૃશ્ય બનતું સ્નાનયાત્રાના દિવસનું. ટોળેટોળાં 'વજરા'* આવતા. એમાં કેટલા યે લોકો ગીતો ગાતાગાતા શોરબકોર મચાવતા હાલ્યા આવે છે. અંદર ફાનસ ટમટમે છે ને એનો પ્રકાશ રાતનાં કાળાં પાણી ઉપર પડે છે. રાતોની રાતો જાગતો ખડખડિયા બાટે એ જોતો બેસતો. બરાબર જાણે એક ચલચિત્ર.

આ રીતે મારું આ જોવાનું કામકાજ દિવસ આખો ચાલ્યા કરતું. રાત્રે પથારીમાં પડતો ત્યારે પણ મારું કલ્પના કરવાનું તો ચાલ્યા જ કરતું. મન વિવિધ કલ્પનાઓમાં ચોંટ્યું રહેતું. બધું જાણે બરા-બર આંખ સામે જ હોય એમ લાગતું. ખડખડિયાની સામે જ ફણસનું એક ઝાડ હતું. રાત્રે ચંદ્રના અજવાળામાં એની નીચે ઘોર અંધારું થયું. દિવસે ચાટુજ્જે મોશાયે કહેલું કે રાત્રે એની નીચે ખિસકોલીનાં લગન થવાનાં છે. રાત્રે જાગતા બેસીને જોયું તો સાચે જ ફણસના ઝાડ નીચે ખિસકોલીનાં લગન થાય છે. ઝીણીઝીણી મશાલ લઇને વરપક્ષની જાન આવી છે. વાજાં, નગારાં, હો હા ને દોડાદોડી થઈ રહી છે એ બધું કલ્પનાની નજરે જોતો હતો. ફણસ નીચે આગિયા ભમતા હતા એનું ત્યારે ભાન નહોતું.

એ દિવસોમાં હું પહેલવહેલું ઝૂંપડું ચીતરતાં શીખ્યો. ત્યારે પેન્સિલ જેમતેમ ચલાવતાં શીખ્યો હતો. જેનીતેની નકલ કરતો. અમારા એ કોનનગરના ઘરમાં કેટલીક ઝૂંપડીઓ દેખાતી. ઝૂંપડીનું છાપરું ગોળાકારે હોય છે એ ત્યારે જ ખ્યાલમાં આવ્યું. એ અગાઉ હું વિલાયતી ઢબની ઝૂંપડી ચીતરતો: ડ્રૉઇંગ બુકમાં હોય છે તે જાતની. ભાઈઓ પાસે એક એ શીખ્યો હતો. પરંતુ બંગાળનાં ઝૂંપડાં કેવાં હોય છે એ તો કોનનગરમાં જાણ્યું. ને હજુ યે નથી ભૂલ્યો.

કોનનગરમાં ભાતભાતના લોકો આવતા. એક વાળંદ આવતો. મારે માટે એ પાળેલી ખિસકોલીનું બચ્ચું લઈ આવતો; સુઘરીના ખાલી માળા લઈ આવતો; ક્યારેક ક્યારેક બહુરૂપીને વેશે આવી તેનો ખેલ બતાવી જતો. બહુ મઝા આવતી. થોડુંથોડું ભણતો પણ ખરો; ફક્ત રમતો જ એમ નહિ. ગોકુલબ.બુ મને ભણાવતા. બંગાળનો ઇતિહાસ મોઢે કરાવતા. ટેબલ પર કાચના પ્યાલામાં અફીણની ગોળી પાણીમાં ભિંજાય છે; એનું પાણી લાલ થઈ ગયું છે; પેલી બાજુ

* વજરા=મોટી પહોળી હોડી

(અનુ. પૃ. ૧૫૮મે)

બનાસકાંઠાની કલાસમૃદ્ધિ

[૩] પયસ્વિની પર્ણાશા

લેખક પ્રો. રામપ્રસાદ શુક્લ એમ.એ.


બનાસની કલાસમૃદ્ધિ પણ એની અર્થસંપત્તિ કે પ્રાકૃતિક સૌન્દર્યની સંપત્તિ કરતાં જરાયે ઓછી નથી. અચલગઢ, દેલવાડા, કુંભારિયા (અને નષ્ટ થયેલ ચન્દ્રાવતી)નું શિલ્પ અમર કોટિમાં મૂકી શકાય એવું છે. ઉપરાંત સારોત્રા, ડીસા, વાયડ અને કસારમાં પણ જોવાલાયક મંદિરો વગેરે છે. જૂના ડીસાનું મહાદેવનું મંદિર અને સારોત્રાના જૈન મંદિરો પણ પુરાણાં છે.

તોપણ વિ. સં. ૧૧૦૦થી વહેલી તો આની કોઈની રચના થઈ લાગતી નથી. અહીંનાં રેતાળ મેદાનોની નીચે ઢંકાએલા ઐતિહાસિક અવશેષો ઘણે સ્થળે હશે, પણ આજે એની કેવળ કલ્પના જ કરવાની રહી. કોદાળીના ઘાએ તરત નીકળે એવા અવશેષોવાળા ટેકરા કે ટીંબાઓ નક્કી કરવાનું રેતને કારણે મુશ્કેલ છે. અને ગુજરાતનાં આ સપાટ મેદાનો તો વિદેશી આંતરયુદ્ધોની અગણ્ય ઘટનાઓનો ભોગ બન્યાં છે, એટલે નિર્માણ અને વિનાશ એ તો અહીં રોજની રીત થઈ પડેલી.

આબુ-દેલવાડાની કે કુંભારિયાની શિલ્પસમૃદ્ધિ વિષે તો આ લઘુલેખમાં કશું લખવું અસ્થાને છે. વળી ગુજરાતના એ બેનમૂન અને અતિસમૃદ્ધ સંસ્કારવારસા વિષે બર્જેસ અને કઝેન્સ જેવા પરદેશીઓથી માંડી અનેક કલાવિદોએ પ્રશસ્તિપૂર્ણ પ્રકાશ પાડયો છે.

પરંતુ દેલવાડાની એ આરસની અલકાઓ જોઇને મને અનેક વેળા એક વિચાર સ્ફુર્યા કરે છે કે આ મંદિરોની ખરી મહત્તા તો કલાકારોએ ઉપાદાન ઉપર મેળવેલા સંપૂર્ણ વિજયની છે. વ્યક્તિગતરીતે આપણે એકેક મૂર્તિને તપાસીએ તો રેતિયા પથ્થરના મૂર્તિવિધાન કરતાં આ મૂર્તિવિધાન ઊતરતી કોટિનું જણાશે. મોઢેરાની મૂર્તિઓના અંગમરોડો કે સાબરકાંઠામાંથી મળી આવેલા વીરભદ્ર શિવની શાંત છટા પાસે આની ગણના ઓછી ઊતરે. પરંતુ જે ભરચક સમૃદ્ધિ અહીં કલાકારોએ એકસામટી એકઠી કરી છે એનું મૂલ્ય ઓછું નથી. વામનમાંથી વિરાટને વિસ્તારવાનો એમણે પ્રયત્ન કર્યો છે. કલાકારના ધૈર્યને અહીં સીમા નથીઃ ઝીણામાં ઝીણી અગણિત વસ્તુઓ એ અવિશ્રાંતપણે સર્જ્યે જ જાય છે અને એને યથાસ્થાને ગોઠવે છે. આ ગોઠવણીની પાછળ સમગ્ર મંદિરની બાંધણી વિષેનો એક યોજનાપૂર્ણ વ્યવસ્થિત ખયાલ છે. ઘડનાર કરતાં યે ગોઠવનારની આવડત અહીં વધારે છે. પરંતુ એથી યે ચડી જાય એવી વિશિષ્ટ સિદ્ધિ તો કલાકારોએ, એ કઠિન આરસ જાણે કે મુલાયમ પોચું લાકડું ન હોય એટલી સાહજિકતાથી કરેલા તેના ઘડતરની છે. આરસ જાણે લાકડું હોય એવી અદાથી એ ઉપાદાન પર જે વશીકરણવિદ્યા શિલ્પીઓએ અહીં અજમાવી છે એમાં તેઓ સંપૂર્ણ સફળ થયા છે. (જુઓ સામે)

ઉપાદાન ઉપર આવો ગજબનો કાબૂ મેળવવા માટે લાંબી પરંપરા ને દીર્ઘ કલાસાધનાની આવશ્યકતા છે, જે બંને અહીં પ્રતીત થાય છે. લાકડાનાં મંદિરોની બાંધણીની પરંપરા આપણી પાસે સૈકાઓથી મોજૂદ હતી, પરંતુ ઉપાદાન બદલાયું ત્યારે પણ કલાકારોએ એ પરંપરિત ચૈતન્યપ્રવાહને જીવતો રાખીને સિદ્ધ કરી આપ્યું કે કલાકારનો આત્મા સહજ રીતે ઉપાદાનથી ઊફરો (ઊર્ધ્વ) જાય છે. ઉપાદાનને પોતાનો મનમાન્યો—કુદરતથી વિરુદ્ધ જતો દેખાતો—ઘાટ આપીને કલાકાર અહીં કૃતકૃત્ય થાય છે. સુપ્રસિદ્ધ રસશાસ્ત્રી ઓસ્રાંકૃતે કહે છે કે, 'The real underlying interest is in



આબુ–દેલવાડાનાં વિખ્યાત જૈન મંદિરો બનાસકાંઠાની જ કલાસમૃદ્ધિ છે. ત્યાંની એક છતમાં કંડારેલી આરસની પૂતળીઓના અંગભંગની લીલા દાખવતું શિલ્પ

the conquest of the difference of the medium.' ગુજરાતના શિલ્પીઓએ આ સૂત્રનું આચરણ સૈકાઓ પહેલાં કરી બતાવ્યું છે. વળી આટલી બધી સિદ્ધિ કેવળ કોરી સાધનાનું જ ફળ ન હોય. કવિહૃદયની ધૂન વિના આટલી અને આવી સિદ્ધિ શક્ય નથી; કારણ આનંદ વિનાનું તપ અરસિક કે વેદાંતજડ બની જાય છે. અહીં તો તપની સાથે આનંદ ભળીને સૌંદર્યલક્ષી કવિહૃદય વહ્યું છે. એટલે અહીંની શિલ્પકલા તો કવિહૃદય, કલાસાધનાની અતૂટ પરંપરા અને ઉપાદાનવિજયની ત્રિવેણીનું સંગમસ્થાન છે.

અચલગઢનું આરસકામ સુપ્રસિદ્ધ છે, પરંતુ મને મુગ્ધ કર્યો શિખર ઉપરની પુરાણી ગઢીએ. શિખરને ચોમેર ફરતો બેવડ કોટ છે, અને વચમાં કુંડના આકારે બાંધેલા ઘાટવાળું નાનું તળાવ છે. ટોચ ઉપર રાજપૂત પદ્ધતિની બાંધણીવાળા મહેલના અવશેષો છે જેના ઝરૂખા મનમોહક છે. ટોચ ઉપરના આ મહેલ કરતાં અધિક મોટો મહેલ નીચે બંધાયેલા પાડાવાળા કુંડથી ઊફરો ખંડિત દશામાં છે. એને ઉત્તર તરફ અને પૂર્વ તરફ બંને બાજુએ ઝરૂખાઓ છે. જાગે જોતાંમાં જ કોઈ પાતળી પરમાર આ ઝરૂખાઓ ઉપરથી ડોકાઇ પડશે એટલા તે સજીવ ભાસે છે. 'નાની શી નાર ને નાકે રે મોતી' એ પંક્તિને ચરિતાર્થ કરતી અખિલાઈ (સમગ્રની unity) આ બાંધણીમાં મૂર્ત થાય છે. કોઇ ભાવસભર ઊર્મિગીત પથ્થર કે ઇંટચૂનામાં ઉતારીએ તો એનો ઘાટ કેવો થાય એનો કાંઈક ખ્યાલ આ રાજપૂત બાંધણીમાં મળે છે. ચિતોડદુર્ગ પરનો રાણા કુંભાનો મહેલ કદાચ આ બાંધણીનો જળવાઈ રહેલો ઉત્તમ નમૂનો છે.

કસેરાનું ત્રિમૂર્તિમંદિર દર્શનીય છે. એની સ્થાપત્યશૈલી સુણાક, સંડેર, રૂહાવી, દેલમાળ, ધીણોજ, (ઉત્તર ગુજરાત), પરબડી (સુરાષ્ટ્ર) ઇત્યાદિ સ્થળોએ મળી આવતાં ચૌલુક્ય પદ્ધતિનાં નાના ઘાટનાં અગિયારમી સદીનાં મંદિરોને મળતી છે. પૂર્વાભિમુખ એના મંડપની આસપાસ ઉત્તર દિશાએ વિષ્ણુમંદિર, પૂર્વ દિશાએ શિવમંદિર અને દક્ષિણ દિશાએ બ્રહ્માનું મંદિર એ રીતે ત્રણ મંદિરોનું જૂથ છે. શિવમંદિરનાં દ્વાર પર ગણેશ અને શિવનાં વિવિધ સ્વરૂપો છે. ગોખમાં મહાકાલી, ભૈરવ, મહિષાસુરમર્દિની અને નટરાજની મૂર્તિઓ છે. વિષ્ણુમંદિરના ગોખમાં ગરુડવાહન લક્ષ્મીનારાયણ, ત્રિવિક્રમ અને વરાહની મૂર્તિઓ છે. આ ત્રિમૂર્તિમંદિરની રસપ્રદ વિશિષ્ટતા એ છે કે ત્રિમૂર્તિમાંના પ્રત્યેક દેવનું વ્યક્તિત્વ સ્પષ્ટરીતે સ્ફુટ થાય છે. ત્રણે મંદિરોને જોડતો સભામંડપ એક જ છે: જોકે ત્રણેનાં શિખરો જુદાં હતાં. (હાલ શિખરો ખંડિત થયેલાં છે). મધ્યપ્રાંતમાં ઝાબુઆ રાજ્યમાં અમરકંટક અને દેવગુણમાં તેમજ દક્ષિણ હિંદના વિજાપુર જિલ્લામાં આવાં ત્રિમૂર્તિમંદિરો છે.

સારોત્રાનું બાવનધ્વજ જૈનમંદિર પણ નોંધપાત્ર છે. એની દેવકુલિકાઓને બાવન ધ્વજસ્તંભો છે જે ઉપરથી કદાચ એનું બાવનધ્વજ નામ પડ્યું હશે. એને મંડપ તથા ગૂઢમંડપ છે. સભામંડપના પ્રવેશદ્વારની બંને બાજુએ બે દેવકુલિકાઓ છે, જેમાંની એકમાં ગણેશની ને બીજીમાં યક્ષિણીની મૂર્તિઓ છે. અનેક શિખરોયુક્ત આ મંદિરનો બહિર્ભાગ ખાસ જોવાલાયક છે. દેલવાડાનાં મુખ્ય મંદિરો અને દેવકુલિકાઓ ઉપર જો ઊંચાં શિખરોની રચના થઇ હોત તો એ કેવાં સોહામણાં દેખાત એનો ઠીક ખ્યાલ આને જોવાથી મળે છે.

વાયડની વાવ ઘણી જૂની વાવોમાંની એક છે. ૧૨૦ ફીટ લંબાઇ અને ૧૨ ફીટ ૮ ઇંચ પહોળાઈવાળી આ વાવ પાંચ માળની છે. પાટણની સુપ્રસિદ્ધ રાણીવાવને (જેનો એક ખંડ જ હાલ જોવા મળે છે) ઘણી રીતે મળતી આની રચના છે.

દાંતીવાડાથી દોઢેક માઈલના અંતરે સુરમાખરી ડુંગરમાળના પશ્ચિમ છેડે રાણીટૂંક નામની શંકુ આકારની એક ટેકરી છે. મધ્યયુગીન ધારાપુર નગરી અને ધારાસર સરોવરનાં સ્થાનો આ ટેકરીની તળેટીએ છે. નાટકમાં જેમ ગર્ભાંક હોય છે એમ એક પ્રણયકથાના અંતરમાંથી ઉપસી આવતી ત્રણત્રણ પ્રણયકથાઓ આ ટેકરી સાથે સંકળાયેલી છે. એ દંતકથા આ પ્રમાણે છે:

શિકારે નીકળેલો નગરપારકરનો રાજા ચંદન સોઢ એક વખત કોઈ સુવરની પાછળ પડ્યો. જનાવર બહુ જબરું હતું એટલે એ રણ તરફ નાઠું અને રણમાં પેસીને એક આખો દિવસ અને આખી ચાંદની રાત સુધી દોડયા કર્યું. છેવટે વાગડની દિશામાં રણને કિનારે કેરાકોટ નામની લાખા ફૂલાણીની રાજધાની પાસે એને ચંદન સોઢે પકડી પાડ્યું અને રાજધાનીના કોટની દીવાલ પાસે જ એને મારીને પોતે પાછો વળી નીકળ્યો. કોઈ અજાણ્યો માણસ આવીને કોટની આટલો નજીક શિકાર કરી કશું પણ કારણ દર્શાવ્યા વિના પાછો ચાલ્યો જાય એ પસંદ ન પડવાથી લાખા ફૂલાણીએ પોતાની એક ટુકડી સાથે એનો પીછો પકડ્યો. ચંદન સોઢને આંબી લેતાં એણે ખરી હકીકત નિવેદિત કરી, જે લાખાના માન્યામાં પ્રથમ તો ન આવી. કારણકે છેક પારકરથી આખું રણ ઘોડે ચડીને કોઇ વીંધે એ વાત એને અશક્ય લાગી. પરંતુ સુવરને ચીરી જોતાં એના પેટમાંનાં બાજરીનાં ડૂંડાં અને તરબૂચના અવશેષોવડે એ હકીકતની ખાત્રી થતાં ફૂલાણીએ પ્રસન્ન થઈ પોતાની કુંવરી ચંદન સોઢને આપવાની ઇચ્છા પ્રગટ કરી. પણ લાખાના કુટુંબને આ વાત ગમી નહિ, એટલે એમણે એવી યુક્તિ કરી કે રાજાનું વચન જાય નહિ અને ચંદન સોઢને કુંવરીને પરણે નહિ. નળાખ્યાનમાં જેમ નળની અશ્વવિદ્યાની પરીક્ષા કરવા ઋતુપર્ણને દમયંતી-સ્વયંવરના સમાચાર મોડા પહોંચાડવામાં આવ્યા હતા, તેમ ચંદન સોઢને પણ એક જ દિવસનો આંતરો રહે એ રીતે લગ્નના સમાચાર મોડા પહોંચાડવામાં આવ્યા. ચંદન સોઢને રણની પાર એક જ દિવસમાં પહોંચાડે એવો અશ્વ કે ઊંટ કોઈની પાસેથી ન મળ્યો. છેવટે ધારા નામના એક સુથારે પોતાની પાસેનું નીલગાયની જોડનું એક વેલડું જોડીને ચંદન સોઢને રણ વીંધી લગ્નના દિવસે સવારમાં કેરાકોટ પહોંચાડ્યાં. કન્યાપક્ષ તરફથી હવે તો અંતરાય ઊભો કરી શકાય એવું રહ્યું નહિ, એટલે લગ્નની સુખરૂપ પૂર્ણાહુતિ થઇ. પરંતુ લાખા ફૂલાણીને નીલગાયની જોડ વિષે જાણ થતાં એણે એ પડાવી લેવાના ઈરાદાથી સુથારને શિરે માળી રાજાની એક વિધવા રાણી સાથે દુર્વ્યવહાર કરવાનું આળ ઓઢાડી કેદ કર્યો. નિર્દોષ વિધવા રાણીને આ અકીર્તિકર આરોપથી ત્રાસ ઊઠી, એટલે એણે સુથાર સાથે સંતલસ કરીને નાસી જવાનો માર્ગ વિચાર્યો. ધારો સુથાર અને રાણી નીલગાયનું વેલડું જોડીને નાસી છૂટ્યાં. રાણીએ મહૂર્મ રાજાથી થયેલી પોતાની પુત્રી મારુને પણ સાથે લઈ લીધી. અને આ ત્રિપુટિએ ધારાપુર ગામ વસાવી ત્યાં નિવાસ કર્યો. દશકો વીત્યે રાજકુંવરી મારુ વયમાં આવતાં વીરમજી નામના એક યુવાન સોલંકી સાથે એનું વેવીશાળ કરવામાં આવ્યું. મારુના એક નિષ્ફળ પ્રણયી રબારી દેવરાજે ઇર્ષ્યાવશ થઇ ઉપરકોટના સોઢા સુમરાના કાન મારુના સૌંદર્યની અનેક વાતો કહીને ભંભેર્યા. સુમરાએ પોતાના ભાઈ મારફત મારુને પકડી મંગાવી એને મળવાનો સમય માગ્યો. મારુએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે પોતે છ માસ સુધી કોઇ પુરુષનું મોં ન જોવાની પ્રતિજ્ઞા લીધેલી છે, એટલે છ માસની અવધિ વીત્યા બાદ એ ખુશીથી સુમરાને મળશે. આ શરતનો સુમરાએ સ્વીકાર કરતાં મારુએ વીરમજીને સર્વ હકીકતના

હુઆ તો વિવાહ (અનુસંધાન પૃષ્ઠ ૧૪૯થી)

ખાદીની ટોપી પહેરી છે. સાથે નભુભાઈ કાંઈક નાની ઉંમરના, કાંઇક બંધા ને શરીરમાં સુક્કા અને ઊંચા છે. એમણે જરા ટૂંકુ ખાદીનું ધોતિયું, ખાદીનો હાફકોટ અને ખાદીની ટોપી પહેર્યાં છે. હાથમાં ખાદીની થેલી છે.]

છોટુભાઈ: (પ્રવેશ કરતાં) અમારા સુધાકરભાઈ નથી કે? આ જ એમની ઓરડી ને?



છોટુભાઈ

સ્નેહલ: (અણધારી વ્યક્તિઓને જોઇને શરૂઆતનો અચંબો દૂર થતાં, નફિકરાઈથી) હા જી, આ જ એમની રૂમ. આપ કોણ? એ જરા અગત્યના કામે બહાર ગયા છે, અને—

નભુભાઇ: પણ હમણાં આવશે તો ખરા ને?

સ્નેહલ: આવશે તો ખરા જ. પણ અત્યારે એમને ઘણું અગત્યનું કામ છે. બે ત્રણ ખાસ મહત્ત્વની વ્યક્તિઓ એમને મળવા માટે આવનાર છે, એટલે સ્વાગતની વ્યવસ્થા કરવા માટે ગયા છે.

છોટુ૰: પણ અમારે ય ખૂબ અગત્યનું કામ છે. બેસોને નભુભાઈ. આ અમારે અને સુધાકરભાઇના બાપાજી—આપણા ડિસ્ટ્રિક્ટ જજ ભટ્ટસાહેબને ઘર જેવું. એટલે આ પણ આપણું ઘર જ સમજવાનું. (નિરાંતે બેસીને, હાંફ ઊતરતાં સ્નેહલ તરફ જોઇને) તે ભાઈ, તમે આ બીડી પીઓ છો, તે—

સ્નેહલ: (તિરસ્કારથી) પાંચસો પંચાવનને તમે 'બીડી' કહો છો?

છોટુ૰: ઓ—હો. એ બધું એકનું એક. નરસૈંયાએ કહ્યું છે તેમ 'નામરૂપ જૂજવાં'; અંતે તો બધી બીડી જ ને? અસર પણ બધાંની એકસરખી થવાની. આ તમારી છાતી નબળી પડી જશે, મારા સમ—

સ્નેહલ: માફ કરજો વડિલ, પણ મારે તમારી—

છોટુ૰: મને પણ માફ કરજો જુવાન. ફોકટ શિખામણ આપવાની મને ટેવ નથી; પણ તમારા જેવા જે તેજસ્વી જુવાનોના હાથમાં દેશનું ભાવિ છે તેમનામાં આવી કુટેવો જોઇને જીવ બળે છે, એટલે—

સ્નેહલ: (બારી બહાર સિગારેટનું ઠૂંઠું ફેંકતાં ઊભો થઇને) એમ તો, વડિલ અમે પણ દેશ માટે માથાં સાટે ખેલ્યા છીએ. ઉંમરમાં ભલે તમારાથી ઘણા નાના હોઇશું, પણ લાઠીના ઘા અમે પણ ઝીલ્યા છે, હાં મહેરબાન!

છોટુ૰: (વિશ્વાસ ન પડતો હોય તે રીતે) તમે? આવા સુંવાળા છેલબટાઉ તમે? (હસે છે.)

સ્નેહલ: જી; હું મશ્કરી નથી કરતો, મારા વડિલ. ગુજરાતનાં ઘણાં યે ગામડાં અમે ખૂંદી વળ્યા છીએ. દિવસોના દિવસો સુધી ગુજરાતનાં ગામડાંનાં રસ્તા ખૂંદતા ખૂંદતા અમે નોકરશાહીને હંફાવી છે.

છોટુ૰: તમારી વાત કેમ કરીને મનાય? એવું હતું તો પછી આ બધા પહેરવેશ શા? હવે તો અંગ્રેજો ગયા; દેશના લોકો સામું નો જુઓ.

સ્નેહલ: એ અંગ્રેજોને કાઢ્યા તો અમે જ ને? તમે બધા તો જેલમાં જઇને બેઠા હશો, કદાચ. અને હવે કદાચ ધારાસભાની સુંવાળી ગાદીઓ શોભાવતા હશો. જ્યારે અમે તો ઘણા દિવસ કપરી હાડમારીઓ સહન કરી છે. હવે તો દેશ સ્વતંત્ર થયો છેઃ જે મોજ માણી તે ખરી. (બીજી સિગારેટ કાઢે છે).

છોટુ૰: નભુભાઈ, આ આપણા જુવાનોનાં મન કેવાં પલટાયાં છે તે જોયું ને? અને તેમ છતાં યે આવા વાતાવરણમાં પણ સુધાકરભાઈના પેલા ભાઈબંધ—શું નામ એમનું? આ આજકાલનાં અટપટાં સુધરેલાં નામ આપણને તો જલદીથી જીભે જ ન ચડે. ભટ્ટસાહેબ કહેતા હતા કે એ ભાઈ તો હજી પણ નરી ખાદી જ પહેરે છે; હાથે જ પોતાનું કામ કરે છે, અને વર્તનમાં પણ ખૂબ સુશીલ છે.

નભુ૰: કેમ ન હોય? એમ જ સમજો ને, કે યુવાનોના પણ બે નોખા વર્ગ જ થઈ ગયા છે. એક આ ભાઈની સાથે બેસે એવો અને બીજો સુધાકરભાઈના પેલા ભાઈબંધ—શું નામ?

છોટુ૰: મને ય માળું યાદ નથી રહ્યું. અરે, પણ સુધાકરભાઇને કેટલી વાર લાગશે, હજી? અમે આગળથી લખાવડાવ્યું તો હતું કે શનિવારે બપોરે અઢી વાગ્યે ચોક્કસ આવીશું—

સ્નેહલ: (સાશ્ચર્ય) તો તમે જ મળવા માટે આવવાના હતા? સુધાકરના મહેમાન તે તમે જ? અરેરે! પહેલેથી જ કહેવું હતું ને? નાહકની મારે હાથે અહીંની સાફસૂફી કરાવી. બેમાંથી એકે હવે દેખાય છે? (ઊભો થઇને હાથમાં ટેનીસ રૅકેટ ને બ્લુ બ્લેઝર છટાથી લઇને રૂઆબથી બહાર નીકળતાંનીકળતાં) આપ બેસો ત્યારે, હું સુધાકરને જઇને મોકલું છું. હમણાં જ આવી પહોંચશે. (જાય છે.)

છોટુ૰: શું મૂર્તિ ઘડી છે ને ઘડવૈયાએ! અને પાછો, માળો કહે છે કે સાહેબોને અમે દેશમાંથી હાંકી કાઢ્યા; તો હવે થોડી મોજ ન કરીએ? બિચ્ચારાઓને બહુ થાક પહોંચ્યો હશે, નહિ નભુભાઈ?

નભુ૰: આજકાલના જુવાનનું ખરુ દર્શન થયું.

છોટુ૰: આવાને પનારે દીકરી પડી હોય તો? સાચું કહું છું; મારી ચંપા તો કૂવો હવાડો જ કરે. એનાં પૂરાં પુણ્ય હશે—તે આપણા આ સુધાકરભાઈની સમજાવટે એમના પેલા મિત્ર—શું નામ પાછું? પેલા કાગળમાં ભટ્ટસાહેબે લખી આપ્યું'તું ને? એ કાગળ કાઢો તો.

નભુ૰: (થેલીમાંથી કાગળ કાઢીને વાંચતાં: 'સ્નેહલ'. કેવું સુંદર નામ છે? એનો અર્થ પણ પ્રેમાળ, નમ્ર એવો કાંઇ થાય એમ નો'તું કહ્યું ભટ્ટસાહેબે? પણ હજી સુધી આ સુધાકરભાઇ કેમ ન આવ્યા.

[વિનાયક ત્રિવેદી શુદ્ધ ખાદીનાં પણ ચોળાએલાં ધોતી-પહેરણમાં પ્રવેશે છે. માથાના વાળ કાંઈક અવ્યવસ્થિત છે. પગ ખુલ્લા છે.]

વિનાયક: (બનાવટી ડાવકાઈથી) સુધાકરભાઇ ગયા કે શું? મને એમણે અઢી વાગ્યે અહીં આવવા કહેલું, પણ શનિવારે તો ૧·૩૯થી ૨·૩૯ સુધી હું નિયમિત કાંતતો હોઉં છું, તેથી પાંચેક મિનિટ મોડું થયું છે. હં; પણ આપ બેઉમાંથી છોટાલાલભાઇ મારફતિયા કોણ?

છોટુ૰: તો પછી આપ જ?...(એનાં વસ્ત્રો તરફ જોઈ રહે છે.)

વિના૰: હં, હં; મને સુધાકરભાઇએ જણાવેલું કે એમના પિતાશ્રીના મિત્ર છોટાલાલભાઇ કોઇ અગત્યના કામ માટે મને મળવા આવવાના છે. મને ખૂબ આશ્ચર્ય થયું. મારા જેવા અદના માણસને મળવા માટે આપ જેવા અગ્રગણ્ય લોકસેવક અહીં સુધી આવે એ માટે મારે શરમાવા જેવું કહેવાય. (નભુભાઇ તરફ) કેમ, ખરું ને ભાઇ?

છોટુ૰: ના, ના, એમ તો શું? મારા પોતાના કામ માટે—

નભુ૰: એ તો પોતાના જ જરૂરી કામ માટે આપને મળવા આવ્યા છે, એટલે એમાં આપને શરમાવા જેવું શું?

વિના૰: (બનાવટી નમ્રતાથી) આપ બેઉ તો મારાથી ઉંમરે પિતા

તુલ્ય છો. આપ મને આ રીતે 'આપ' 'આપ' કહીને ન સંબોધશો.

[એક છેડેથી ખુરશી લેવા જાય છે.]

છોટુ૦: (નીચા સ્વરે) ભટ્ટસાહેબ નહોતા કહેતા, કે ખૂબ સાદા, સુશીલ ને વિવેકી છે?

વિનાο: (સાંભળી લીધું હોય તેમ) આપ મારી વાત કરો છો? મને તો લાગે છે કે આજના યુવાનમાં જ્યાં સુધી આ ત્રણ ગુણો નહિ ઊતરે ત્યાં સુધી દેશ કોઈ રીતે ઊંચો આવવાનો નથી. મારું તો જીવનવ્રત છે કે દેશના યુવાનોનું એ દૃષ્ટિએ જ ઘડતર થવું જોઇએ. સાદાઇ, સુશીલતા ને વિવેક એ તો તંદુરસ્ત સમાજનો પાયો છે.

છોટુ૦: (ઘેરી છાપ પડતી હોય તેમ અહોભાવથી) આપની વાત તદ્દન સાચી છે. અને—

વિનાο: અને જેનું એ જીવનવ્રત છે એણે પોતે તો એ રીતે જીવન જીવી પણ બતાવવું જોઇએ ને?

નભુ૦: સાચી જ વાત. અત્યારે તો, જુઓ છો ને, જે લોકો મોટી મોટી વાતો કરે છે તેમના પોતાના જીવનમાં જ અંધારું ઘબ્બ! આ પેલા કાનજી માસ્તર, તાલુકા સમિતિના સભ્ય, વાતો કરે લોકસંગ્રહની અને આમ તો કાળાં બજાર—

વિનાο: છી: છી: છી: ભાઈશ્રી, માફ કરશો. પરનિંદા કે ચાડી-ચુગલીનો મને ખૂબ કંટાળો છે. એટલો સમય આપણી જાતત પાસણી-માં વિતાવીએ તો? આપણાં પોતાનાં છિદ્રો પૂરવાનું કામ ક્યાં નાનું છે?

છોટુ૦: છિદ્રો શાનાં, ભાઈ? એ તો બગદાળાં છે બગદાળાં. સાચું જ કહ્યું આપે. હાં, પણ સુધાકરભાઇ કાંઇ દેખાયા નહિ? આપને પાછું—

વિનાο: વળી પાછું 'આપને'? મને વધુ ન શરમાવશો છોગ-લાલભાઈ...હં. સુધાકરભાઈનું એમ કહેવું હતું કે આપને મારું ખાસ અગત્યનું અને ખાનગી કામ છે, એટલે એ પોતે જાણી જોઇને બહાર નીકળી ગયા હોય એમ પણ બને. અને મારે લગભગ બાર મિનિટમાં જ ઊઠવું પડશે. કારણકે શનિવારે બપોરે હું ૩ થી ૪ અહીં બાજુમાં આવેલા હરિજનવાસમાં પ્રૌઢશિક્ષણનો વર્ગ લઉં છું. એટલે જો વાંધો ન હોય તો આપ એ મુખ્ય વાત ઉપર આવો.

છોટુ૦: તો પછી, નભુભાઈ, તમે જ માંડીને વાત કરો તો?

નભુ૦: ના, ના; મને એ ન ફાવે. તમે જ કરો તો શો વાંધો છે?

છોટુ૦: (ખોંખારો ખાઇને) વાત એમ છે કે......તમને સુધા-કરભાઈએ કાંઈ સૂચન કર્યું જ નથી? અમે શા કામે આપને—તમને મળવા આવીએ છીએ તે સંબંધે?—

વિનાο: (ખૂબ ઠાવકાઈથી) એ મને કાંઈક કહેવા તો માગતા હતા; એમણે પ્રયત્ન પણ કરેલો; પણ વસ્તુસ્થિતિ એવી છે કે અહીં છાત્રાલયમાં મારી એક એવી છાપ છે કે આડીઅવળી—રચનાત્મક કાર્યક્રમ અને મહાશાળાના અભ્યાસ સિવાયની બીજી કોઈપણ વાત મારી પાસે કોઈ મૂકી શકતું નથી. છેવટે બહુ ગડમથલ પછી એમણે મને જણાવ્યું કે એમને પોતાને એ વાત મૂકવી નહિ ફાવે. એટલે જ એમણે આ રીતે આપણી મુલાકાત ગોઠવી આપી.

છોટુ૦: (હાથ મસળતાં) તો પછી, નભુભાઈ, તમે જરા શરૂ-આત કરો, પછી હું સાંધી લઈશ.

નભુ૦: (ગળું સાફ કરીને) વાત એમ છે, સ-સ્ને...

વિનાο: એ નામને પડતું મૂકોને! બધા અહીં પણ મને માત્ર 'ભાઈ' કહીને જ સંબોધે છે.

નભુ૦: તો 'ભાઇ', વાત એમ છે કે છોટુભાઈ સાહેબ છેલ્લાં ત્રીસ વર્ષથી એકધારી દેશસેવા કરતા આવ્યા છે, ને અમારા તાલુકાના—

વિનાο: એ બધું તો મને સુધાકરભાઇએ જણાવ્યું જ છે. એવું બધું હું જાણું છું એમ માનીને આગળ વધો. આખરે તો દેશના મહાનં મહાન નેતાઓ આગળ આપણા તાલુકાના મંત્રીફંત્રીનું શું મહત્ત્વ? લોકસેવકોએ એવી આત્મવડાઇઓથી દૂર રહેવું ન જોઇએ?

નભુ૦: (ઝંખવાણા પડી) તો ટૂંકામાં વાત એમ છે કે તેમની સૌથી મોટી પુત્રી ચંપા માટે તેઓ લાયક વરની શોધમાં છે. ખૂબ-ખૂબ પાત્રોની ચકાસણી કરી, પણ ક્યાંયે મન ઠરતું નથી. એ માટે—

વિનાο: એ જાતની સામાજિક જંજાળોમાં હું આપને શા ખપમાં લાગું? મને તો એવી કાંઈ ઓળખાણપિછાન નથી કે જ્યાં—

છોટુ૦: અમારું કહેવું એમ છે કે મારી ચંપાએ પણ બચપણથી સત્યાગ્રહની તાલીમ લીધી છે; અને એનું તો વ્રત છે કે કોઈ ખાદી-ધારી સાચા સમાજસેવક સાથે જ લગ્ન કરવું.

વિનાο: ખૂબ ઉત્તમ વિચાર છે. બેનને મારાં અભિનંદન!

છોટુ૦: અરે! પણ વાત એમ છે કે ભટ્ટસાહેબે- સુધાકરભાઇના બાપાજીએ તો...તો...અમને તમારું નામ સૂચવ્યું છે.

વિનાο: (બે કાનમાં આંગળાં નાંખીને) હં.. હં...એવું ન બોલશો છોટાલાલભાઇ, શાન્તમ્ પાપમ્! શાન્તમ્...

છોટુ૦: કેમ, કેમ? ગઈ સાલ જ એ મૅટ્રિકમાં સારા માર્કે પાસ થઈ છે.

વિનાο: મૅટ્રિક? એ કેળવણીમાં બળ્યું છે શું? મુખ્ય વસ્તુ તો—

નભુ૦: અરે, એમ તો 'ભાઈ', ચંપાબેન ખૂબ દેખાવડી છે. (થેલીમાંથી એક ફોટોગ્રાફ કાઢીને આગળ ધરતાં) જુઓ—

વિનાο: (બે હાથથી ફોટો હડસેલી દેતાં અને મોં ફેરવી લઇને) મને એ ન બતાવશો; મારે મન એ વસ્તુ મહત્ત્વની નથી. વિલાયતી કૅમેરાની, વિલાયતી કાગળ ઉપર છાપેલી છબિ...ઓહ—!

નભુ૦: છોકરી ખરેખર ગુણિયલ છે. એનું નામ એનાં રૂપગુણ ઉપરથી જ છે. બેનની સુવાસ પણ એવી છે કે અઢાર વર્ષની ઉંમર થઈ, પણ કોઇ આંગળી ચીંધી ન શકે. ને જ્યાંત્યાં એની વાહવાહ!

છોટુ૦: એનો બાપ થઇને, 'ભાઈ', હું તો એનાં શાં વખાણ કરું? એ તો રતન છે રતન. કોઈ સાચો ઝવેરી જ એની કદર કરી શકશે.

વિનાο: રતન-માણેક કે બીજું ઝવેરાત આપણા ગરીબ દેશને શા કામનું?...પણ જવા દો એ વાત. મારે તો આપને જણાવવું જ રહ્યું કે મારું તો લગ્ન નહિ કરવાનું વ્રત છે. જ્યાં સુધી—

નભુ૦: અરે પણ ભલા, હવે વ્રત શાનું? દેશ તો સ્વતંત્ર થઈ ગયો. હવે તો વ્રતનાં પારણાં કરવાના દિવસ આવ્યા. તમે ય 'ભાઇ' છેક સુધીના સત્યાગ્રહી છોને શું?

છોટુ૦: દેશ આઝાદ થયો; હવે તો તમારા જેવા આદર્શવાદી યુવાને તો દેશની સામાજિક ઉન્નતિ કરવા માટે પણ આદર્શ લગ્ન કરીને સમાજને દાખલો પૂરો પાડવો જોઇએ.

નભુ૦: અને ચંપાબેન એ બધું જ સમજે છે. તમારા દેશસેવા અને સમાજસેવાના કામમાં ખભેખભો મિલાવીને સાથ આપશે. સત્યાગ્રહીની જેમ એ પણ અસ્તેય, અપરિગ્રહ વગેરે વ્રતોનું પાલન પણ કરે છે.

વિનાο: તો પછી એવાં વ્રતધારી બેનને લગ્ન કરવાની જરૂર શી છે?

છોટુ૦: એમ તો—પણ દીકરીનો બાપ થઇને વધુ તે હું—

નભુ૦: બોલોને છોટુભાઈ; હવે તો જમાનો આવી બધી મર્યાદા-ઓ વટાવી ગયો છે. પેટછૂટી વાત કરો. 'ભાઈ' આગળ વાંધો નહિ.

છોટુ૦: એમ તો એ રસિક છે; એટલેકે—એટલેકે એણે માત્ર સસ્તા સાહિત્યનાં ધાર્મિક પુસ્તકોનો જ અભ્યાસ નથી કર્યો; આજ-કાલનું સાહિત્ય—કવિતા, ટૂંકી વાતો, નૉવેલો, બધું એ વાંચે છે. પણ મારા મનમાં કે તમને એવું બધું નહિ ગમતું હોય, તમને એ બધાંની

સૂગ હશે, એમ ધારીને ચૂપ રહેલો. બાકી આમ તો—

નભુ૦ : અને આમ તો જોકે ખાદી જ પહેરે છે, પણ નીરૂપુરની—એકદમ બારીક ખાદી જ; અને નહિ તો ખાદી સિલ્ક. અને પાછું બધું ચિપચાપ–અપટુડેટ રીતે. પેલો ફોટો લાવોને છોટુભાઈ. તમે જુઓ તો ખરા, 'ભાઈ'! મુંબાઈ-અમદાવાદની કૉલેજની છોકરીઓ કરતાં જરા યે કચાશ છે? ઠસ્સો જરી યે ઓછો છે? એમ તો છોટુભાઈ સાહેબે દીકરીને ફૂલની જેમ ઉછેરી છે.

વિના૦ : (બનાવટી અકડાઈથી) ના! ના! ના! તમે એ રીતે મારું મન ચળાવી નહિ શકો. ખરું જોતાં ખાદીને નામે એવા મોંઘા મોજ-શૉખના ખ્યાલો પોષવા સામે તો ઊલટું મને ઘૃણા છે. ખાદી એટલે જાડી બરછટ ખાદી જ—આ મેં પહેરી છે તેવી. સાદાઈ અને ઓછામાં ઓછી જરૂરિયાતોવાળું જીવન જ મને તો પસંદ છે છોટાલાલભાઈ.

છોટુ૦ : (બાજી છટકી જતી જોઇને) લ્યો, તો એની ઝીણી ખાદી પહેરવાની ના કહીશું; નહિ પહેરે, બસ. નરી ગુજરાત બરની જાડી ખાદી પહેરશે. મારા મનમાં કે—

વિના૦ : પણ એ બધી બાબતોમાં મારે કાંઇ જ કહેવાનું નથી. મેં કહ્યું ને, કે મારે તો વ્રત છે, કે જ્યાંસુધી આપણા દેશમાં સર્વોદય સમાજની સ્થાપના ન થાય ત્યાં સુધી—

છોટુ૦ : અરે એ તો સ્થપાશે; વરસ બે વરસ વહેલોમોડો સ્થપાવાનો જ. અમે બધા અમસ્તા ખોડાઇએ છીએ? ત્રીસ વરસ સુધી દેશસેવા કરી તે શું થાકી જવા માટે?

નભુ૦ : અને એ તો લાંબી વાત થઈ જાય; ત્યાં સુધી શું આમ એકલવાઈ જિંદગી ગાળશો 'ભાઈ?' એ તો બધું થઇ રહેશે. તમારા સૌનો આગ્રહ છે તો જરૂર સર્વોદય સમાજ સ્થપાવાનો. બધાનો ઉદય તો થતાં થશે, પણ જેના ઘરમાં ચંપાબેન જેવી લક્ષ્મી જશે તેનો ઉદય તો થયો જ જાણો. શું કહું છું, છોટુભાઈ?

વિના૦ : હું તો સમષ્ટિના ઉદયમાં માનું છું ભાઈશ્રી. મારે તો સર્વોદયસમાજની રચનાના પાયામાં પત્થર બનવું છે.

છોટુ૦ : અરે ચંપા પણ સાથે પત્થર બનશે; એમ તો એ કાઠી છે.

નભુ૦ : ટૂંકામાં તમે ઈચ્છો એવું હરેક પ્રકારનું સ્વરૂપ ધારણ કરી શકે એવી શક્તિશાળી એ છોકરી છે. હવે આ વાતમાં આનાકાનીને સ્થાન નથી.

વિના : પણ—

છોટુ૦ : પણ ને બણ; બોલો ત્યારે, તમારી હા છે ને?

[દૂર દાદર પર કોઈનાં પગલાં સંભળાય છે.]

વિના૦ : (તે તરફ ચમકીને) અરે પણ ત્રણમાં બે મિનિટ જ બાકી છે. હરિજનવાસમાં મારે જવાનો વખત થયો; મારે ઊઠવું જ જોઇએ.

છોટુ૦ : પણ અમને શો જવાબ આપ્યો?

નભુ૦ : એમ કંઈ ઊઠીને જવાતું હશે 'ભાઇ'; (છતાં વિનાયક તો ઊભો થાય જ છે તેને નભુભાઈ પકડી રાખે છે.) અરે, એમ કાંઈ મોં મીઠું કર્યા વિના જવાય?

છોટુ૦ : બોલો ત્યારે—

વિના૦ : ના ના; મારાથી પ્રતિજ્ઞાભંગ થાય તેમ નથી, તે માત્ર એક જ શરતે થાય—

છોટુ૦નભુ૦ : (ખૂબ ઉત્સાહમાં) કયી શરતે? બોલોને, કયી શરતે?

વિના૦ : તે એ કે તમે આજ ને આજ તમારી સારી યે જમીનદારી ભૂમિદાન તરીકે સર્વોદયસમાજને આપી દેવા તૈયાર છો છોટાલાલભાઈ? બોલો! કેમ થંભી ગયા? હાથ કેમ છોડી દીધા નભુભાઈ? બોલો, એકવાર; બોલો, બે વાર; બોલો, ત્રણવાર! અચ્છા ત્યારે, આવજો છોટુભાઈ, જયહિંદ; આવજો .... ભાઇશ્રી, જયભારત!

[ઝડપથી બહાર નીકળી જાય છે.]

છોટુ૦ : અરેરે આ તો સાવ વેદિયો દેખું, નભુભાઈ! આવા બરછટ બ્રહ્મચારી ને ઘડિયાળના કાંટે સર્વોદયનું જીવન જીવતા વેદિયા સાથે ચંપાનું જીવન કેમ જાય? અને ભટ્ટસાહેબ તો કહેતા હતા કે છોકરો રૂપાળો પણ છે. પણ આ 'ભાઈ'માં તો રૂપ શોધ્યું જડે તેમ નથી!

નભુ૦ : અને પાછા સમષ્ટિનું હિત કરવા નીકળ્યા છે! હું તો કહું છું કે આવી સરસ રમતિયાળ ફૂલ જેવી દીકરીને આવા 'સત્યાગ્રહી' સાથે પરણાવવાના કોડ મૂકોને છોટુભાઈ. આ આખી જિંદગી દેશસેવા કરીને જાડાં રગડ કપડાં પહેર્યાં ને લૂખુંસૂકું ખાધું; પણ હવે છોકરાંને તો સુખે જીવવા દો. એમને કાં પાછા એવી જિંદગીમાં વહેતા મૂકો?—વિચાર તો કરો.

છોટુ૦ : (થોડી વાર વિચાર કરીને) મને ય થાય છે કે આ લોકોથી શું વળવાનું? દિલમાં જરા ય નેહ નહિ, મમતા નહિ, અને નામ તો પાછું—શું પેલું?

નભુ૦ : કોઈ વાર તો થાય છે કે આ એકધારા અને આપણી પેઢીએ માની લીધેલા, કહેવાતી સાદાઈ, ઉપરઉપરની નમ્રતા અને નેવલાશમર્યા વિવેકના ચોકઠામાંથી બહાર આવીને કોઇ હસમુખો, નફિકરો, આનંદી, ફૂલના દડા જેવો વર શોધો છોટુભાઇ. જમાનો પલટાયો છે. બિચારી ચંપાને કોઈ દિવસ તમે પૂછ્યું છે કે આ જાડાં ગોદડાંને બદલે ઝીણી વૉયલના મળ્યા પહેરવાનું મન થાય છે? હું તો પહેલેથી કહેતો આવ્યો છું કે આ તમારા આદર્શોને વાદે એના કોડ તમારે ચૂંથી નાખવા'તા તો આટલું ભણાવી શું કામ?

છોટુ૦ : મને ય આ મૂર્તિને જોયા પછી નવા વિચારો આવે છે. ભટ્ટસાહેબની ભલામણે અને મુરતિયો રૂપાળો અને સાચી રીતે આદર્શવાદી હશે એમ સમજીને હું તો આવ્યો'તો. પણ મેં ન કહ્યું કે નામ મોટું છે, બાકી આમ તો નક્કર વેદિયો લાગ્યો.

[હાથમાં વિનાયકનો પાયજામા-સૂટ લઇને કાંઈક ઉશ્કેરાએલી સ્થિતિમાં સ્નેહલ પ્રવેશ કરે છે—હાથમાં રૅકેટ નથી. બ્લેઝરની જગ્યાએ બીજો ગરમ કોટ ચડાવ્યો છે.]

સ્નેહલ : ઓ–હો, વડિલો! આપ હજી અહીં જ ધોખાવ છો? ...અરે હાં, પણ પેલો ત્રિવેદી અહીં આવ્યો'તો કે? પણ—પણ તમે એને નહિ ઓળખો.

છોટુ૦ : પણ તમે સુધાકરભાઇને મોકલવાના હતા ને?

સ્નેહલ : હા, પણ કૅન્ટીન ઉપર તો એનો પત્તો નથી. દારો કહ્યું કે તાજું દહીં શોધતા'તા.

છોટુ૦ : દહીં? દહીં શા માટે?

નભુ૦ : એમના મનમાં એમ કે વાત પાકી થાય તો બધાંને દહીંનાં શુકન કરાવીએ.

સ્નેહલ : શાની વાત પાકી કરો છો, વડીલ? સુધાકરનું કાંઈ ધાર્યું છે કે શું? જોજો કાંઈ ફસાવતા બીચારાને.

છોટુ૦ : અરે અરે, એ શું બોલ્યા? એ તો પક્કા બ્રાહ્મણ; અમારા ઘરનું પાણી પીતાં પહેલાં પણ પાંચ વાર પવાલું વીછળે.

સ્નેહલ : પણ અમારે ત્યાં એ ભેદભાવ ભુલાઈ ગયા છે...તકલીફ માફ કરજો, પણ આ કપડાં હું અહીં મૂકું છું; તે કોઈ શોધતું આવે તો કહેજો કે—પણ મારું નામ તમને કદાચ યાદ ન રહે એવું છે, એટલે કહેજો કે ટેનીસ સેક્રેટરી આપી ગયા છે.

નભુ૦ : અરે પણ ભાઇ, બેસો તો ખરા. સુધાકરભાઈની ગેરહાજરીમાં એમના મિત્ર તરીકે તમારે પણ અમારી કૈંક સંભાળ—

સ્નેહલ : (બેસતાં બેસતાં) બોલો, શી આજ્ઞા છે વડિલ. માફ કરજો : આજે જરા મન ખરાબ થઇ ગયું છે. ટેનીસ રમવા ગયો ત્યાં બધું ઉથલપાથલ થઈ ગયું—ખેર, પણ તેની અસર હવે ન રહેવી જોઇએ. (જાતને સાચવી લઇને) આ જમાનો તો ખેલદિલીનો છે. આપણને નહિ તો આપણા પાડોશીને હજો !

છોટુ૦: નભુભાઈ, સેક્રેટરી સાહેબનો સ્વભાવ હસમુખો એવો જ સુશીલ લાગે છે, હોં. આ હમણાં પેલો સુધાકરભાઇનો બીજો દોસ્તદાર આવ્યો'તો,—પણ સાવ મૂંજી હોં.

સ્નેહલ : કોણ હતો એ ?

નભુ૦: અરે, નામ મૂકોને એનું !—હં, પણ ભાઈ તમે નાતે કેવા ?

સ્નેહલ : એટલે ? શું કાંઈ તાગડો...

નભુ૦: (હસી કાઢતાં ખંધાઈથી) અરે અરે, એમ શું બોલો છો ? આ તો સહેજ.

સ્નેહલ : જુઓ વડિલ, મારે કોઇ નાતજાત છે જ નહિ. હિંદી ફર્સ્ટ ઍન્ડ હિંદી લાસ્ટ. બાકી પૂછો છો તો જણાવું કે અમે ભરૂચ તરફના, કોણ જાણે કયી જાતના, પણ વાણિયા કહેવાઇએ.

છોટુ૦: (જરા ઉત્સાહથી) વાણિયા જ છો ? જૈન કે વૈષ્ણવ ?

સ્નેહલ: બન્ને;-એટલેકે મોસાળ જૈન, પણ પિતાજી ચુસ્ત વૈષ્ણવ.

છોટુ૦: આપણે પણ, નભુભાઈ. ત્રીજી પેઢીએ મોસાળ જૈન જ ને?

સ્નેહલ: પણ વડિલ, હું તો પાકો નિરીશ્વરવાદી છું. બહુબહુ ભજન ધ્યાન અને તપ કર્યાં, પણ એ બધાંમાંથી એક જ સાર એક ગુરુએ તારવી બતાવ્યો, કે બેટા, આ બધાં ધરમ-ધ્યાન-ઉપાસના કરે છે, પણ વય તારી હજી કાચી છે. 'ત્યાગ ટકે ન વૈરાગ્ય વિના—'

છોટુ૦: સાચું જ કહ્યું છે, કહેનારાએ.

સ્નેહલ: સાતસાત દિવસના નિર્જળા ઉપવાસ કરનાર આ બચ્ચો દરરોજના સાત પૅકેટ સિગારેટ ફૂંકવા સુધી જઇ આવ્યો–

છોટુ૦: એ તો ખોટું.

સ્નેહલ : હું એ જાણું છું. પણ મારું વ્રત છે—

નભુ૦: બ્રહ્મચારી રહેવાના તમારા ચાળા નથી લાગતા ભાઇસાહેબ. આખાબોલો લાગું તો માફ કરજો.

સ્નેહલ : ના, ના, એ શું બોલ્યા ? જોકે એવા ગાંડા વિચારો હું ય એક વાર કરતો હતો ખરો !

નભુ૦: કૉલેજમાં આવ્યા પછી માંડી વાળ્યા કે શું ?

સ્નેહલ : મેં કહ્યું ને, એક ગુરુ મળી ગયો. એણે કહ્યું અધકચરો રહીને ત્યાગ કરીશ તો ત્યાગ ટકશે નહિ. એટલે આપણે તો વ્રત લીધું છે કે સાચો વૈરાગ્ય કેળવ્યા પછી જ ત્યાગ કરવો.

છોટુ૦: એ કયી રીતે ?

સ્નેહલ : રોજનાં સાત પૅકેટ ઉપરથી આજે સાતઆઠ સિગારેટ ઉપર આવ્યો છું. અને એ પણ દેખાવ પૂરતી.

છોટુ૦: તો તો સારું. પણ એ વૈરાગ્યમાં લગ્નનો પ્રતિબંધ તો નથી રાખ્યો ને ?

સ્નેહલ : ના રે; પણ મારા જેવા ધૂનીને કોઈ પસંદ નથી કરતું. આ હમણાં અરધા કલાક ઉપરની જ વાત છે... અરે, પાછી એ વાત ક્યાંથી યાદ આવી ? માફ કરજો : પણ દુનિયા કેવી નઠોર છે એનો હું તો વિચાર કરું છું. કોઈ વાર તો થાય છે કે જાણે...

નભુ૦: એમ નિરાશ શું થાઓ છો ?

સ્નેહલ : નિરાશ ? ના, ના; નિરાશ થવા જેટલી મારી ઉમર વહી નથી ગઇ હજી.

નભુ૦ (ધીરેધીરે સિફતથી) હં, પણ આપના પિતાજી શું કરે છે?

સ્નેહલ: વડિલ તો આપ છો. અવિવેક લાગે તો માફ કરજો, પણ અમારે ત્યાં તો માત્ર જમાઇને જ એની ઉંમર નાની હોવા છતાં શરૂશરૂમાં 'આપ' 'આપ' કહીને સંબોધવાનો રિવાજ હોય છે, એટલે મને એ રીતે સંબોધશો તો હું ક્યાંક માની બેસીશ કે આપને ત્યાં કોઇ ઉમેદવાર...

નભુ૦: તમે તો ખરા છો ભાઇ ! આનું નામ સાચી કાબેલિયત ! શું કહો છો છોટુભાઈ ? તમારી જગ્યાએ હું હોઉં તો...

છોટુ૦: પણ—

નભુ૦: પણ ને બણ. મારું તો મન શાખ પૂરે છે.

સ્નેહલ : મારી કાંઈક વાત કરતા લાગો છો કે, વડિલ ?

નભુ૦: અવિનય ન ગણશો ભાઇ, પણ આ જુઓ.(ફોટો કાઢે છે.)

છોટુ૦: હં હં, શું કરો છો, નભુભાઇ? સુધાકરભાઈને આવવા તો દો; બધી પૂછપરછ તો એમની મારફતે થાય તે જ સારુંને ?

નભુ૦: તમે નાહકના ચિકાશ કરો છો, છોટુભાઇ.

સ્નેહલ : એ શું ફોટોગ્રાફ છે ?

નભુ : બતાવું ને ત્યારે ? (છોટુભાઇની મૂક સંમતિ માની લઇને) જુઓ ભાઈ, આ ફોટાની બાબતમાં તમારું શું માનવું છે ?

સ્નેહલ : (ફોટોગ્રાફ નિહાળી રહીને, સારીરીતે અભિભૂત થયો હોય તે રીતે નરમાશથી) આપે મને શરમમાં નાખી દીધો વડિલ.

નભુ૦: એમાં શરમાવાનું શું છે ?

સ્નેહલ : અત્યાર સુધી તો હું ગમે તેમ કંઈ કહ્યે જતો હતો, પણ હવે મને ખરેખર સંકોચ થાય છે. આ વ્યક્તિની હાજરીમાં...(કંઈક મનમાં બબડતો) આ આંખોનું ઊંડાણ પરિચિત લાગે છે જાણે ! મારા વલવલાટને પડકારતી આ નમ્ર સ્થિર દૃષ્ટિ ક્યાંક જોઈ છે.

નભુ૦: શું કહ્યું સેક્રેટરી સાહેબ !

સ્નેહલ : જેમનો આ ફોટો છે તેમની હું વાત કરું છું. આવી જ મુખભંગી ક્યાંક-કોણ જાણે ક્યારે-અત્યારે યાદ નથી આવતું; પણ મને એ બોલતો બંધ કરી દે છે.

નભુ૦: (સમજ્યા હોય તે રીતે) એમ કે ? જુઓ ત્યારે, વાત એમ છે, કે આ છે અમારા છોટુભાઈ સાહેબની મોટી દીકરી ચંપા. સાચ્ચે જ ચંપાના ફૂલ જેવી છેઃ રૂપ ને ગુણ બંનેમાં. મૅટ્રિક પાસ થઈ છે અને આગ્રહ રાખશો તો કૉલેજમાં પણ મોકલીશું.

છોટુ૦: પણ નભુભાઈ, એનું તો વ્રત છે કે ખાદીધારીને જ—

નભુ૦: અરે, છોકરમતમાં લીધેલા વ્રતને તે ચિટકી બેસાતું હશે ?

સ્નેહલ : એમ તો હું પણ એક વાર તદ્દન ખાદીધારી જ હતો... ને ગામડેગામડે... પણ અરેરે... (સ્પષ્ટ નિશ્વાસ નાખે છે.)

છોટુ૦: શું કરીશું, નભુભાઈ?

નભુ૦: શું તમે પણ છોટુભાઈ! એનું તો થઈ રહેશે, કહું છું. આ જેને જોવા માટે આવ્યા'તા તે પેલો ખાદીધારી ન જોઇ લીધો ?

સ્નેહલ : કોની વાત કરો છો ?

નભુ૦: એ તો અમારા સુધાકરભાઇનો એક અડબંગ મિત્ર છે.

છોટુ૦: અહીં જ તમારી હોસ્ટેલમાં જ રહે છે, ખાદી પહેરે છે, નિયમિત કાંતે છે અને હરિજનવાસમાં વર્ગો લે છે. શું નામ પેલું ?

સ્નેહલ : અહીં ? અમારી હોસ્ટેલમાં? અહીં તો એવું નથી કાંઈ.

છોટુ૦: હોય કાંઈ? હજી હમણાં જ મળી ગયો ને ? સુધાકરનો દોસ્ત છું એમ કહીને. શુદ્ધ ખાદીનું ધોતિયું અને પહેરણ પહેર્યું હતું. પંદરેક મિનિટ પહેલાં જ ગયો.

સ્નેહલ : (વિચાર કરીને) સહેજ ચીબું નાક, અને જાડા હોઠ, અને કાંઈક નીચો શ્યામવર્ણો છોકરો હતો કે ? (અનુ. પૃ. ૧૭૬)

ખબર મોકલ્યા. સોલંકી એક જાતવંત ઊંટ લઈને ઉમરકોટ પહોંચ્યો અને ત્યાં ગુપ્ત વેશે રહેવા લાગ્યો. છ માસની મુદત પૂરી થયે મારુએ સુમરાને મળવા જવા માટે એક ઉત્તમ ઊંટની માગણી કરી. સુમરાએ શહેરમાં જેટલા હતા એટલા બધા ઊંટ ભેગા કરી મારુને મોકલી આપ્યા. આમાં સોલંકીનો જાતવંત ઊંટ પણ હતો, જેના ઉપર સવાર થઈ ગઢ ફરતી પ્રદક્ષિણા કરવાને બહાને મારુ ત્યાંથી ચાલી નીકળી વીરમજીને મળી. સુમરાએ પીછો પકડ્યો, પરંતુ બંને પ્રણયીઓ નાસી છૂટ્યાં અને ધારાપુર પહોંચી ગયાં. કુપિત થયેલા સુમરાએ સેનાને સંગાથે લઈ ધારાપુર પર હુમલો કર્યો. આ આક્રમણનો સામનો કરવાની અશક્તિને કારણે ધારા સુથાર, વીરમ સોલંકી, જાલકુ રાણી અને મારુ, સુરભાખરીની ટેકરીઓ તરફ નાઠાં. રસ્તામાં સોલંકી અને સુથાર લડવામાં ખપી ગયા ને જાલકુ તથા મારુએ ડુંગરની ટોચ ઉપરથી પડતું મૂકી આત્મહત્યા કરી. પાછળથી ડુંગરની આ ટોચ 'રાણીટૂંક' તરીકે ઓળખાવા લાગી. (જુઓ મુંબઈ ગેઝેટિયર પુ. ૫, પૃ. ૨૮૨ની પાદટીપ).

સારણેશ્વરથી છેક માવલ સુધી બંને બાજુની બે પર્વતમાળો વચ્ચે બનાસ વહે છે. એ પછી પણ છૂટાછવાયા ડુંગરો એના કિનારા પર છે જેમાં જયરાજ જેવો ૩૫૦૫ ફીટની ઊંચાઈવાળો ડુંગર પણ છે. આમ, વન્યસંપત્તિ એને સહજ છે તોપણ નર્મદા, મહી કે તાપીની વન્યસંપત્તિ કરતાં એ ઊતરતી ગણાય. પરંતુ એનાં ઊગમસ્થાનોમાં ખનિજસંપત્તિ તો વિપુલ છે. વિવિધ પ્રકારનાં ખનિજદ્રવ્યોથી ભરેલી બે ગિરિમાળ વચ્ચે થઈને એ વહે છે. આમાંની કેટલીક તો હિંદની સર્વથી પ્રાચીન પર્વતમાળાઓ છે, અને એમાં પાણી અને પવનની ક્રિયાઓને કારણે વિકાર પામેલાં (metamorphic) શિલાદ્રવ્યો છે. કોટિકોટિ યુગો દરમ્યાન હવામાનના પલટાઓ, ભૂકંપ ઈત્યાદિ ચક્રાવાઓ, અને ગ્રેનાઈટ(Granite)ની ઘડતરક્રિયાને લીધે જમા થયેલાં આ ખનિજદ્રવ્યો વિવિધ વિકારોને વશ થતાં રહ્યાં છે. આમાં અબરખયુક્ત Mica-schist નામે ઓળખાતું અતિ પ્રાચીન શિલાદ્રવ્ય મુખ્ય છે. વળી બનાસની ખીણમાં ચૂનાની ટેકરીઓની આખી હારમાળા છે જેનો વ્યાપક ઉપયોગ બાંધકામ માટે લાંબા સમયથી થતો આવ્યો છે. આ વિભાગમાં ચૂનાનો પથ્થર દાણાદાર (crystalline) હોવાથી સેવાલિયાની માફક અહીં પણ મોટા પાયા ઉપર સીમેન્ટનો ઉદ્યોગ વિકસાવવાની શક્યતા છે. Mica-schistની રચનાવાળા શિલાસમૂહોની વચમાં ને આસપાસ કોઈકોઈ સ્થળે ઉત્તમ પ્રકારના સફેદ અને રંગીન આરસની બહુ મૂલ્ય ખાણો (pockets) છે.

આખો આબુ પર્વત 'એરણપુરા ગ્રેનાઈટ' તરીકે ઓળખાતી શિલાઓનો વિપુલ સમૂહ છે. બનાસની ખીણથી ગુરુશિખર તરફ આપણે જેમજેમ આગળ વધીએ તેમતેમ આ ગ્રેનાઈટના વિવિધ પ્રકારો (ને ક્વચિત્ તો તેના સ્તરો) જોવા મળે છે. આ શિલાસમૂહો વચ્ચે કોઈકોઈ સ્થળોએ mica અબરખ ને felspars (સિલિકેટ અથવા કાચ બનાવવા માટેનું ખનિજ દ્રવ્ય) ખૂબ મોટા પ્રમાણમાં છે. પરંતુ આવાં સ્થાનોની ઊંચાઈને લીધે તેમજ વાહનવ્યવહારના અભાવને કારણે આને લગતા ઉદ્યોગો હજુ વિકસ્યા નથી. (આબુરોડની જીવણ ઍન્ડ સન્સ નામની પેઢીએ કાચનું કારખાનું કાઢવાનો પ્રયત્ન કરેલો, પરંતુ હાલ એ પ્રયત્ન વિવિધ કારણોને લીધે ખોરવાઈ ગયો છે.)

ઉત્તરે આબુ પર્વતની પેલી પારથી નીચે છેક કચ્છના રણ સુધી નજર કરો. પર્ણાશાના પગલે પૃથ્વીના પ્રાણ જ્યાં કોળી ઊઠતા ન હોય એવો એક પણ ભૂવિભાગ અહીં છે ખરો? એને કિનારે ક્યાંક ખનિજની ખાણો ભરી છે, તો ક્યાંક હરિયાળાં ખેતરો લચી પડ્યાં છે, તો વળી ક્યાંક ધેનુઓનાં દૂધની ધારા વહી રહી છે. એટલે જ કદાચ પુરાણકારે રૂપક રમતું મૂક્યું છે કે उच्चः पृथिव्या देशाऽयं यो गिरेश्चार्णवान्तरे અર્થાત્ 'પર્વત અને સમુદ્રની વચ્ચેનો તે પ્રદેશ ધરતીના આંચળ જેવો છે. (અર્બુદાખ્યાન–સ્કંદપુરાણના માહેશ્વરખંડમાં બીજો કૌમારિકાખંડ.) કોણ કહેશે કે આ કેવળ કવિકલ્પના છે? સમૃદ્ધિસભર આ પ્રદેશને માટે પૃથ્વીરૂપી કામધેનુના આંચળનું રૂપક યોજનારનું સત્યદર્શન જેટલું સચોટ છે, એથી યે વિશેષ એની વાણી સૌંદર્યનિષ્ઠ છે. પુરાણકારે એ એક જ શબ્દમાં પ્રસન્નતાનો આખો સાગર છલકાવ્યો નથી શું? આપણે પણ એ જ વાણીમાં કહીએ કે ધન્ય હો એ ધરતીના આંચળને!

(સંપૂર્ણ)

સુભાષિત

· ગીતિ ·

पशुधनमधनं धनमर्धधनं धान्यं धनं तु संदिष्टम्
उत्तमधनमेतत्त्रितयं भू विद्या च शोभनं मित्रम्॥

(અનુવાદ)

પશુ ધન ના ધન, પૈસો અરધો, ધન છે ખરું જ ધાન્ય સદા;
ઉત્તમ ધન આ ત્રણ છે: સદ્વિદ્યા, ભૂમિ, મિત્ર શોભીતો.

[વિવરણ: આ શ્લોકમાં સંસારના વ્યવહારનું ઘણું સત્ય સમાએલું છે. ઢોરમાં રોગ ચાલે ત્યારે પશુધનની કાંઈ કિંમત રહેતી નથી. લાખ રૂપિયાનો શરતનો ઘોડો પણ ક્ષણ માત્રમાં નકામો થઈ જાય છે. જે 'પૈસા'ને આપણે ધન ગણીએ છીએ તે પણ ઘણી વાર ઓછું કે અરધું થઈ જાય છે. શેર અને સિક્યુરિટીઓને ધન ગણનારાઓનો આવો અનુભવ રોજનો છે. સોનું, રૂપું કે એવું અન્ય ધન ચોર-લૂટારા લઈ જાય છે, પરંતુ શેરોમાં તો બંધ તિજોરીએ ચોર પેસે છે અને ધન ઓછું થાય છે! ધાન્ય–અનાજ–એ ખરું ધન છે અને હમેશાં કામનું છે; પરંતુ એ પણ સડે છે અને દુકાળની અસર એના ઉપર થાય છે. એટલે છેવટે ભૂમિ, વિદ્યા અને સાચો–સારો મિત્ર, એ ત્રણ જ હમેશાં ઉત્તમ ધન ગણાય છે. ભૂમિને કોઈ લૂટી જતું નથી અને મહેનત પ્રમાણે ફળ આપે જ છે. વિદ્યા વાપરતાં વધે છે ને હમેશાં ધન તથા માન બન્ને અપાવે છે. સાચો મિત્ર સુખદુઃખમાં સાથે રહે છે, તે પૈસા કરતાં પણ વધારે કામનો છે. એટલે જમીન, વિદ્યા, અને સન્મિત્ર એ ત્રણ ઉત્તમ ધન છે. ર. ભી.]

યુનિવર્સિટીમાં ઉચ્ચ પ્રકારના અધ્યાપકોની, ઉચ્ચ પ્રકારના વિદ્યાર્થીઓની જરૂર છે,— એવા પ્રાધ્યાપકો ને વિદ્યાર્થીઓ, કે જેમને ડિગ્રી તથા પગારની કિંમત ઓછી હોય, પણ જે પોતાના સંશોધનકાર્યથી દેશને સમૃદ્ધ બનાવીને દેશમાં ગાંધીજીએ કલ્પેલી ઉચ્ચ ભાવનાવાળી સાધુતા, ઉચ્ચ અભ્યાસ, ઉચ્ચ રાજકારણ ને ઉચ્ચ પ્રકારનું સામાજિક જીવન લાવે. કોઈ પણ મનુષ્ય પોતાનો નાગરિકધર્મ અદા કરતો હોય, દરેકને પોતાના કુટુંબ માટે યોગ્ય ખોરાક કાપડ અને રહેઠાણ, કેળવણી, આરામ, વૈદકીય મદદ મળી રહે, એવું વાતાવરણ દેશમાં ઉત્પન્ન કરવા માટે જ યુનિવર્સિટીઓ છે.

—ડૉ. સુમંત મહેતા (બુદ્ધિપ્રકાશ)

ટિકિટ-સંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ

કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

ટિકિટો ઉપર ગયા બે દાયકાનું જર્મની



લેખક
ગિરધારીલાલ શ્રોફ

જર્મનીનો ઇતિહાસ એ કીડીના ખંતથી કામ કરનારી પ્રજાની મહેનત, મહેચ્છા અને ચડતીપડતીનો ઇતિહાસ છે;–આપણને આશ્ચર્ય, હર્ષ અને દુઃખ થાય એવો એ ઇતિહાસ છે. યુરોપ–મહાખંડના એ મધ્ય ભાગમાં, હિંદનાં રજવાડાંઓની જેમ, ઓગણીસમી સદીની શરૂઆતમાં ૩૬૦ નાનાં નાનાં રાજ્યો હતાં. ૧૮૧૫ની વીએના કૉંગ્રેસમાં તેમને ભેળવી અઢાર રાજ્યો રચવામાં આવ્યાં હતાં. છતાં, બધાં રાજ્યોમાં તોલ જુદાં, માપ જુદાં, કર જુદા અને કાયદા જુદા. પ્રુશિયા, જે સૌથી મોટું રાજ્ય હતું તેમાં પણ ૬૦ જાતના આયાતનિકાસ વેરા હતા! એટલે કે, તમે જેટલી વખત ને જેટલી સીમા ઓળંગો તેટલી વખત કર ભરવો પડે! પ્રુશિયાના મહાન ફ્રેડરિકની મહેનતથી 'જર્મન સામ્રાજ્ય' સ્થપાયું, ગુલામગીરી જેવી મજૂર-પ્રથા 'સર્ફડમ'નો અંત આવ્યો ને ઔદ્યોગિક પ્રગતિનાં બી રોપાયાં(૧૮૭૧).

પહેલા વિશ્વયુદ્ધે જર્મનીનો ચાણ કાઢી નાખ્યો. વેરસાઇ(લ)ની સંધિ પ્રમાણે પોતાનાં લોખંડ, કોલસા ને જસતનાં ઘણાંખરાં ક્ષેત્રો મિત્રરાષ્ટ્રોને આપી દેવાં પડયાં, અને યુદ્ધદંડ આપતાંઆપતાં તો દમ નીકળી ગયો. આમ જર્મનીના ઝડપથી વિકસતા ઉદ્યોગોને સખત ફટકો લાગ્યો. ૧૯૨૦થી દેખા દેતા ફુગાવાએ ૧૯૨૩માં ભીષણ રૂપ ધારણ કર્યું. છાપખાનાંઓ નોટો છાપી શકે તે કરતાં પણ વધુ ઝડપે માર્કનું અવમૂલ્યન થવા માંડયું ને એક રોટીની કિંમત ૫૦ હજાર માર્ક પહોંચી!


'સાપને વધુ દબાવીએ તેમ તે વધુ ફૂંફાડા મારે'ની કહેવત સાચી પડી. આ યાતનાને પરિણામે ૧૯૩૩માં રાષ્ટ્રીય સમાજવાદ–નૅશનલ સોશ્યાલિસ્ટ(નાત્શી)પક્ષનો નેતા હેર હિટલર સત્તાધીશ થયો ને દેશનો આખો રંગ બદલાઈ ગયો. આ પક્ષના મુખ્ય સિદ્ધાંતો આર્યવંશની શ્રેષ્ઠતા, બધાં જ ક્ષેત્રોમાં 'શુદ્ધ' જર્મનોને પહેલું સ્થાન, ફક્ત તેમને જ શહેરી અને રાજદ્વારી અધિકાર, અનાજ વગેરે જરૂરી વસ્તુઓની તંગી પડે તો પરદેશીઓને દેશમાંથી હાંકી કાઢવા, પ્રાચીન જર્મન સંસ્કૃતિની પુનઃસ્થાપના કરવી, બધા લોકોને રોજી આપવી, વગેરે હતા. વ્યાજ, યુદ્ધ-નફાની નાબૂદી તથા ઉદ્યોગોના રાષ્ટ્રીયકરણમાં આ પક્ષ માનતો. મજૂર સંસ્થાઓને સરકાર કદી ઊભી થવા દેતી નહિ. ધર્મકર્મમાં આ પક્ષ માનતો નહિ, રાષ્ટ્રીયતા એ જ ધર્મ. યુદ્ધ એમને મન ધૃણાજનક વસ્તુ નહોતી. એમની માન્યતા પ્રમાણે તો પુરુષત્વની ઉત્કૃષ્ટ પરીક્ષા, લડવાની શક્તિ ને ઇચ્છામાં જ હતી.

બાકી; લડાઇ પણ થઇ. આકાશમાં ઊડતી

એ પ્રજાનો નેતા હિટલર, આખી પૃથ્વીને બાથમાં લઈ લેવાનાં સ્વપ્નાં સેવતો પોતે જ શી ખબર કઇ કબરના ખોળામાં જઈ પડ્યો.

બીજા વિશ્વયુદ્ધ પછીની જર્મનીની સ્થિતિ તો હૃદય દ્રવી નાખે એવી છે. યુદ્ધ પછીનાં ત્રણ વર્ષ તો કડવી વેદનામાં વીત્યાં. બધી જ વસ્તુઓની તંગી. તેમાં યે ખોરાકની હાડમારી તો જીવલેણ. રૅશન ઓછું મળે અને કાળાંબજારિયાની બોલબાલા. કપડાં તો મળતાં જ નહિ. નિષ્ક્રિય કરી મૂકવામાં આવેલી ફૅક્ટરીઓ અને મશીનરીની કબજાગીરીએ બૉમ્બમારાથી અપંગ બનેલા જર્મન અર્થકારણને નર્યું પાંગળું બનાવી દીધું.

આખો દેશ ને રાજધાની બર્લિન, નીચેના નકશામાં બતાવ્યા પ્રમાણે, ચાર ભાગમાં



વહેંચી દેવાયાં: ઇંગ્લિશ, અમેરિકન, ફ્રેંચ ને રશિયન. પછીથી મિત્રરાષ્ટ્રો પોતાના ત્રણ વિભાગોમાં અન્યોન્ય સહકાર કરી શક્યા. પૂર્વ પ્રદેશમાંથી પોલ લોકોએ દોઢ કરોડ જર્મનોને તેમનાં ઘરબાર ને ખેતરવાડીમાંથી પશ્ચિમમાં હાંકી કાઢ્યા. બીજી બાજુ બોલ્શેવિકોએ પશ્ચિમી પ્રજાઓને બર્લિનમાંથી હાંકી કાઢવાનો પ્રયત્ન કર્યો. રસ્તાઓ અને રેલવેઓ બંધ કરી દેવામાં આવી. શહેર પણ વહેંચાઈ ગયું. જેમ ભારત અને પાકિસ્તાન એવા બે ભાગ પડવાથી ભારતે અનાજ, રૂ અને શણ જેવો કાચો માલ ગુમાવ્યો અને પાકિસ્તાન મીલો, કારખાનાં અને ખાણો વિહીન થયું,—એવી જ રીતે જર્મનીના ભાગોની સ્થિતિ થઇ. પૂર્વી (રશિયન) ઝોન કૃષિપ્રધાન હોઈ અન્ન તેમજ ઉદ્યોગો માટેનો કાચો માલ ઉત્પન્ન કરે છે, જ્યારે પશ્ચિમી (ઍંગ્લો-અમેરિકન) ઝોનમાં મિલઉદ્યોગો છે. એકબીજાને મદદરૂપ આ બે ભાગો વચ્ચે સંબંધવિચ્છેદ થવાથી અપાર મુશ્કેલીઓ ઊભી થઈ. પશ્ચિમ ભાગમાં ભૂખમરાનો ભય ઊભો થયો. નકશામાં જોઈ શકાશે કે આખું બર્લિન રશિયન વિભાગમાં છે. પરંતુ એ બર્લિન શહેરના પણ ચાર સત્તાઓ વચ્ચે ચાર ભાગલા થઇ જવાથી પશ્ચિમ બર્લિનને પશ્ચિમ જર્મની પર આધાર રાખવો પડે. પરંતુ રશિયાએ બર્લિનના પશ્ચિમ ભાગ ને પશ્ચિમ જર્મની વચ્ચેનો વાહનવ્યવહાર બંધ કરી દીધો! હવે શું કરવું? સ્થિતિ બહુ ગંભીર હતી. બર્લિનના પશ્ચિમ ભાગના લોકો માટે જીવનમરણનો પ્રશ્ન હતો. આ 'બર્લિન બ્લૉકેડ'થી એકાએક ઊભી થએલી તંગ સ્થિતિને થાળે પાડવા અમેરિકનો અને બ્રિટિશોએ હવાઈ કામગીરી બરોબર બજાવી. બસ અને ટ્રામ કરતાં પણ વધારે નિયમિતતાથી એમનાં હવાઇ વિમાનોએ જીવન-જરૂરિયાતની વસ્તુઓ લાવીલાવીને બર્લિનમાં ઠાલવવા માંડી.

આમ મતમતાન્તર ઉગ્ર થતાં ગયાં છેવટે ૧૯૪૯ની ગ્રીષ્મઋતુમાં બોન (Bonn) ખાતે પશ્ચિમ જર્મન સરકાર સ્થાપવામાં આવી. નકશામાં બતાવ્યા પ્રમાણે રશિયન ને પશ્ચિમી જર્મની વચ્ચેની સીમાને લોખંડી પડદા તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે રશિયન વિભાગની ખબરો અને વિગતો ત્યાંથી બહાર આવવા પામતી નથી. બર્લિન શહેરના ચાર વિભાગો નથી પશ્ચિમ જર્મનીને ફાળે જતા કે નથી જતા પૂર્વ જર્મનીને ફાળે. જોકે બર્લિનના ત્રણ પશ્ચિમી વિભાગોને પશ્ચિમી જર્મની સાથે ભળી જવાની ઈચ્છા તો છે.

ભૂતકાળના પોતાના વિશાળ સામ્રાજ્યની યાદ કરતા દરેક જર્મનને અત્યારની દેશની સ્થિતિ જોઇને દુઃખ તો થાય જ. નકશામાં બતાવ્યા પ્રમાણેનું ૧૯૧૪ પૂર્વેનું જર્મનીનું બૃહદ્ સામ્રાજ્ય બે લડાઇઓમાં ખવાઇખવાઇને આજે ઓછું થઈ ગયું છે.

જર્મનીના ઇતિહાસની અને હાલની પરિસ્થિતિઓની આ પૃષ્ઠભૂમિકા આપણે જાણી. હવે એ ઇતિહાસના માર્ગસૂચક સ્તંભો જેવી ટપાલની ટિકિટોમાં એ કથા અવલોકીએ:

૧૯૪૫ના મે માસમાં જર્મન સામ્રાજ્યની હયાતિ નાબૂદ થઈ. ત્યાં સુધી હિટલરની છબિવાળી ટિકિટો વપરાતી હતી. (નં. ૧)

એ હિટલરે સ્વસ્તિકને મહત્ત્વ આપ્યું. પોતના ધ્વજ ઉપર, પ્રતીક તરીકે, ટિકિટો પર ચિત્ર તરીકે તેમજ ટિકિટોના 'વૉટરમાર્ક'માં પણ સ્વસ્તિકને સ્થાન મળ્યું (નં. ૨).

શરણાગતિ પછી પોટ્સડૅમની સંધિ પ્રમાણે જર્મની ચાર ભાગમાં વહેંચાયું. તે માટે લશ્કરી સરકારોએ જે ટિકિટો બહાર પાડી તેમાં બ્રિટિશ ને અમેરિકન વિભાગમાં Ampost છાપવાળી ટિકિટો હતી (નં. ૩).

ફ્રેન્ચ વિભાગમાં ટિકિટોનો જુદો જ સેટ બહાર પડ્યો, જેના ઉપર ફ્રેન્ચ ભાષામાં oZne Francoise લખાણ હતું (નં. ૪).

બૉમ્બમારાથી તારાજ થએલા જર્મનીમાં ગૃહનિર્માણ સમસ્યાએ ગંભીરસ્વરૂપ ધારણ કર્યું હતું. તેના ફાળા માટે કાઢેલી ૨૦ ફેનિંગની ટિકિટ પર Helft Berlin 'બર્લિનને મદદ કરો' એવા શબ્દો છે. આ ટિકિટની કિંમત કરતાં ૧૦ ફેનિંગ વધુ લેવાના છે જેથી આપમેળે જ બર્લિનને મદદ કરાય (નં. ૫).

આ માટે એક બીજો પણ ઉપાય શોધાયો. પશ્ચિમ જર્મનીથી લખાએલા દરેક કાગળ પર બે ફેનિંગની નાની ટિકડી લગાડવી પડતી (નં. ૬). આને ટિકિટ ન પણ ગણી શકીએ. એ તો બે ફેનિંગનો કર છે જે દરેક કાગળ દીઠ ટપાલના દર ઉપરાંત ભરવો પડે.

બર્લિનના ચાર વિભાગોની ટિકિટો પર રીંછ પોતાના નષ્ટ થએલા શહેરને કેવી રીતે પુનઃ બાંધવા જાય છે તેનાં ચિત્રો છે. Stadt એટલે શહેર (નં. ૭-૮-૯).

આ વખતે મિત્રરાષ્ટ્રો ને રશિયા વચ્ચેના મતભેદો હજી ઉગ્ર ન હતા, તેથી ૧૯૪૬માં બ્રિટિશ, અમેરિકન ને રશિયન વિભાગોની સંયુક્ત ટિકિટો બહાર પાડવામાં આવી અને નં. ૧૦માં બતાવેલી ડિઝાઈનમાં જ આખો સેટ છાપવામાં આવ્યો. (પરંતુ ફ્રાન્સે તો ૧૯૪૯ સુધી પોતાની ખીચડી જુદી જ પકવી') પછીથી ૧૯૪૭-૪૮માં ત્રણ વિભાગો તરફથી એક નવો સેટ બહાર પાડવામાં આવ્યો જેમાં કામ કરતા કારીગરો અને ખેડૂતોની (નં. ૧૧-૧૨-૧૩-૧૪) ટિકિટો દર્શાવવામાં આવી છે. એમાં પહેલીમાં ખેડૂત છોડ રોપી રહ્યો છે, બીજીમાં ખભે હથોડા સાથે કારીગર કામે જાય છે, ત્રીજીમાં ખેડૂત અને તેની સ્ત્રી ઘાસનો પૂળો બાંધી લાવે છે જ્યારે ચોથી ટિકિટમાં ખેડૂત બી વાવી રહ્યો છે.

દેશનો કબજો ભોગવતી લશ્કરી સરકારોએ જર્મનીના જેમ બને તેમ વધુ વિભાગો કરવા કમર કસી. તેમાં યે ખાસ ફ્રેન્ચ વિભાગે તો ઘણા ઉપવિભાગ પાડ્યા અને Baden, Wurttemberg ને Rheinland-Pfalz માં નવી ટિકિટો પણ બહાર પાડવામાં આવી. આ ટિકિટો પર મકાનો, પ્રખ્યાત વિભૂતિઓ તેમજ લોકોના પોશાક બતાવતી છબિઓ રજૂ કરવામાં આવી છે (નં. ૧૫-૧૬-૧૭).

૧૯૪૯માં નિકાસ વધારવા માટે તેમજ વ્યાપારની પ્રગતિ માટે ત્રણ રંગની ત્રણ ટિકિટોનો સેટ એક જ કાગળ પર છાપીને બહાર પાડવામાં આવ્યો (નં. ૧૮). આમાં ટિકિટોની કિંમત ૧૦+૨૦+૩૦=૬૦ ફેનિંગ નિકાસ-મદદ તરીકે લેવામાં આવે છે. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં

અંક ૪૧
વૈશાખ ૧૯૮૩

આજે તો આ નીચેના બે ઉતારા-માં નવીનતા નહિ લાગે. પણ પચ્ચીસ વર્ષ પહેલાં તે ઉપયોગી લેખાએલા; ને આજે પણ નિરુપયોગી તો નથી જ.

ઈસલામના સંસ્થાપક હઝરત મહમ્મદ પયગમ્બરસાહેબના જન્મને જીવનસાફલ્ય-ની આ ભૂમિની યાત્રા હજ્જ જિંદગીમાં એક વાર કરીને જીવનનું સાર્થક કરી લેવાની તીવ્ર અભિલાષા જગતના એકેએક મુસલમાનના અંતરમાં સદાકાળ પ્રકાશતી જ હોય છે.

મુસલમાન વર્ષના છેલ્લા મહીનામાં દુ-નિયાભરના મુસલમાનોનાં ટોળેટોળાં મક્કે હજ્જ કરવા જાય છે. અને ગમે તેટલે દૂર આવેલા પોતાના દેશથી પણ તેઓ અનેક મુસીબતો પૂજ્યભાવે સહન કરતા આ ધર્મયાત્રા માટે આવે છે. વાટ બધી તેઓ કુરાન વાંચે છે ને દિવસમાં પાંચ વખત મક્કાની દિશામાં નિમાઝ પડી ખુદાની બંદગી કરે છે.

અરબસ્તાનને કિનારે ઊતર્યાં પછી મક્કા તરફ પ્રયાણ કરતો, દેશવિદેશની આ પચરંગી પ્રજાઓનો યાત્રા-સંઘ ભવ્ય બની રહે છે. કોઇ ખચ્ચર ઉપર, કોઇ ઉંટ ઉપર, તો કોઇ પગપાળા પ્રવાસ કરે છે. ચહેરાઓમાં પડતા ફેરફાર સિવાય બીજી કોઇ પણ રીતે તમે આ યાત્રાળુઓને કહી ન શકો કે તે અફઘાન હશે કે જાવાનિવાસી, તુર્ક હશે કે હિંદી. કેમકે સૌ માથાં બોડાવી સાફ કરે છે, નખ કતરાવે છે ને એકસરખો સફેદ પોશાક પહેરે છે. કપડામાં સુતરાઉ કે રેશમી માત્ર બે જ કકડા વાપરી શકાય છે: એક ખભા ને વાંસા પર વીંટાળવા માટે; બીજો કેડની નીચે લૂંગી તરીકે પહેરવા માટે. સ્ત્રીઓ માથાથી તે પગ સુધી એક લાંબો બુરખો ઓઢે છે, જેમાં માત્ર આંખોને સ્થળે બે જાળીવાળાં કાણાં હોય છે.

મક્કા સાંકડી ખીણોમાં આવેલું હોઇ, છેક નજીક પહોંચીએ ત્યારે એકાએક દેખા દે છે. ત્યાંનાં છ છ માળનાં કેટલાંક મકાનો તો આસ-પાસની ટેકરીઓથી પણ ઊંચાં છે. અરબ-સ્તાન રેતાળ મુલક છે, એટલે ત્યાંની કુદરત વેરાન ને શુષ્ક ભવ્યતા ધારણ કરતી લાગે છે.

મક્કા નજીક પહોંચતાં, શહેરનાં નાનાં મોટાં અનેક મકાનોની વચ્ચેથી, શહેરની મધ્યમાં આવેલી સાત મિનારાવાળી હેરમની મોટી મસ્જિદ ડોકિયું કરતી દેખાય છે, ત્યારે એ દેખાવથી હેરત બની ધર્મભાવભીના મુસ્લિમ યાત્રાળુઓનો સંઘ પલવાર તેની સામે પૂજ્ય-ભાવે જોઈ રહે છે, અને ચોમેર અપૂર્વ શાંતિ છવાઇ રહે છે. પછી થોડી જ વારમાં સૌ સ્વસ્થ થઈને 'લબ્બાયક, અલ્લાહુમ, લબ્બાયક' (હું અહીં છું. ઓ ખુદા, હું અહીં છું)ના અવાજો વડે એ શાંતિને ભેદી નાખે છે.

મસ્જિદની વચ્ચોવચ કાબા (ખુદાનું ઘર) આવેલું છે. મુસલમાન ધર્મનું તે સૌથી પવિત્ર સ્થળ મનાય છે. યાત્રાળુ તેને સાત પ્રદક્ષિણા કરે છે ને એ પવિત્ર મકાનના રૂપાના ઉંબરા આગળ જમીન પર લાંબી પડી નિમાઝ પડે છે.

એ મસ્જિદના અગ્નિકોણમાં ગોઠવેલા લગ-ભગ પાંચ ફીટ ઉંચા કાબાના પત્થરને મુસલ-માનો બહુ જ પવિત્ર માને છે.


ત્યાં ખારાં ને કડવાં પાણીનો ઝમઝમ નામે કૂવો છે. દરેક હાજી તે પાણી પીએ છે અને માને છે કે એ પાણીમાં આંધળાંને દેખતા કરવાની, જિંદગી વધારવાની, રોગો મટાડ-વાની ને બીજી ઘણી ઘણી ચમત્કારિક શક્તિઓ છે. રૂપાના કે સોનાના નાના કૂંજાઓ ભરીને હાજીઓ તે પાણી ઘેર લઈ જાય છે.

હાજી ઘેર પાછો ફરે છે ત્યારે બધા મુસ-લમાનો તેનો ખૂબ આદરસત્કાર કરે છે. એ પાક શહેરની ખાક પણ પોતાને મળે એ ઇરાદે સૌ તેના ઝભ્ભાને અડે છે ને પગ ચૂમે છે; ને જો તે ઝમઝમનું પાણી લાવ્યો હોય તો તેના માનની હદ જ રહેતી નથી. હજ્જ કરી આવ્યાની નિશાની તરીકે ઇજિપ્ત ને બીજા કેટલાક દેશોમાં હાજી લીલી પાઘડી પહેરે છે.

સામેની આકૃતિમાં સ્ટવની રચના બતાવી છે. 'ગ' વાટે સ્ટવમાં કેરોસીન ભરવામાં આવે છે. આ કેરોસીન 'અ' ટાંકીમાં એકઠું થાય છે, અને પંપ 'ડ' મારવાથી છેક તળિયા સુધી પહોંચેલી નળી 'ક' વાટે ઊંચે ચડી 'પ'માં થઈ 'મ' લવીંગમાંથી બહુ જ ઝીણી ધારે બહાર નીકળે છે. જો સ્પિરિટથી સ્ટવ ચેતાવીએ તો 'બ' પ્યાલીમાં સ્પિરિટ સળ-ગાવવાથી 'પ' ભાગ ગરમ થવા માંડે છે. જ્યારે એ ૧૩૦ ડિગ્રી ગરમ થાય છે ત્યારે તેની વચ્ચેની નળીમાં થઈ વહેતું કેરોસીન વરાળરૂપે 'મ'માંથી નીકળે છે અને અવાજ કરી સળગવા લાગે છે. જેઓ કેરોસીનથી સ્ટવ ચેતાવે છે તેઓ શરૂઆતમાં 'બ' પ્યા-લીમાં થોડું કેરોસીન કાઢી 'પ' ભાગને ગરમ કરે છે. આ રીતે સળગાવવાથી સ્ટવની 'મ' નળીમાં મેશ ભરાઈ જઈ સ્ટવ બગડે છે. સ્ટવ સળગ્યા પછી ધુમાડી ન થવાનું કારણ એ છે કે કેરોસીન વરાળરૂપે જોરથી 'મ' વાટે બહાર નીકળી હવામાં રહેલા પ્રાણવાયુ (ઑક્સિજન) સાથે મળી જઈ સળગે છે. આથી ધુમાડારૂપે બહાર પડતાં કાજળનાં રજકણો તદ્દન બળી જાય છે.

હવે અકસ્માત કેમ થાય છે તે જોઇએ. કેટલીક વખત 'પ' ભાગ બરાબર ગરમ થયા પહેલાં પંપ મારવાથી કેરોસીન બહાર આવી ભડકો થાય છે અને માથું નજીક જ રાખી બેઠેલા માણસોનાં લુગડાં વગેરે સળગાવી દે છે, અથવા નજીકમાં મૂકેલી ઝટ સળગી ઊઠે તેવી ચીજોને ચેતાવી દે છે. કેટલીક વાર 'મ'માં કચરો ભરાએલો હોવાથી કેરોસીન બહાર નીકળી શકતું નથી ને ખૂબ પંપ મારવાથી સ્ટવ ફાટી જાય છે. સ્ટવ ખૂબ ગરમ થવા દેવાથી પણ ફાટવાનો સંભવ રહે છે.

એટલે સૌથી અગત્યનું તો એ કે (૧) સ્ટવની આજુબાજુ લૂગડુંલત્તું, સ્પિરિટ કે કેરોસી-નના સીસા ન રાખવા. (૨) ભડકો ન થાય તે માટે 'પ' ભાગને બરાબર ગરમ થવા દેવો. (૩) પિન મારતી વખતે મોં બહુ નજીક ન રાખવું, કારણ પિન કાઢી લીધા પછી એકદમ કેરોસીન બહાર આવી મોટો ભડકો થાય છે. (૪) 'મ' નળીને પિન મારી સાફ રાખવી એ પણ જરૂરનું છે. (૫) સ્ટવને ખૂબ પંપ પણ ન મારવો. અંદર 'પ' બરાબર તપ્યા પહેલાં પંપ મારવાથી ગ્યાસતેલ વરાળ થયા વગર કાચું જ બહાર નીકળે છે તેથી ભડકો થાય છે. તે વખતે હવા કાઢવા માટેની ચાવી 'ચ' ખોલી નાખવી. જો ન ખોલીએ તો ગ્યાસ-તેલ નીકળ્યા કરે ને વધુ ને વધુ ભડકો થાય.





માધુકરી

આવે ગ્રીષ્મ ત્વરિત ગતિ, નાસે મધુ મૂર્ત, છાનો,
વેરી ચારે દિશ વિભવ ઉદ્રેક કેલી કલાનો;
ઝૂંમા પુષ્પે સુરભિ, તરુની ઝૂકી ઘેઘૂર છાયા,
ને આસન્નપ્રસવ સુહતી શી વનશ્રીની કાયા!
સ્વપ્નોત્સુકયે વિકલ ઝબકી ઊઠતી કોકિલાનો
કુંજે કુંજે સ્વર ભટકતો ચૈત્રની રાત્રિઓમાં.

(સંસ્કૃતિ) —ઉમાશંકર

ચીન ગએલા આપણા સાંસ્કૃતિક પ્રતિનિધિઓ

ચીન એ આપણો મહાન પડોશી દેશ છે. તેની સંસ્કૃતિ ભારત જેટલી જ જૂની છે, એટલું જ નહિ પણ ભગવાન બુદ્ધના ઉપદેશોને ઝીલનાર એ દેશ સાથેના ભારતના સાંસ્કૃતિક સંબંધો ત્યાંથી આવેલા યાત્રીઓ હ્યુએન ચાંગ અને ફાહિયાં જેટલા જૂના છે. ભારત સ્વતંત્ર થયા પછી એ સંબંધો ફરી તાજા થયા છે. ત્યાંના પ્રજાસત્તાક લોકરાજ્યે ગયે વર્ષે પોતાના દેશના સંસ્કાર-પ્રતિનિધિઓને ભારત મોકલ્યા હતા. આ વખતે ગયા માસ (એપ્રિલ)ની ૨૬મી તારીખે ભારતે શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતના નેતૃત્વ નીચે પોતાનું સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળ ચીન મોકલ્યું છે. સ્વતંત્ર ભારત તરફથી પ્રથમ વાર ચીન ગએલા એ પ્રતિનિધિમંડળના ૧૪ સભ્યોમાં રાજદ્વારી પુરુષો ઉપરાંત શિક્ષણશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો, પત્રકારો, ચિત્રકાર, નૃત્યકાર, સ્થપતિ, ભાષા અને સંસ્કૃતિના વિદ્વાનો, પુરાતત્ત્વવિદો, ઇતિહાસકારો, ફિલસૂફો વગેરે છે. ભારતની સંસ્કૃતિના પ્રતિનિધિરૂપ એ સંસ્કાર-સેવકોનો ટૂંક પરિચય તથા છબિઓ આ નીચે આપીએ છીએ તે રસદાયક થઇ પડશે.

(૧) શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત ૧૮મી ઑગસ્ટ ૧૯૦૦ને દિને જન્મ્યાં હતાં. તેમણે બધી કેળવણી ઘરમાં જ પ્રાપ્ત કરી હતી. ૧૯૨૧માં સ્વ. બૅરિસ્ટર રણજિત પંડિત, સાથે તેમનું લગ્ન થયું હતું. ૧૯૩૨ બાદ તેઓ આપણી રાજકીય પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેતાં આવ્યાં છે. ઉત્તર પ્રદેશની ધારાસભામાં ચુંટાઇ આવ્યા બાદ તે કૉંગ્રેસ સરકારમાં બે સત્ર સુધી પ્રધાન રહ્યાં હતાં. ૧૯૪૬-૪૭ અને ૪૮માં તેઓ સંયુક્ત રાષ્ટ્રસંસ્થા (યૂનો) માટેનાં સત્તાવાર ભારતીય પ્રતિનિધિમંડળનાં નેતા હતાં. ઉપરાંત મૉસ્કો ખાતે ભારતના એલચી તરીકે બે વર્ષ સુધી અને અમેરિકામાં એલચી તરીકે અઢી વર્ષ લગી તેમણે કામ કર્યું હતું. અત્યારે તેઓ લોકસભાનાં સભ્ય તરીકે ચુંટાઈ આવ્યાં છે.

(૨) આચાર્ય નરેન્દ્રદેવ(એમ.એ., એલએલ.બી.)નો જન્મ ૧૮૮૯ની ૩૧મી ઑક્ટોબરે થયો હતો. અલ્લાહાબાદ અને બનારસમાં કેળવણી પૂરી કર્યા બાદ તે ૧૯૨૧માં કાશી વિદ્યાપીઠમાં ભારતીય ઇતિહાસના પ્રાધ્યાપક, અને ૧૯૨૬માં તેના આચાર્ય બન્યા હતા. અત્યારે તેઓ એના ઉપકુલપતિ છે. ઉપરાંત તેઓ ચાર વર્ષ સુધી લખનૌ યુનિવર્સિટીના પણ ઉપકુલપતિ હતા અને અત્યારે બનારસ હિંદુ યુનિવર્સિટીના પણ ઉપકુલપતિ છે. યુવાવસ્થામાં તેઓ કૉંગ્રેસમાં જોડાયા હતા, અને ચાર વાર જેલ પણ જઈ આવ્યા છે. સમાજવાદી પક્ષના તેઓ મૂળ સ્થાપક ને આજે તેના અગ્રણી સભ્ય છે. તેમણે બૌદ્ધ ધર્મનો ખાસ અભ્યાસ કર્યો છે અને આજે શિક્ષણના ક્ષેત્રમાં પ્રતિભાવાન ફાળો આપી રહ્યા છે.

(૩) શ્રી બી. એન. ગાંગુલી (જન્મ ૧૯૦૨): ઢાકા ને દિલ્હીની વિદ્યાપીઠોમાં છેલ્લાં ૨૬ વર્ષ દરમ્યાન અર્થશાસ્ત્રનું શિક્ષણ આપ્યા બાદ આજે દિલ્હીની સ્કૂલ ઑવ ઇકૉનૉમિક્સમાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર-વિષયના પ્રાધ્યાપક છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર ને વ્યવસાય વિષે પરદેશોમાં પ્રતિનિધિ નીમાવા ઉપરાંત ઇન્ડિયન ફિસ્કલ કમિશનના પણ તે સભ્ય હતા.

(૪) કલાકાર શ્રી નારાયણ શ્રીધર બેન્દ્રેનાં નામ અને કામથી તો 'કુમાર'ના વાચકો સુપરિચિત છે. જન્મ ૧૯૧૦માં. ઇન્દોર સ્કૂલ ઑવ આર્ટમાંથી કલાની તાલીમ અને મુંબાઈ સરકારનો ચિત્રકળાનો ડિપ્લોમા લઇ, ૧૯૩૩-૩૪માં આગ્રા વિદ્યાપીઠમાંથી સ્નાતક થયા.

માસમાસનાં પંખી [૭૬]
બામણી મેના



શિખા રાખવી એ હિંદુપણાની નિશાની છે: એમાં યે બ્રાહ્મણને માથે તો એ ચિહ્ન ફરજિયાત હોવું જોઇએ. આવા જ કોઈ તર્કને પ્રતાપે એક વિશિષ્ટ જાતની કાબરનું નામ, એના શિર પરની લટકતી ગંજરીને લીધે, 'બામણી' મેના પડ્યું છે. એના એ ચિહ્નને દર્શાવવા તેનું અંગ્રેજી નામ Black-headed Myna પૂરતું નથી. કારણ માથાં 'કાળાં' તો ઘણી યે મેના કે કાબરોનાં હોય છે; પરંતુ જેને શિરે કલગી કે છોગા જેવી, પીઠ પર લટકતી પીછાંની ચોટલી હોય તેવી તો આ 'બામણી' એકલી જ. આઠેક ઈંચના કદની આ મેનાને ઓળખવાની નિશાની પણ એ 'ચોટલી' જ. દેખાવે નરમાદા બંને સરખાં જ.

એનું કપાળ, ગરદન, માથું બધાં શ્યામ વર્ણનાં. માથા ઉપર ચળકતા કાળા રંગની ચોટલી. બંને લમણાં, ગરદન, દાઢી, છાતી અને પેટ સુંદર ગુલાબી રંગનાં. પાંખોમાં કાળા અને ભૂખરા રંગનું મિશ્રણ દેખાય. ચાંચ પીળી, પગ ચળકતા પીળા.

રંગમાં બહુ દીપી નથી નીકળતી; પણ બધાંમાં નાજુક અને રૂપાળી કાબર આ જ.

ફૂલોનો રસ વગેરે તેનો આહાર. ચરતાં ઢોરોની સાથે રખડી, ઢોરના ચાલવાથી ઊડતાં જીવડાં વગેરે પણ ખાય.

આપણે ત્યાં પ્રત્યેક સ્થળે એ વસે છે. માત્ર ગીચ ઝાડીવાળા જંગલમાં નથી જોવામાં આવતી. જમીન ઉપર તેમજ ઝાડમાં એને સરખું ફાવે છે. એનાં ટોળાં નથી બંધાતાં તેથી તેમજ એના મજાના મીઠા ધીરા કંઠને લીધે એ કદી યે અણગમતી નથી બનતી. મે થી જૂન સુધીમાં એના માળા નજરે પડે છે. માળા એટલે ઝાડની બખોલ–ક્વચિત્ જીર્ણ મકાનનાં બાકોરાંમાં ઘાસપાંદડાંની પથારી અને એ ઉપર મૂકેલાં ૩-૪ ઇંડાં. રંગે એ બહુ આછાં વાદળી કે લીલાશ પડતાં અને ખરબચડા છતાં ચળકતાં લંબગોળ હોય છે.

ભારતવર્ષનું એ સ્થાયી અધિવાસી ગણાય.

('વનેચર'ના લેખ તેમજ બીજા ગ્રંથો પરથી)

વિજયાલક્ષ્મી નરેન્દ્રદેવ અમરનાથ ઝા પી. સી. બાગચી દુર્ગાબાઈ નવાબ ઝેનયારજંગ એસ. ભગવંતમ્



ચલપતિરાવ ફ્રૅન્ક મૉરાએસ બી. એન. ગાગુલી નારાયણ મેન્દ્રે શાન્તા રાવ એન. પી. ચક્રવર્તી લીલામણિ નાયડુ

મુંબઈ, કલકત્તા, દિલ્હી, ઈન્દોર, કોડાઇકનાલ, લાહોર, મદ્રાસ, સિમલા વગેરે સ્થળેથી કલા માટે પારિતોષિકો મેળવ્યાં છે. ૧૯૪૫-૪૬ દરમ્યાન શાન્તિનિકેતન ખાતે ગેસ્ટ આર્ટિસ્ટ તરીકે કામ કરી, કલાનાં અદ્યતન સ્વરૂપોના અભ્યાસ અર્થે ૧૯૪૭-૪૮માં અમેરિકા, ઇંગ્લંડ, ફ્રાન્સ, હોલૅન્ડ વગેરે દેશોનો પ્રવાસ કર્યો. મુંબઇ પ્રાન્ત માટેના કલાવિષયક સલાહકાર પંચના સભ્ય હતા. ૧૯૪૯ પછીથી સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટની સલાહકાર સમિતિના સભ્ય છે ને અત્યારે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ચિત્રકલાના પ્રાધ્યાપક (પ્રોફેસર ઑવ પેઇન્ટિંગ) તરીકે કામ કરે છે.

(૫) દક્ષિણ હિંદની બે સૌથી વધારે પ્રસિદ્ધ નૃત્યશૈલીઓ કથકલી અને ભરતનાટ્યમ્‌માં પારંગત શ્રીમતી શાન્તા રાવને નૃત્યવિવેચકો ભરતનાટ્યમ્‌ના અણીશુદ્ધ સ્વરૂપનાં પ્રદર્શક ગણે છે. ઉપરાંત સંગીત અને ચિત્રકલામાં પણ તેઓ પ્રવીણ છે.

(૬) આન્ધ્રના શ્રી ચલપતિ રાવે મદ્રાસ યુનિવર્સિટીમાંથી ૧૯૩૦-માં એમ. એ. થઇ થોડો સમય મદ્રાસ હાઈકોર્ટમાં ઍડવોકેટ તરીકે વકીલાત કરી. પછી ૧૯૩૮થી ૧૯૪૨ દરમ્યાન લખનૌના 'નૅશનલ હૅરલ્ડ'ના ને ૧૯૪૩થી ૧૯૪૫ સુધી દિલ્હીના 'હિન્દુસ્તાન ટાઈમ્સ'ના મદદનીશ તંત્રી થયા અને ૧૯૪૬ પછીથી નૅશનલ હૅરલ્ડના તંત્રી બન્યા છે. ૧૯૫૦માં પારીસમાંના યુનેસ્કોના પ્રેસ એક્સપર્ટ્સ કમિશનના અને ન્યૂ યૉર્કમાં ઇન્ટરનૅશનલ પ્રેસ ઇન્સ્ટીટ્યૂટના સભ્ય હતા. અખિલ ભારતીય વ્યવસાયી પત્રકાર મહામંડળના પ્રમુખ છે.

(૭) શ્રી ફ્રૅન્ક મૉરાએસ : જન્મ નવેમ્બર ૧૨, ૧૯૦૭; મુંબાઈ યુનિવર્સિટીના બી. એ. અને ઑક્સફર્ડના એમ. એ.; લિંકન્સ ઈનના બૅરિસ્ટર અને આજે મુંબાઇના 'ધી ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'ના તંત્રી. અગાઉ તેમણે 'ધી ટાઇમ્સ ઑવ સીલોન' કોલંબોના તેમજ મુંબાઈના 'નૅશનલ હૅરલ્ડ'ના તંત્રી તરીકે પણ કામ કર્યું છે. ઉપરાંત અગ્નિ એશિયા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડમાં પ્રવાસો કર્યા છે.

(૮) ડૉ. એસ. ભગવન્તમ્ : સર ચન્દ્રશેખર વ્યંકટરામન જેવાના હાથ નીચે અનુસ્નાતક સંશોધનની તાલીમ લઇને ભૌતિકવિજ્ઞાન ઉપર ગ્રંથો લખનાર આ નામી વિજ્ઞાનીએ આન્ધ્ર વિદ્યાપીઠમાં ભૌતિક વિજ્ઞાન વિભાગના વડા તરીકે, યુનિવર્સિટી કૉલેજના પ્રિન્સિપાલ તરીકે અને ભારત સરકારના વૈજ્ઞાનિક સંશોધન ખાતા તરફથી લંડન ખાતે રાષ્ટ્રસમૂહના દેશોની વિજ્ઞાનવિષયક કચેરીઓના સંબંધમાં ભારતીય વૈજ્ઞાનિક સંપર્ક-અધિકારી તરીકે કામ કર્યું છે. અત્યારે હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીના વિજ્ઞાન વિભાગના ડીન છે.

(૯) ડૉ. અમરનાથ ઝા : પ્રતિભાવાન વિદ્વાન ને શિક્ષણશાસ્ત્રી. જન્મ : ૧૮૯૭ની ૨૫મી ફેબ્રુઆરી. ૧૯૧૭થી ૧૯૩૮ અલ્લાહાબાદ યુનિવર્સિટીના અંગ્રેજીના પ્રાધ્યાપક. ૧૯૩૮ થી ૧૯૪૭ ત્યાંના ઉપકુલપતિ. ૧૯૪૮માં બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપ કુલપતિ. ૧૯૪૭ થી તેઓ યુ. પી. પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ હતા. ઑનરરી એલએલ. ડી. (અલ્લાહાબાદ) ઑનરરી ડી. લિટ. (આગ્રા ને પટણા). તથા ભારતીય સૈન્યમાં ઑનરરી લેફ્ટેનન્ટ કર્નલ હોવા ઉપરાંત તેઓ ઇંગ્લંડની રૉયલ સોસાએટી ઓવ લિટરેચરના ફેલો ને ઈરાનની વિદ્યાપીઠના ઑનરરી સભ્ય પણ છે. વળી ઑલ ઇંડિયા ફેડરેશન ઑવ એડ્યુકેશનલ એસોસીએશન્સના અધ્યક્ષ તેમજ ઑલ ઈન્ડિયા ઍડલ્ટ એડ્યુકેશન એસોસીએશનના પણ અધ્યક્ષ છે. હિંદી સાહિત્ય સંમેલનના તથા ઑલ ઇન્ડિયા લૉન ટેનીસ એસોસીએશનના માજી પ્રમુખ છે લીગ ઑવ નેશન્સની શિક્ષણ-સમિતિના સભ્ય તેમજ યુનેસ્કોના પ્રેપરેટરી કમિશનમાં ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય પણ હતા. ઉપરાંત રાષ્ટ્રીય સંરક્ષણ વિદ્યાપીઠ સમિતિના ઉપાધ્યક્ષ તથા મધ્યસ્થ શિક્ષણ સમિતિના સભ્યા હતા ને આજે સેન્ટ્રલ બોર્ડ ઑવ ફિલ્મ્સ સેન્સર્સના પણ સભ્ય છે. તેમણે કેટલાંક સંસ્કૃત હિંદી, ઉર્દૂ અને અંગ્રેજી પુસ્તકો લખ્યાં છે.

(૧૦) શ્રી એન. પી. ચક્રવર્તી : (જન્મ ૧૮૯૩) કલકત્તા યુનિવર્સિટીમાંથી એમ. એ. થઈ ૧૯૨૪માં કેમ્બ્રિજ યુનિવર્સિટીના પીએચ. ડી. થયા. પછી સંશોધનના અભ્યાસક તરીકે પારીસ તથા બર્લિન ગયા. ૧૯૧૭થી૨૮ સુધી તેઓ કલકત્તા યુનિવર્સિટીમાં સંસ્કૃત, પાલી અને પ્રાચીન ભારતીય ઈતિહાસના પ્રાધ્યાપક હતા. ૧૯૨૯માં ભારતના પુરાતત્ત્વ વિભાગમાં જોડાઈ ક્રમેક્રમે આગળ વધતાં તેઓ ભારતના પુરાતત્ત્વ ખાતાના વડા નિયામક બન્યા. તેઓ 'રૉયલ સોસાએટી ઑવ ઇન્ડિયા અન્ડ પાકિસ્તાન, (લંડન)'ના ઉપાધ્યક્ષ છે ને રૉયલ એશિયાટિક સોસાએટીના ફેલો છે. ભાષા, સંસ્કૃતિ અને ભારતનાં પ્રાચીન ઈતિહાસ વિષે તેમણે અનેક પુસ્તકો પ્રસિદ્ધ કર્યા છે.

(૧૧) શ્રીમતી લીલામણિ નાયડુ : જન્મ ૧૯૦૩ની ૨૭મી એપ્રિલે.

ભારત તથા લંડનની શાળાઓમાં શિક્ષણ લીધા બાદ ઑક્સફર્ડ યુનિવર્સિટીમાંથી ૧૯૨૭માં ફિલૉસૉફી, ઇકૉનૉમિક્સ ને પૉલિટિક્સની ઑનર્સ ડિગ્રી મેળવી હતી. ૧૯૨૮માં પંજાબમાં લાહોરની મહિલા કૉલેજના ફિલૉસૉફી વિભાગના વડા તરીકે જોડાઈ તેમણે જીવનની શરૂઆત કરી. ૧૯૩૬માં હૈદરાબાદ રાજ્યના રાજદ્વારી ખાતાના સેક્રેટરીએટમાં ખાસ અધિકારી તેમજ મુખ્ય પ્રધાનનાં અંગત મંત્રી તરીકે સેવા આપી. ૧૯૪૮ના સપ્ટેમ્બરમાં તેઓ ભારતની વિદેશ-સેવામાં જોડાયાં હતાં અને પારીસમાં મળેલી સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની યુનોની ત્રીજી સામાન્ય બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનાં સલાહકાર તરીકે હાજરી આપી હતી. હાલ તેઓ ભારત સરકારની વિદેશ-વિષયક સેવાઓને લગતી પ્રધાન કચેરીનાં નાયબ મંત્રી છે.

(૧૨) શ્રીમતી દુર્ગાબાઈ: જન્મ ૧૯૦૯; એમ. એ. બી. એલ.; રાષ્ટ્રીય લડતમાં ભાગ લઈને અનેક વાર જેલ-નિવાસ કર્યો છે. આંધ્ર પ્રદેશમાં હિંદુસ્તાનીના આદ્ય પ્રચારક તરીકે મહાત્માજીના હસ્તે સુવર્ણચંદ્રક મેળવ્યો છે. કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારકનિધિનાં મંત્રી હતાં અને બંધારણ સભાનાં તથા પાર્લામેન્ટનાં સભ્ય હતાં. હાલ સર્વોપરી અદાલત ખાતે ઍડવોકેટ તરીકે કામ કરે છે.

(૧૩) ઝેન યાર જંગ: સ્થાપત્યકળા, શિલ્પ વિદ્યા, બાંધકામશાસ્ત્ર તથા વહીવટીકળાના આ નિષ્ણાત હૈદરાબાદ તથા લંડન ખાતે શિક્ષણ લીધા બાદ નાο નિઝામની સેવામાં મદદની રાઈજનેર તરીકે જોડાયા હતા અને થોડા સમયમાં રાજ્યના જ એક્ઝિક્યુટિવ એન્જિનિયર નીમાયા હતા. રાજ્ય તરફથી તેમને ઇમારતી શિલ્પકળાના અભ્યાસ માટે યુરોપ મોકલવામાં આવ્યા હતા અને ત્યાંથી પાછા ફર્યા બાદ તેઓ ચીફ આર્કિટેક્ટ તરીકે હતા. તેમણે ઈમારતી બાંધકામમાં એક નવી શૈલી દાખલ કરી છે, જેમાં હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિનો સુખદ સમન્વય જોઈ શકાય છે. તેમની આ શૈલીનો આદર્શ નમૂનો ઓસ્માનિયા વિદ્યાપીઠની ઈમારત છે. એ ઉપરાંત તેમણે પતિયાલાના શીખ ગુરુદ્વારાની ઈમારતનો પણ નકશો તૈયાર કરી આપ્યો છે. ગરીબો માટેનાં રહેણાકોની યોજનાઓ પણ તેમણે આલેખી છે. ૧૯૪૫માં તેમણે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની બેઠકમાં, તેમજ લંડન ખાતે મળેલી કૉમનવેલ્થ સ્ટાન્ડર્ડ્ઝ પરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી. ૧૯૪૩માં તેઓ જાહેર બાંધકામ, વ્યાપાર અને ઉદ્યોગ-ખાતાના પ્રધાન હતા. ૧૯૪૮માં હૈદરાબાદની લશ્કરી સરકારના સભ્ય હતા અને તે પછીની સરકારમાં પણ પ્રધાન તરીકે ચાલુ રહ્યા હતા. તેમણે કેટલીક નાનીમોટી બંધ-યોજનાઓ પણ આલેખી છે.

(૧૪) પી. સી. બાગ્ચી: જન્મ ૧૮૯૮. ૧૯૧૮માં કૃષ્ણનગર કૉલેજમાંથી સંસ્કૃત ઑનર્સ સાથે ગ્રૅજ્યુએટ. ૧૯૨૦માં કલકત્તા યુનિવર્સિટીમાંથી ભારતના પ્રાચીન ઇતિહાસ અને સંસ્કૃતિના વિષયો લઇ પ્રથમ વર્ગના સૌથી પહેલા એમ. એ. ત્યાર બાદ ૧૯૨૬માં પારીસ યુનિવર્સિટીના 'ડૉક્ટર એસ લેતિસ દ એતેત'ની ઉપાધિ મેળવી. પ્રાધ્યાપક સીલ્વેન લેવી સાથે અભ્યાસ કરવા માટે તેમને કલકત્તા વિદ્યાપીઠ તરફથી શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. પ્રા. લેવીની સાથે તેમણે નેપાલ તથા હિંદીચીનનાં પુરાતત્ત્વ સંશોધનોનું તથા શિલાલેખ ઉકેલવાનું કાર્ય કર્યું હતું. ૧૯૨૨-૨૩માં જાપાનનો પ્રવાસ કરી આ ૧૯૨૩માં તે પારીસ વિદ્યાપીઠમાં જોડાયા. તેઓ પાલી, સંસ્કૃત, ચીની અને તિબેટન ભાષાના અભ્યાસી છે તથા પૂર્વ એશિયાના ઇતિહાસનું બહોળું જ્ઞાન ધરાવે છે. તેમણે બૌદ્ધ ધર્મ, ચીનના બુદ્ધ સાહિત્ય અને બીજા એવા વિષયો ઉપર પુસ્તકો લખ્યાં છે. ૧૯૪૭-૪૯ દરમ્યાન તેમને ભારત સરકાર તરફથી નૅશનલ પેકિંગ વિદ્યાપીઠ ખાતે હિંદના ઇતિહાસ તથા સંસ્કૃતિના પ્રાધ્યાપક તરીકે મોકલવામાં આવ્યા હતા. ચીનમાં હતા એ દરમ્યાન તેમણે ચીની તુર્કસ્તાનનાં સ્થાપત્યો જોવા માટેનો પ્રવાસ ખેડ્યો હતો. ૧૯૪૦થી તેઓ વિશ્વભારતી ખાતે સ્નાતકોત્તર શિક્ષણ અને સંશોધન વિભાગના નિયામક છે.

તેલો પર સંશોધન

રંગરોગાનની બનાવટમાં બેલતેલનો ઉપયોગ સામાન્ય છે. બેલતેલ એ અળસીનું તેલ છે. તેમાં સુકાઈ જવાનો ગુણ છે એટલે તેનો ખાસ ઉપયોગ થાય છે. આપણા દેશમાં આ રંગરોગાનના ઉદ્યોગમાં દર વર્ષે આઠથી દસ હજાર ટન અળસીનું તેલ વપરાય છે. એને બદલે બીજાં કોઇ તેલો વાપરી શકાય કે કેમ તેનું સંશોધન હાલ પૂનાની નૅશનલ કેમિકલ લેબૉરેટરીમાં ચાલે છે. એમાં માલૂમ પડ્યું છે કે તંબાકુનાં બીયાંમાંથી નીકળતું તેલ રંગરોગાનની બનાવટમાં વાપરી શકાય. અમુક સાદી ક્રિયા વડે જ અળસીના તેલ પેઠે સુકાઈ જાય એવું બનાવી શકાય છે અને તે માટે તંબાકુનાં બી એકલા મદ્રાસ રાજ્યમાંથી જ દર વર્ષે આઠ હજાર ટન સહેલાઇથી મળી શકે એમ છે. તંબાકુનાં બીનું આવું તેલ બનાવવા માટે એક ટને ૭૨ રૂપિયા ખર્ચ થાય છે, અને વળી અળસીના તેલ કરતાં એ વધારે સારું પરિણામ આપે છે, કેમકે અળસીના તેલના મુકાબલે તે પીળું પડતું નથી, સુકાયા પછી તેના પર પાણીની અસર થતી નથી અને અળસીના તેલ સાથે મેળવીને પણ વાપરી શકાય છે. આ જ રીતે કસુંબીનું તેલ (Safflower oil) પણ આ ઉદ્યોગમાં ઉપયોગી માલૂમ પડ્યું છે. અને મુંબઇ રાજ્યમાં કસુંબી તો ખૂબ થાય છે.

લીમડાની લીંબોળીનું તેલ તેની અપ્રિય ગંધને લીધે બહુ વાપરી શકાતું નથી. આથી લીંબોળીમાંથી તેલ કાઢવાની ક્રિયામાં ફેરફાર કરીને હવે ગંધરહિત તેલ તૈયાર કરવામાં આવ્યું છે અને તે હવે સાબુની બનાવટમાં તેમજ બીજા ઉપયોગોમાં લઇ શકાય એમ જણાયું છે. આમ આ સંશોધનોના પરિણામે અત્યાર સુધી બીનઉપયોગી લેખાતાં તેલો નવા ઉપયોગોમાં આવશે અને તેથી ઉદ્યોગોને કાચા પદાર્થોની પડતી તાણ દૂર થતી જશે. —નરસિંહ મૂ. શાહ

જગત ફોટો-હરીફાઈમાં ગુજરાતની કદર

'કુમાર'ના ૩૨૪મા (ડિસેમ્બર ૧૯૫૦ના) અંક ઉપર પ્રકટ થએલા સફેદ મોરના ફોટોચિત્ર માટે તેના કલાકાર શ્રી આબિદઅલી સૈયદને અમેરિકાની એક જંગી ફોટોગ્રાફી હરીફાઇમાં ઈનામ મળ્યું છે.

'પૉપ્યુલર ફોટોગ્રાફી' નામના અમેરિકન માસિકે યોજેલી ૨૫,૦૦૦ ડૉલરની એ હરીફાઈમાં ગુજરાતમાંથી પાલનપુરના બે તસ્વીરકારો ઈનામો મેળવવા ભાગ્યશાળી થયા છે: એક છે ડૉ. કાન્તિલાલ કોઠારી, જેમના 'શેરી વાળનાર' ચિત્રને ૫૦ ડૉલરનું ઈનામ અને સર્ટિફિકેટ ઑવ ઍવૉર્ડ મળ્યાં છે; અને બીજા છે શ્રી સૈયદ, જેમના ઉપલા ચિત્રને ૨૫ ડૉલરનું ઇનામ તથા સર્ટિફિકેટ મળે છે.

બૃહદ ગુજરાતની કૉલેજોનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે નિબંધ-હરીફાઇ

'હિંદુ સમાજની પુનર્ઘટના' એ વિષય ઉપર ૫૦ ફૂલ્સકૅપ કાગળના કદનો નિબંધ તા. ૧-૭-૫૨ સુધીમાં નીચેના સરનામે સીલબંધ પરબીડિયામાં, રજિસ્ટર્ડ પોસ્ટથી, અને કૉલેજમાં જે વર્ગમાં પોતે ભણતાં હોય તેની વિગત, સર્ટિફિકેટ તથા પોતાના સરનામા સાથે મોકલવો. પસંદ થશે તે રૂ. ૫૦) સુધીનું એક, એમ, વિદ્યાર્થીઓમાંથી તેમજ વિદ્યાર્થિનીઓમાંથી દરેકને એકએક એવાં બે ઈનામો અપાશે. વિશેષ વિગત માટે નીચેના સરનામે લખવું: શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર, ૩૫૬, વિઠ્ઠલભાઈ પટેલ રસ્તો, મુંબાઈ-૪

આ માસ (મે) ઇતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: પંડિત મોતીલાલ નહેરૂ

ભારતના સ્વાતંત્ર્ય માટે ભેખ લેનાર, ગઈ પેઢીની મહાન વ્યક્તિઓમાં અગ્રસ્થાને આવનાર અને ઠરેલ મુત્સદ્દી તથા રાજકીય નેતા તરીકે નામ કાઢનાર પંડિત મોતીલાલ નહેરૂનો જન્મ, બુદ્ધિ ને રૂપ બંને માટે પ્રખ્યાત કાશ્મીરી બ્રાહ્મણ કુળમાં થયો.



એમના પિતા પંડિત ગંગાધરજી દિલ્હીના કોટવાળ હતા. તેમના અવસાન બાદ ચોથે મહીને તેમનાં પત્ની જયબીબીએ ઇ. ૧૮૬૧ની ૬ઠ્ઠી મેએ મોતીલાલજીને જન્મ આપ્યો. વિદ્યાર્થી તરીકે એમણે શાળામાં બહુ રસ નથી લીધો, પણ એ કાળથી જ એમને કાયદાના વિષયમાં ઊંડો રસ હોઇ અભ્યાસ બાદ હાઇકૉર્ટ વકીલની પરીક્ષામાં સુવર્ણચંદ્રક જીતી કાનપુરમાં વકીલાત શરૂ કરી. એવામાં મોટાભાઈ નંદલાલનું અવસાન થતાં તે અલ્લાહાબાદ આવી કુટુંબ સાથે રહ્યા ને ત્યાં ટૂંક સમયમાં તો સમસ્ત યુક્ત પ્રાંતમાં મશહૂર ઍડવોકેટ તરીકે નામ કાઢ્યું.

એમનું લગ્ન બહુ નાનપણમાં થએલું, પણ પ્રસૂતિ વેળા બાળક અને પત્ની બંને અવસાન પામતાં રાવળપિંડીના પંડિત પ્રમથનાથનાં બહેન સ્વરૂપરાણી સાથે પરણ્યા. જેમનાથી એમને પંડિત જવાહરલાલ વગેરે જેવાં જગમશહૂર બાળકો સાંપડયાં. એમનું જીવનધોરણ ખૂબ ઊંચું હતું ને તદ્દન યુરોપીઅન ઢબે બાદશાહી દબદબાથી તેઓ રહેતા. એમની એવી અમીરી રહેણીકરણી છતાં એમના હૃદયમાં ઊંડેઊંડે દેશના સ્વાતંત્ર્યની જે આગ ધૂંધવાતી હતી તેને મહાત્માજીની ચળવળોએ ફૂંક મારી પ્રજ્વલિત કરી દીધી. જોકે હિંદની રાષ્ટ્રીય ચળવળમાં તો તેમણે છેક ઈ. ૧૯૦૭માં પ્રવેશ કરેલો. અંતે અસહકારની લડત વેળા મોટી કમાણીની વકીલાતને તેમણે તિલાંજલિ આપી દીધી. ૧૯૧૯માં તેઓ અમૃતસરની મહાસભાના પ્રમુખ ચુંટાયા અને તે પછીની રાજકીય લડતને અંગે જેલવાસ પણ ભોગવ્યો. એમની કાબેલિયત, રાજકાજપટુતા અને વિચક્ષણ મુત્સદ્દીપણું જોઈ મદ્રાસ મહાસભાએ એમને હિંદને માટે આવશ્યક રાજ્યબંધારણ ઘડવા નીમેલી કમિટિના અધ્યક્ષ નીમેલા. ગાંધીજી સાથેના કેટલાક રાજકીય મતભેદને કારણે એમણે દેશબંધુ ચિત્તરંજનદાસ સાથે 'સ્વરાજ પાર્ટી' સ્થાપી અને પાર્નેલ તથા તેના આઇરિશમેનના જેવી સરકારી તંત્રમાં જોડાઇને તેમાં રહ્યેરહ્યે જ રાજતંત્રમાં ફેરફારો લાવવાની નીતિ સ્વીકારેલી. બીજી જ ચૂંટણીમાં બધે એમની 'સ્વરાજ પાર્ટી' ચુંટાઇ આવી અને નવી દિલ્હીમાં મોતીલાલજી તેના નેતા તરીકે સ્વીકારાયા. લોકજાગૃતિને માટે ને સ્વાતંત્ર્યની ચળવળને વેગ આપવા એમણે 'ઇન્ડિપેન્ડેન્ટ' નામનું પત્ર પણ શરૂ કરેલું. ૧૯૨૯ની કલકત્તા કૉંગ્રેસના તેઓ ફરી પ્રમુખ ચુંટાયેલા.

આમ દેશને માટે અમીરી ફગાવી દઈ ફકીરી લીધા પછી અવિરત પરિશ્રમપૂર્વક દેશસેવા કરતાંકરતાં આયુષ્યનાં ૭૦ વર્ષ એમણે ગાળી નાખ્યાં. દરમિયાન દમનો વ્યાધિ તેમના શરીરમાં પેઠેલો અને તેને લીધે હૃદય પર દબાણ અને શારીરિક પીડા પણ ખૂબ થવા છતાં સ્વાતંત્ર્યની ઝંખના આડે દમને એમણે કદી આવવા દીધો નહોતો. આખરે દમે ઉગ્ર સ્વરૂપ લીધું અને છેવટ એટલી ગંભીર સ્થિતિ આવી પડી કે ઉપચાર માટે કલકત્તા જવાનું પણ અશક્ય થઈ પડયું; અને આવી ગંભીર હાલતમાં દેશકાર્ય કરતાં કરતાં જ તેઓ ૧૯૩૧ના છઠ્ઠી ફેબ્રુઆરીએ અવસાન પામ્યા.

દિનવિશેષ

તા. ૩ ભારતના છેલ્લા અંગ્રેજ ગવર્નર જનરલ લૉર્ડ માઉન્ટબૅટન નિવૃત્ત થતાં તેમને સ્થાને પ્રથમ હિંદી ગવર્નર જનરલ તરીકે શ્રી રાજગોપાળાચાર્યની વરણી, ૧૯૪૮.

તા. ૮ રસાયણશાસ્ત્રના પિતા સમા મહાન ફ્રેંચ વિજ્ઞાની લવાઝીએની પ્રતિભાને મૂલવવાનો ઈન્કાર કરીને, જૂની રાજાશાહીના ટેકેદાર તરીકે તેનો ફ્રાંસના ક્રાંતિમંચ પર વધ, ૧૭૯૪.

તા. ૧૧ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદને હસ્તે પ્રભાસમાં ભગવાન સોમનાથની સ્થાપના, ૧૯૫૧.

તા. ૧૫ બ્રિટિશ મૅન્ડેટનો અંત આવતાં પૅલેસ્ટાઈનના યહુદીઓએ તેલ-અવીવમાં ૨૦૦૦ વર્ષ બાદ ફરી 'ઈઝરાઈલ'ના યહુદી રાજ્યની સ્થાપના કરી, ૧૯૪૮.

તા. ૧૭ શીતળાની રસીના શોધક એડવર્ડ જેનરનો જન્મ, ૧૭૪૯.

તા. ૨૭ ગાંધીજીના ખૂની ગોડસે વગેરે પર દિલ્હીના લાલ કિલ્લામાં મુકદ્દમો શરૂ થયો, ૧૯૪૮.

તા. ૨૯ ક્રૉમવેલના મરણ બાદ ઇંગ્લંડમાં રાજાશાહીની પુનઃ સ્થાપના, ૧૬૬૦.

તા. ૩૦ સંસારસુધારક ને કેળવણીકાર રા. બ. મહીપતરામ રૂપરામનું અવસાન, ૧૮૯૧.

એપ્રિલ (૧૯૫૨)ની તવારીખ

તા. ૬ દક્ષિણ આફ્રિકાની રંગભેદની ગોઝારી નીતિને પડકારવા આફ્રિકન નૅશનલ કૉંગ્રેસના ઉપક્રમે દક્ષિણ આફ્રિકન યૂનિયનની સમગ્ર બિનગોરી જનતાનો પ્રચંડ વિરોધ.

તા. ૭ બે વરસે પોણાચાર કરોડને ખરચે તૈયાર થએલી ૨૭ માઈલ લાંબી મુકેરીઅન–પઠાણકોટ રેલવેનું શ્રી ગોપાલસ્વામી આયંગરે ઉદ્ઘાટન કર્યું.

તા. ૧૦ ભારતીય નૌકાદળનાં નવાં ચિહ્નો અમલમાં આવ્યાં.

તા. ૧૫ ભૂમિદાન યજ્ઞમાં કાશીરાજ વિભૂતિનારાયણસિંહે ૭૫૭૬ એકર ધરતીનું દાન કર્યું.

તા. ૨૧ બ્રિટનના ભૂતપૂર્વ સોશ્યાલિસ્ટ અર્થસચિવ ભારતમિત્ર સર સ્ટૅફર્ડ ક્રિપ્સનું અવસાન.

તા. ૨૮ અમેરિકા સાથેના શાન્તિકરારો પછી જાપાન ફરીથી પૂર્ણ સ્વતંત્ર થયું.

પ્રસંગવિશેષ: શિવાજી અને ઔરંગઝેબની મુલાકાત : ૧૨મી મે ૧૬૬૬

શાહિસ્તખાંને નસાડી મૂકી, છેક સૂરત સુધી આવી ત્યાં લૂટ ચલાવી જનાર શિવાજીને દાબવા ઔરંગઝેબે પોતાના પુત્ર મુઆઝમ તથા રાજા જયસિંહને ખાસ સૈન્ય સાથે દક્ષિણ મોકલ્યા. પરંતુ તે પણ બહુ ફાવ્યા નહિ. અંતે શિવાજી તરફના પક્ષપાત તથા મૈત્રીને લઇને જયસિંહે તેને પોતાની બાંહેધરી તળે આગ્રા આવી મુઘલ સત્તાનું આધિપત્ય સ્વીકારવા દબાણપૂર્વક સમજાવ્યું. એ મુજબ ૧૬૬૬ની ૯મી મેએ શિવાજી આગ્રા પહોંચ્યા. બે દિવસ બાદ ૧૨મી મેએ તે જયસિંહના પુત્ર રામસિંહ અને પોતાના પુત્ર સંભાજી સાથે દીવાને આમના દરબારમાં ગયા અને ત્યાં ૧૫૦૦ મહોરો તથા ૬૦૦૦ રૂપિયાનું નજરાણું ઔરંગઝેબને ધર્યું. પરિચયવિધિ પતી જતાં ઔરંગઝેબે તેને રાજા તરીકેનું માન આપવાને બદલે ત્રીજા દરજ્જાના પાંચ હજારી મનસબદારો જોડે ઊભા રાખવાનું કહેતાં જ એ અપમાનનો શિવાજીએ સખત વિરોધ કર્યો. પરિણામે તેને સખત જાપતા નીચે નજરકેદ રાખવામાં આવ્યા. પણ રામસિંહની ચશમપોશીથી તે ત્યાંથી નાસી ગયા.

મનુષ્યનાં કર્મની કાલિમાને સમર્થ ધોવા લઘુ અશ્રુબિંદુ

—રમણલાલ સોની—

અમેરિકાના ડંકર્ક ગામનો નગરન્યાયાધીશ રેમંડ વાઘક એક વાર ઉતાવળમાં એક મોટરબસને આંતરીને પોતાની ગાડી આગળ ચલાવી ગયો. પણ પછી તેને તરત જ પોતાની ભૂલ સમજાઈ કે જે કાનૂન ભંગ માટે પોતે રોજ પાંચ ડૉલરનો દંડ કરે છે તે એ જાતે જ કરી બેઠો છે. લાગલા જ પોલીસ થાણે જઇને તેણે અફસરના હાથમાં પાંચ ડૉલરની નોટ મૂકીને કહ્યું 'કોઈ પોલીસે એ ગુનો જોયો તો ન હતો, પણ ન્યાયાધીશ તરીકે મારે એ કાયદો પહેલો પાળવો જોઇએ.'

અનેકાર્થી શબ્દ: **નાયડી**-(પૈડાની) નાભિ; તાંત; કાગડું; સુતાર લાકડાના જે ઢીમચા ઉપર લાકડાં ઘડે છે તે.

કહેવતોના અર્થ: 'ઝાડ વંઠયું જે બગલું બેઠું.' ઝાડ પર એક પણ બગલાને બેસવાની જો ટેવ પડી તો તેને એ પોતાની ધોળીને દુર્ગંધ મારતી હગાર, માછલીના આહારના અવશેષ, ગંદા માળા વગેરેથી એવું તો ખરાબ કરી નાખે છે કે એ ઝાડનું પછી આવી જ બને છે. (કબૂતરનું પણ આવું જ છે.) આમ, કોઈ પણ કુટેવ, વ્યસન, ખરાબ સોબત, કુરિવાજ આદિનો પ્રવેશ થતો દેખાતાં અનિષ્ટની આગાહી સૂચવવા માટે આ કહેવત વપરાય છે. તેની છ ચરણની કવિતા આ મુજબ છે:

'ઝાડ વંઠયું જે બગલું બેઠું,
કાયા વંઠી જે કાળિયું[1] પેઠું;
કૂવો વંઠયો કબૂતર બેઠું,
ઘર વંઠયું જે ભૂતડું[2] પેઠું.
ઘર વંઠયું જે પાછળ છીંડી,
વહુ વંઠી જે પરથી હીંડી[3].'

(૧=અફીણ; ૨=ભૂતડુંને બદલે ભગતડું પણ કહેવાય છે; ૩=પારકાની સોબતે ચડી.)

સલ્ફ્યુરિક ઍસિડમાં કેસરની બે-ત્રણ પાંખડી નાખી જોવી. તે કાળી બનીને લાલ થઈ જાય તો જાણવું કે કેસર શુદ્ધ છે; વાદળી બની જાય તો બનાવટી.

પંખીઓનું અવનવું: તેતર સૌથી વધુ ઇંડાં મૂકે છે: કોઇકોઈ વાર તો પંદર. કોયલ કદિ પોતાનો માળો બાંધતી નથી! પૅંગ્વિન ઊભાંઊભાં જ ઇંડાં સેવે છે. સૌથીનાનાં ઈંડાં Golden Crested Wren મૂકે છે.

ગોપાલ: તારે ઉઘરાણીનું કામ કરવાનું છે એ તો બહુ અળખામણા થવાનો ધંધો.

ગણેશ: ના રે, હું તો જ્યાં જાઉં છું ત્યાં મને ફરી આવવાનું કહે છે.



વગાડવા માટે નકામી થઈ ગએલી ગ્રામોફોન રેકૉર્ડને ગ્યાસતેલથી ઘસીને ચળકતી કરી, તેની વચમાં એક સુંદર ગોળાકાર રંગીન ચિત્ર ચોડવું. પછી રેકૉર્ડના ઉપરના છેડા પર બે બારીક કાણાં પાડી દોરી બાંધી દેશો તો સુંદર ફ્રેમવાળી છબિ તૈયાર થશે. એ જ રીતે નીચે કાણાં પાડી કૅલેન્ડર લટકાવી શોભા વધારી શકાય. (પુરુષોત્તમ સંઘવી)



કલાકણિકા: પાન કે તેજાનાના આ ડબ્બા જેવું હૃદ્ય સુશોભનોવાળું આપણે ત્યાંનું મુરાદાબાદી કામ તો આજે પણ દેશપરદેશમાં ભારતની નામના ગાય છે.




અમરગઢથી ગોવિંદભાઇ પરમાર ધ્યાન ખેંચે છે કે પોસ્ટકાર્ડ પરની ત્રિમૂર્તિની ટિકિટ-છાપની કિંમતમાં, અંગ્રેજી અક્ષરો સાથે અંગ્રેજી અને નાગરી સાથે નાગરી અંક આવતો (જુઓ ડાબી બાજુ) તેને બદલે હવે બંને સ્થળે અંક અંગ્રેજીમાં જ આવે છે (જુઓ જમણી બાજુ) તે શું ભૂલ છે? તા; એ ભૂલ નથી. વિધાનસભાએ ભારતની રાષ્ટ્રલિપિ દેવનાગરી ઠરાવી તે સમયે અંક તો રોમન (અંગ્રેજી) જ રાખવા એમ ઠરાવેલું હોવાથી તેને અનુરૂપ આ ફેરફાર થયો છે.

ગણિતગમ્મત: ગમે તે બે અંકવાળી સંખ્યા લખો. તેને પડખે તેના બમણા લખો. અને તેને પડખે એ બમણી સંખ્યાના ત્રણ ગણા કરીને લખો. એમ કરતાં જે આવે એ રકમને ૭ વડે નિઃશેષ ભાગી શકશો. દા. ત. ૧૬,૩૨,૯૬. તેને ૭ વડે ભાગતાં શેષ નહિ વધે. પણ એમાં જો છેલ્લી રકમ બે ને બદલે ત્રણ આંકડાની થાય તો તેને આ રીતે ગોઠવવા. દા. ત. ૧૮, ૩૬ અને ૧૦૮. તેને આમ ગોઠવવા:

```
૧૮,૩૬
    ૧૦૮
૧૮૩૭૦૮
```

૧૮૩૭૦૮ આ સંખ્યાને ૭ વડે નિઃશેષ ભાગી શકાશે. (મૂ.જે.જોષી)



ગયે અંકે આપેલા બે ચોરસના કોયડાના જવાબની બે આકૃતિઓ

હુઆ તો વિવાહ (અનુસંધાન પૃષ્ઠ ૧૭૦ ઉપરથી)

છોટુ૦: હા, હા; એ જ—એ જ!

સ્નેહલ: એ તો ત્રિવેદી–પેલો જ વિનાયક ત્રિવેદી! એની વાત છે! હમણાં પકડી લાવું એને, જુઓ તો! આ કપડાં એ જ મારી રૂમ ઉપર મૂકીને મારાં જૂનાં કપડાંની પોટલીમાંનાં ખાદીનાં કપડાં પહેરીને આવ્યો હોવો જોઈએ. તોબા એનાથી! એવો ટીખળી છે કે ન પૂછો વાત! સુધાકરનો રૂમ-કૅમ્પેનિયન છે. આપ બેસો, હું હમણાં એને પકડી આણીને આપની માફી મંગાવું. (ઝડપથી ઊભો થાય છે.)

છોટુ૦: જરા ઊભા રહો; પણ તો પછી—(થેલીમાંથી ચોળાએલો કાગળ કાઢે છે. પણ તે અરસામાં તો સ્નેહલ ઝપાટાબંધ ચાલ્યો ગયો હોય છે.)—તો પછી આ સ્નેહલભાઈ કોણ?

[એટલામાં સુધાકર તપેલીમાં દહીં લઈને પ્રવેશે છે.]

સુધાકર: માફ કરશો છોટુકાકા! ઓહો, નભુભાઈ, આપ પણ આવ્યા છો ને? મારી ગેરહાજરીમાં આપને જરૂર તકલીફ પડી હશે; પણ આપના આવવાની ખબર મને છેક બપોરે બે વાગ્યે મોડી ટપાલમાં ફાધરનો—બાપાજીનો કાગળ આવ્યો ત્યારે પડી. આપ થાક્યાપાક્યા આવશો એમ ધારીને છાશ માટે હું દહીં લેવા રસોડે ગયો; પણ ત્યાં મળ્યું નહિ. એટલે આજુબાજુ તપાસ કરી; પણ ક્યાંયે મીઠું દહીં ન મળતાં શહેરમાં લેવા ગયો ને સહેજ મોડું થઈ ગયું. જાતે જ ગએલો એટલે—

છોટુ૦: અરેરે, બહુ તકલીફ પડી તમને, સુધાકરભાઈ. અહીં અમારા ઉપર પણ ખરી વીતી ગઈ.

સુધા૦: કેમ, કેમ? શું થયું? મારી ગેરહાજરીમાં મારા રૂમ-કમ્પૅનિયનને આપની સંભાળ રાખવાનું તો મેં કહ્યું જ હતું. પણ હૉસ્ટેલના વિદ્યાર્થીઓ એટલે અક્કલ બેજવાબદાર. પણ એ બદલ હું જ આપની માફી માગી લઉં. (દહીંમાં પાણી રેડવા જાય છે.)

નભુ૦: અરે અરે, એમાં પાણી ન રેડશો; અમારે છાશ નથી પીવી. એ દહીં હમણાં બીજા કામમાં લઈશું.

સુધા૦: શા?

નભુ૦: અમે જે કામ માટે આવ્યા'તા તે લગભગ પતી ગયું છે.

સુધા૦: પતી ગયું છે?! (હાથમાંથી ગ્લાસ પડી જાય છે.) એ બને જ કેવી રીતે? સ્નેહલ તો બીલકુલ બદલાઈ ગયો છે. એ તો સાવ–

નભુ૦: પણ અમારે હવે કોઈનું કામ નથી. અમારો તો ફેરો ફળ્યો અને બરાબર યોગ્ય પાત્ર મળી ગયું. અને એ ભાઇનું પણ મન પલળ્યું હોય એમ તો લાગે છે.

સુધા૦: પણ તમે કોની વાત કરો છો?

નભુ૦: તમારી કૉલેજના ટેનીસ સેક્રેટરીની.

સુધા૦: શું કહો છો? અરે એ જ તો એ... પણ એ તો તદ્દન અપ-ટુ-ડેઈટ બની ગયો છે.

છોટુ૦: એ કાંઇ મોટી મુશ્કેલી નથી.

સુધા૦: પણ ચંપાબેનને તો વ્રત છે ને?

નભુ૦: વ્રત ને બ્રત, કુંવારી છોકરીઓને એક જ સાચું વ્રત ગણાય અને તે કોઈ પણ સુપાત્ર પતિ મેળવવો તે.

છોટુ૦: અને તમારા આ ટેનીસ સેક્રેટરી લાગે છે તો સુપાત્ર.

[વિનાયકને હાથથી ખેંચીને સ્નેહલ લઈ આવે છે.]

સુધા૦: અરે અરે, આ શું વિનાયક? આ શો વેશ કાઢ્યો છે?

સ્નેહલ: એક નંબરનો ગિલિંડર છે તારો આ ત્રિવેદી. (વિનાયકને) ચાલ જોઉં, છોટુભાઇસાહેબની માફી માગ તો! (વિનાયક નીચું ઘાલીને ઊભો રહે છે.) એને માફ કરો, વડિલ.



નભુ૦: આજને શુભ પ્રસંગે હવે કોઈના ઉપર અમને રોષ નથી: જો તમારી બધી રીતે હા હોય તો, સેક્રેટરી સાહેબ. બોલો, હા છે ને?

સુધાકર: (આ સાંભળીને આભો જ બની જાય છે.) હેં? હેં!

સ્નેહલ: તાત્ત્વિક રીતે તો વાંધો નથી જાણે; પરંતુ મારી પણ એક બે શરતો છે.

નભુ૦: ચંપાબેને ખાદી પહેરવાનું છોડી દેવું, ને કૉલેજમાં દાખલ થવું એ જ ને? લો ભાઈ, એકને બદલે બે શરતો સ્વીકારી.

સ્નેહલ: તે ઉપરાંત મહત્ત્વની—

સુધાકર: તે શું તું તૈયાર છે, અલ્યા? પણ—

સ્નેહલ: (ફોટોગ્રાફ ઉપાડી લઈને) આ ફોટોગ્રાફ તેં જોયો? આપણી કૉલેજની એક પણ 'દેવી'ની આંખોમાં છે આ તેજ? દેહનું આ લાવણ્ય, આ—

છોટુ૦: આપણે, નભુભાઈ, જરા બહાર વરંડામાં ઊભા રહીએ!

નભુ૦: હા, છોટુભાઈ... (બંને જવા માંડે છે.)

સ્નેહલ: ઓહ! આઇ'મ સૉરી! હું ખરેખર દિલગીર છું, વડિલ; મારો અવિવેક માફ કરશો. (આછું હસતા બંને જાય છે) મેં ખૂબ ખરાબ છાપ પાડી, નહિ?

વિના૦: ગભરાઈશ નહિ, એ છાપ ગમે તેવી ગેરી હશે, પણ આ યોજના ઊંધી નહિ વળે. મારે પક્ષે મેં એ પાકું કર્યું છે.

સુધાકર: પણ સ્નેહલ, પછી પેલી દક્ષાનું શું?

વિના૦: ધીરે બોલ, મારા ભાઇ. એમ તો એનું શું ને પેલીનું શું, એમ કેટલીનું લિસ્ટ બોલી નાખીશ? કૉલેજનો ડૉન વાન ખરોને?—

સ્નેહલ: મારા બે અઢી વર્ષના અનુભવનું તારણ આ છે, સુધાકર, કે આ બધી દેવીઓમાંથી કોઇ પણ આપણને દેવ તરીકે સ્વીકારે તેમ નથી; કારણકે માત્ર 'નમણા' છોકરાઓની એમને જરૂર નથી.

સુધા૦: પણ દક્ષા તો આજે તને—

સ્ને૦: દક્ષા? દક્ષા તો ગઇ—

સુધા૦: ક્યાં?

સ્ને૦: એ બધું ન પૂછીશ સુધાકર. એણે મને... (અટકે છે.)

સુધા૦: એણે તને—શું?

સ્ને૦: કેટકેટલી ઑફરો મેં એને ખાતર જતી કરી હતી તે તો

તું જાણે છે. વિનીતા અને સુમુખી તો મારી પાછળ ગાંડી હતી, પણ દક્ષા પ્રત્યે મારું દિલ વહી ચૂક્યું હતું ને હું માનતો કે એ મને, મને જ,—એમ માનવાને મારી પાસે સબળ કારણ હતું. અમે પરસ્પર વચનથી બંધાયાં હતાં. પણ એ બધાં વચનો પોકળ નીકળ્યાં.

સુધા૦: પણ એવું તે આજે ને આજે શું બની ગયું?

સ્નેહ૦: હમણાં રશ્મિકાન્ત એને મોટરમાં લિફ્ટ આપતો હતો. ત્યારે હું એને બિચારો સમજી હસી કાઢતો હતો. દક્ષા પ્રત્યેના મારા સ્નેહે મને વિશ્વાસુ અને ખેલદિલ બનાવ્યો હતો તેથી. પણ મને ખબર નહિ કે મારી પાછળ એ બંને જણાએ એક પ્રકરણ આટોપી લીધું છે.

સુધા૦: શાનું પ્રકરણ?

સ્નેહ૦: ટેનીસ કોર્ટ પર હું અહીંથી ખુશમિજાજમાં ગયો; અને દક્ષાને રમવામાં સાથ આપવા કહ્યું ત્યારે--

વિના૦: ત્યારે—?

સ્નેહ૦: ત્યારે એણે કહ્યું, 'સ્નેહલ, તારે મને અભિનંદન આપવાં જોઇએ. મારી અને રશ્મિકાન્તની આજે સગાઈ થઇ—'

સુધા૦: તારે મોઢે જ એ કહેવાની એની—?

સ્નેહ૦: અને જાણે બાકી રહી ગયું હોય એમ રશ્મિકાન્તે પૂરું કર્યું: 'આવતા ઑગસ્ટમાં અમે બંને સાથે વિલાયત જઇએ છીએ: ત્યાં સ્કુલ ઑાવ ઇકનૉમિક્સમાં દાખલ થવાનું નક્કી કર્યું છે.'

સુધા૦: એમ? એમ? પૈસાનું એટલું બધું?......પણ દોસ્ત, સ્નેહલ, મારું માનીશ? તું ખરેખર બહુ ખુશનસીબ છે.

સ્નેહ૦: કેવી રીતે?

સુધા૦: છોટુભાઈ આમ બરછટ લાગે છે, પણ ચંપાને તેં ક્યાં નથી જોઈ? તે દિવસે યાદ છે, મારે ત્યાં તું આવેલો ત્યારે પડોશની બારીએ—?

સ્નેહ૦: અરે હા-હા! યાદ આવી ગયું હવે! ફોટો જોઇને તરત મને લાગેલું કે આ આંખો પરિચિત છે. એમ? તો એ જ આ ચંપા?

સુધા૦: હા ભાઈ, એ જ. ને ઉપરાંત ખૂબ સંસ્કારી ને સમજુ છે.

વિના૦: ભાઇ સ્નેહલ, સાત્ત્વિક સૌંદર્ય અને સંસ્કારિતાની સૌરભ આગળ દક્ષા ફક્ષા પાણી ભરે, હોં—

સ્નેહ૦: હા, એ બરાબર છે; તો તો પછી, સુધાકર, એમને કહે કે મને વાંધો નથી.

સુધા૦: (બારણા તરફ જતો ધાંટો પાડતો) અરે નભુભાઇ, છોટુકાકા—

નભુ૦: (પ્રવેશ કરતાં) કેમ? બેન પસંદ છે ને? એવી ચબરાક છોકરી છે! વિલાયતમાં જન્મી હોત તો તો એની પૂરી કદર થાત.

વિના૦: વિલાયતમાં ભલે જન્મ્યાં નથી, પણ હજી શું બગડી ગયું છે? એમને અને અમારા સ્નેહલભાઇને સાથે જ ત્યાં મોકલી—

છોટુ૦: સ્નેહલભાઇને?!

નભુ૦: શું? આ જ સ્નેહલભાઈ? ઓ પ્રભુ! શી તારી લીલા છે!

વિના૦: કેમ? તે તમે અત્યાર સુધી વાતો કોની સાથે કરી ત્યારે? એ જ તો સ્નેહલ પરીખ. તમે એમને જ મળવા આવ્યા'તા ને?

સ્નેહલ: મને મળવા આવ્યા હતા? અને તું મને કહેતો પણ નથી, સુધાકર? શી વાત છે આ? બોલ!

સુધા૦: (ગરીબડો બની જતાં) મારો કોઈ વાંક નથી, મને માફ કરશો. છોટુકાકા તો ખાદીધારી સ્નેહલને જોવા માટે આવ્યા હતા. અમારે તને હાજર કરવો શી રીતે? છોટુકાકા, આ અમારા ટેનીસ સેક્રેટરી પહેલાં તો નરી ખાદી જ પહેરતા અને દેશસેવાની ધગશ પણ ખરેખરની હતી, એમની.

છોટુ૦: એ બધું એમણે તો અમને કહેલું, પણ અમે માન્યું નહિ.

સુધા૦: ફાધરને–આઇ મીન બાપાજીને તો ત્રણેક વરસ પહેલાંનો જ ખ્યાલ રહી ગએલો, એટલે ચંપાબેનના વ્રતને લાયક પાત્ર ગણીને એમણે આ ભલામણ કરી હશે.

છોટુ૦: ઓ-હો! ત્યારે તમે જ સ્નેહલભાઇ, ખરું? બળ્યું એ તમારું—અરે, ભલું એ તમારું નામ!

સુધા૦: સ્નેહલભાઈ તો એ જ; પણ પરિવર્તન પામેલા.

નભુ૦: આખા સંસારનું જ પળેપળે પરિવર્તન થાય છે ને! વાહ પ્રભુ, તું ખરેખર દયાળુ છે! ચાલો જુગતે જોડી મળી.

સુધા૦: તો છોટુકાકા, મને માફ કરશો ને?

છોટુ૦: (કૃત્રિમ અવાજે) દીકરીનો બાપ છું, એટલે જાઓ, માફ કરું છું. બાકી તો—

વિના૦: અને જુઓ છોટુકાકા, સ્નેહલ તો અમારી કૉલેજનું રતન છે, રતન! વિનીતા લક્ષ્મીકાન્ત કરીને એક વિદ્યાર્થિનીએ તો એમનો હાથ મેળવવા માટે કેટલાં યે નખરાં કર્યાં. લક્ષ્મીકાન્ત શેઠ ઓળખ્યા ને? રાધાકિશન ટેક્સ્ટાઇલના માલિક?

નભુ૦: એ તો ખૂબ જાણીતા છે;—કરોડપતિ હશે.

વિના૦: હા તે જ. એ તો સ્નેહલને જોઇને જ ખુશ થઇ ગએલા અને લગન પછી સ્નેહલને ને એને બંનેને વિલાયત મોકલવા માટેની–

સ્નેહ૦: વિનાયક!

છોટુ૦: બધું થઇ રહેશે બેળેબેળે. પણ પહેલાં વિવાહ જાહેર થાય;—પછી લગન;—ને લગન પછી—

નભુ૦: અરે વિવાહ તો આ હમણાં જ. લાવો સુધાકરભાઈ, ખાંડ નાખીને પેલું દહીં બધાને ચખાડો તો. અને કંકુ તો હું ખિસામાં લઇને જ આવ્યો છું.

વિના૦: એટલાથી નહિ ચાલે ભાઈશ્રી આખી હોસ્ટેલને ગળ્યું મોં કરાવવું પડશે.

સ્નેહલ: અરે એમાં શું, ત્રિવેદી? લે આ દસ રૂપિયાની નોટ અને મંગાવ પેંડા. (નોટ કાઢે છે.)

છોટુ૦: અરે, આપ શા માટે તકલીફ લો છો. આપને કાંઈ પૈસા કાઢવાના હોય? (ખિસામાંથી નોટો કાઢે છે.)

સુધાકર: 'આપ?'—'આપ' શું?!

સ્નેહલ: હા, હવે એ સર્વનામ સામે મને વાંધો નથી!

નભુ૦: (કંકુનું પડીકું કાઢીને) લ્યો, કરો ત્યારે કંકુના—આજે શનિવાર, ચોકણો વાર છે.

[પડદો]

મનુ: (તરતાં શીખતાં) જો, હવે માથું પાણીની ઉપર રહી શકે છે.

કનુ: એમાં શું? જેમાં ભૂસું ભર્યું હોય એ પાણીઉપર રહીજ શકે.

~

મોહન: તેણે તારી મોટર, ઘડિયાળ ને પૈસાનું પાકીટ બધું જ લૂંટી લીધું? પણ તું તો તારી પાસે રીવૉલ્વર રાખતો હતો ને?

મદન: હા, પણ સદ્ભાગ્યે મેં તે મહામહેનતે સંતાડી દીધી.

~

'કેટલું દિલચસ્પ ચિત્ર છે! એના રંગો તો એટલા ભભકદાર છે કે જાણે એ રંગ મારે ઘેર લઈ જાઉં એમ મને થાય છે!'

'તદ્દન શક્ય છે સાહેબ. આપ મારી રંગપાટી ઉપર જ બેઠા છો!'

~

પહેલો મુસાફર: અરે નાસ, પેલો ગોધો આપણી પાછળ પડ્યો!

બીજો: પણ એમાં આટલો ગભરાય છે શાનો? મને જરા આ ઝાડ પર ચડી જવામાં ટેકો તો આપ!



ભાત

ચિત્રકાર · ચંદ્રશ્વર શુક્લ